# Educational Research Monograph

# શૈક્ષણિક સંશોધન મોનોગ્રાફ

## (2020-22)




હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

સંલગ્ન

શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

NAAC-“B” ગ્રેડ　　　　　　　　કોલેજ કોડ:-280

राष्ट्रीय मूल्यांकन एवं प्रत्यायन परिषद

विश्वविद्यालय अनुदान आयोग का स्वायत्त संस्थान

NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL

*An Autonomous Institution of the University Grants Commission*

# Certificate of Accreditation

The Executive Committee of the
National Assessment and Accreditation Council
on the recommendation of the duly appointed
Peer Team is pleased to declare the
Matrushree S. S. Govinda and Shrimati
R. K. D. Khanushiya College of Education
Palanpur, Dist. Banaskantha,
affiliated to Hemchandracharya North Gujarat University, Gujarat as
Accredited
with CGPA of 2.16 on four point scale
at B grade
valid up to April 30, 2020

Date : May 01, 2015

Director

# EDUCATIONAL RESEARCH MONOGRAPH

(2020-22)


Chief Editor:

Dr. Pinakshiben B. Patel (Prof. & Head)

Sub Editors:

Shri. Piyushkumar K. Pancholi (Asst. Prof)
Shri Jayantibhai V. Patel (Asst. Prof)
Dr. Jyotsanaben L. Barad (Asst. Prof)
Smt. Tanushree S. Bhargava (Asst. Prof)



SMT. R.K.D. KHANUSHIYA M.ED. COLLEGE, PALANPUR

AFFILIATED WITH

HEMCHANDRA ACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

MANAGED BY

SHRI BANASKANTHA KADVA PATIDAR SANSKAR MANDAL, PALANPUR

Copyright @ RKDMED

**Composed By:**
Smt. R.K.D. Khanushiya M.Ed. College,
Karnavat School Campus,
Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)

**Printer:**
Network Print
1, Old Market Yard,
Palanpur-385001
M: 9426004741

**Publisher:**
Shri BKKPSM TRUST,
Karnavat School Campus,
Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)

**Edition: First (October, 2022)**

**ISBN NO: 978-93-5701-179-2**

Price: Rs. 370/-



# આચાર્યશ્રીનું આવકાર નિવેદન

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત એમ.એડ્ વિભાગ દ્વારા **શૈક્ષણિક સંશોધનોના સારાંશ (2020-2022)**નું અત્યંત મૂલ્યવાન પ્રકાશન થવા જઈ રહ્યું છે. જે અત્યંત પ્રસન્નતા અને ગૌરવપૂર્ણ બાબત છે. આ મુજબના શૈક્ષણિક પ્રકાશન માટે સતત કાર્યરત અને જાગૃત એમ.એડ્ વિભાગનો પરિવાર વિશેષ અભિનંદનને પાત્ર છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં શિક્ષણ વિદ્યાશાખાનું સ્થાન કેન્દ્રનું છે. આ વિદ્યાશાખાના માધ્યમથી સંશોધનાત્મક પદ્ધતિઓ, અભિગમ, તેના વિવિધ આયામો, આંતર વિદ્યાશાખાકીય સંબંધો વગેરેથી માંડીને સંશોધનના વિવિધ ક્ષેત્રોના વિશાળ વ્યાપ પર ઝીણવટભર્યું અને અભ્યાસપૂર્ણ સંશોધન તથા તેના ફળ સ્વરૂપ તારણ એ માત્ર એક જ વિદ્યાશાખાને નહીં પરંતુ શૈક્ષણિક ક્ષેત્રોની અનેક વિદ્યાશાખા માટે ઉપયોગી બની શકે તે સ્વાભાવિક છે.

એમ.એડ્. વિભાગની 12 વર્ષની અવિરત સંશોધન યાત્રા અંતર્ગત 7 વર્ષના એક વર્ષીય અભ્યાસક્રમમાં 195 શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના લઘુશોધ નિબંધો અને 6 વર્ષના દ્વિ-વર્ષીય અભ્યાસક્રમમાં 198 શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના લઘુશોધ નિબંધો થઈ ચૂક્યા છે, જે પૈકી વર્ષ 2020-2022માં તૈયાર થયેલા લઘુશોધ નિબંધોના સમગ્રતયા વિશ્લેષણાત્મક અભિગમ સાથે તેમજ એમ.એડ્ કોલેજના તાલીમાર્થીઓના હસ્તે સૌ પ્રથમવાર જે સારાંશ તૈયાર કરવામાં આવેલ છે તેનું પ્રકાશન થવા જઈ રહ્યું છે. તે માત્ર એમ.એડ્. વિભાગ માટે જ નહીં પરંતુ સમગ્ર સંસ્થા માટે સીમાચિહ્ન રૂપ ઘટના છે. સંશોધનાત્મક ક્ષેત્રની ગૌરવગાથાની રચના અને તેના પ્રત્યક્ષીકરણ માટે એમ.એડ્ કોલેજના બધા જ અધ્યાપકો અને આ કાર્યમાં જોડાયેલ તાલીમાર્થીઓ અભિનંદનને પાત્ર છે. આ ભગીરથ કાર્ય માટે તે તમામને સવિશેષ ધન્યવાદ પાઠવું છું.

સમગ્ર પ્રકલ્પની સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ.

ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ
પ્રોફેસર એન્ડ હેડ
શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા. એમ.એડ્ કોલેજ
પાલનપુર



## <u>પ્રમુખશ્રીનો સંદેશ</u>

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજના અધ્યાપકો અને ચાર પ્રશિક્ષણાર્થીઓ દ્વારા સંપાદિત "**શૈક્ષણિક સંશોધનોનો સારાંશ (2020-2022)**" નામક પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે તે જાણીને ગૌરવ અનુભવું છું.

એમ.એડ્ વિભાગના અધ્યાપકો અધ્યાપન ઉપરાંત અધ્યયનના પરિપાક સ્વરૂપે થયેલા સંશોધનોને સમાજ ઉપયોગી બનાવવા માટે જે પ્રયાસ કરી રહ્યા છે તે ખુબ જ સરાહનીય છે. વર્તમાન સમયમાં જ્યારે શિક્ષા ક્ષેત્રનો વ્યાપ વધતો જાય છે ત્યારે તેના નવા આયામ તરફ પણ લક્ષ્ય આપવું જરૂરી છે. શિક્ષણ પદ્ધતિમાં નવી તકનીકી સંરચનાઓ અને શિક્ષણ દરમિયાન લેવાનારી પરીક્ષા અને મૂલ્યાંકન જેવી બાબતો સમયાંતરે પરિવર્તન માગે છે પરંતુ આ પરિવર્તન પણ ભારતીય તત્વજ્ઞાનના મૂલાધાર અને ભારતીય સામાજિક મનોવિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં હોવું ઘટે.

મને એ વાતનો આનંદ છે કે એમ.એડ્ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. પિનાક્ષીબેન પટેલ અને અધ્યાપક મિત્રો સર્વશ્રી શ્રી પિયુષકુમાર પંચોલી, શ્રી જયંતીભાઈ પટેલ, ડૉ. જ્યોત્સનાબેન બારડ અને શ્રી તનુશ્રી ભાર્ગવા જેવા પરિવર્તનના પ્રહરી અને એટલા જ સંશોધન ઉત્સુક તાલીમાર્થી રાવલ હર્ષવર્ધન, મેવાડા શીતલબેન, મોદી દિવ્યાબેન અને દવે આસ્થા આ ભગીરથ કાર્યમાં સહયોગી બન્યા છે. મને લાગે છે કે સંશોધન એ માત્ર ઉપાધિ મેળવવાનો ઉપક્રમ નથી પરંતુ તે રાજ્યના શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસના ઘડતરમાં ઉપયોગી બને તો જ શિક્ષણ સંસ્થાનું ખરું પ્રદાન ગણાય.

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળના પ્રમુખ તરીકે આ પ્રયાસને બિરદાવતાં મને હર્ષની લાગણી અનુભવાય છે અને સમગ્ર મંડળ આ કાર્યને કારણે વધુ પ્રતિષ્ઠિત થશે તેવી મને ખાતરી છે. આ પ્રકાશનના સર્વ યશભાગી વ્યક્તિઓને અભિનંદન અને શુભેચ્છા.

શ્રી ઇશ્વરભાઇ એ. કરણાવત
પ્રમુખ
શ્રી બ.કાં.ક.પા.સંસ્કાર મંડળ,પાલનપુર

# <u>સંપાદકીય</u>

શિક્ષણ, સંશોધન, માર્ગદર્શન અને વિસ્તરણ એ અનુસ્નાતક શિક્ષણ કક્ષાએ અધ્યયન-અધ્યાપન માટેનાં મુખ્ય ચાર ધ્રુવ છે. જેમાથી માર્ગદર્શન અને વિસ્તરણ એ એમ.એડ્નાં 2 વર્ષનાં સંશોધન આધારિત લઘુશોધ નિબંધ માટે અનિવાર્ય બની રહે છે.

સંશોધનો હાથ ધરાય, તેનાં અહેવાલો લખાય, તાલીમાર્થીઓ ડિગ્રી મેળવી લે અને અહેવાલો ગ્રંથાલયનાં કબાટમાં કેદ થઇ જાય તેનાથી ભાવિ તાલીમાર્થીઓને કંઇ જ ફાયદો ન થાય. આથી, એમ.એડ્. વિભાગનાં અધ્યાપકો અને કેટલાંક તાલીમાર્થીઓએ વિચાર કર્યો કે ચાલુ વર્ષ એટલે કે વર્ષ 2020-2022 નાં તાલીમાર્થીઓ દ્વારા હાથ ધરાયેલાં અમુલ્ય સંશોધનો ગ્રંથાલયનાં કબાટોમાં પુરાઇ જાય એ પહેલાં તેના સાચા ઉપભોક્તા- શિક્ષકો અને ભાવિ સંશોધકો સુધી સરળતાથી પહોંચે તેવું કંઇક કરવું જોઇએ.

આ કંઇક નવું કરવાના સદ્-વિચારથી પ્રેરાઇને સંપાદક સમિતિએ વર્ષ-2020-2022 દરમિયાન પૂર્ણ કરેલ તમામ સંશોધન સારાંશોને એક પુસ્તક રૂપે "**શૈક્ષણિક સંશોધનોનો સારાંશ (2020-2022)**" શીર્ષક હેઠળ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. આ પુસ્તકમાં વર્ષ 2020-2022માં હાથ ધરાયેલા તમામ સંશોધનોને કુલ 12 સંશોધન ક્ષેત્રોમાં વર્ગીકૃત કરી દરેકને એક પ્રકરણ સ્વરૂપે રજૂ કર્યા છે. જેમાં સંશોધન સારાંશની સાથે તેના ટૂંકસારનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ભગીરથ કાર્યને પાર પાડવામાં નિષ્ણાત, કાર્યક્ષમ અને મહેનતું એવા એમ.એડ્ વિભાગના તમામ અધ્યાપક મિત્રો અને સંપાદન સમિતિમાં સમાવિષ્ટ તાલીમાર્થીઓનો ફાળો અનન્ય રહ્યો છે.

આ પુસ્તકના પ્રકાશન કાર્યમાં જરૂરી પ્રોત્સાહન અને મંજૂરી આપવા માટે શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજના આદરણીય પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડૉ. પિનાક્ષીબેન પટેલનાં ઋણી છીએ. સન્માનનીય પ્રમુખ શ્રી ઇશ્વરભાઇ કર્ણાવતના આભારી છીએ.

**શ્રી પિયુષકુમાર પંચોલી**
**સંપાદક સમિતિ વતી**
**શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,**
**પાલનપુર**

**તારીખ:- 15 જુલાઈ 2022**
**સ્થળ: પાલનપુર**

# અનુક્રમણિકા

**એમ.એડ્. વિભાગમાં 2020-2022 દરમ્યાન હાથ ધરાયેલાં સંશોધનોનો સમીક્ષાત્મક પરિચય**


| પ્રકરણ | સંશોધન ક્ષેત્ર | પેજ નંબર |
|---|---|---|
| **પ્રકરણ-1** | શિક્ષણનું મનોવિજ્ઞાન | 04 |
| **પ્રકરણ-2** | વિજ્ઞાન શિક્ષણ | 15 |
| **પ્રકરણ-3** | ભાષા શિક્ષણ | 25 |
| **પ્રકરણ-4** | ગણિત શિક્ષણ | 30 |
| **પ્રકરણ-5** | પર્યાવરણ શિક્ષણ | 35 |
| **પ્રકરણ-6** | શૈક્ષણિક ટેક્નોલોજી | 41 |
| **પ્રકરણ-7** | તુલનાત્મક શિક્ષણ | 47 |
| **પ્રકરણ-8** | શિક્ષણનું સમાજશાસ્ત્ર | 53 |
| **પ્રકરણ-9** | માધ્યમિક શિક્ષણ | 59 |
| **પ્રકરણ-10** | શિક્ષણનું તત્વજ્ઞાન | 63 |
| **પ્રકરણ-11** | ઉચ્ચ શિક્ષણ | 65 |
| **પ્રકરણ-12** | શિક્ષણનિતિ અને વ્યવસ્થાપન ક્ષેત્રોનું સર્વગ્રાહી શિક્ષણ શાસ્ત્ર | 68 |
| **પરિશિષ્ટ** | સંપાદક મંડળ | - |

## સમીક્ષાત્મક પરિચય

શ્રીમતી રેવાબેન કરસનભાઇ દેવાભાઇ ખણુંસિયા એમ.એડ્. કોલેજ પાલનપુરની સ્થાપના 2008માં થઇ ત્યારથી 2015 સુધીનાં એકવર્ષીય અભ્યાસક્રમમાં 195 શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના લઘુશોધ નિબંધો અને 2015 થી 2022 સુધીનાં દ્વિ-વર્ષીય અભ્યાસક્રમમાં 198 શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના લઘુશોધ નિબંધો થઈ ચૂક્યા છે. જે પૈકી અહીં વર્ષ 2020-2022 માં હાથ ધરાયેલાં 46 લઘુશોધ નિબંધોનો જ સમાવેશ કરાયો છે.

**સંશોધન ક્ષેત્રો અનુસાર હાથ ધરાયેલાં સંશોધનો:-**

**N.C.E.R.T.** દ્વારા પ્રકાશિત **– Fifth Survey of Educational Research Volume 1 & Sixth Survey of Educational Research (1993-2000) Volume-2** માં કુલ 39 સંશોધન ક્ષેત્રો દર્શાવ્યાં છે. એમ.એડ્. વિભાગ દ્વારા વર્ષ- 2020-2022 દરમ્યાન કુલ 12 સંશોધનક્ષેત્રો આવરવામાં આવ્યા છે.

**સંશોધનક્ષેત્ર અનુસાર હાથ ધરાયેલા સંશોધનોનું વર્ગીકરણ સારણી-1માં દર્શાવ્યું છે.**

**સારણી-1**

**સંશોધન ક્ષેત્રો અનુસાર હાથ ધરાયેલાં સંશોધનો**

| ક્રમ | સંશોધન ક્ષેત્ર | સંશોધનોની સંખ્યા |
|---|---|---|
| 1 | શિક્ષણનું મનોવિજ્ઞાન | 08 |
| 2 | વિજ્ઞાન શિક્ષણ | 06 |
| 3 | ભાષા શિક્ષણ | 04 |
| 4 | ગણિત શિક્ષણ | 04 |
| 5 | પર્યાવરણ શિક્ષણ | 04 |
| 6 | શૈક્ષણિક ટેક્નોલોજી | 04 |
| 7 | તુલનાત્મક શિક્ષણ | 04 |
| 8 | શિક્ષણનું સમાજશાસ્ત્ર | 04 |
| 9 | માધ્યમિક શિક્ષણ | 03 |
| 10 | શિક્ષણનું તત્વજ્ઞાન | 02 |
| 11 | ઉચ્ચ શિક્ષણ | 02 |
| 12 | શિક્ષણનિતિ અને વ્યવસ્થાપન ક્ષેત્રોનું સર્વગ્રાહી શિક્ષણ શાસ્ત્ર | 01 |
| કુલ | | 46 |

# <u>સંશોધન સારાંશો</u>

## પ્રકરણ-1: શિક્ષણનું મનોવિજ્ઞાન

<u>**સંશોધન સારાંશ 1**</u>

**સંશોધકનું નામ** :- બારોટ દક્ષાબેન કે.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી પી.કે.પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના અનુકૂલનનો અભ્યાસ

A Study of Adjustment of Secondary School Students of Palanpur Taluka

**સંશોધન ક્ષેત્ર** :- શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ** :-

- પ્રમાણિત અનુકૂલન કસોટીઓનો અભ્યાસ કરી કોઈ એક કસોટીની પસંદગી કરવી.
- જાતિયતાની દ્રષ્ટિએ વિદ્યાર્થીઓના અનુકૂલનના પ્રશ્નોની તુલના કરવી.
- વિસ્તારની દ્રષ્ટિએ વિદ્યાર્થીઓના અનુકૂલનના પ્રશ્નોની તુલના કરવી.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભે તેમના અનુકૂલનના પ્રશ્નોની તુલના કરવી.

**ઉત્કલ્પનાઓ** :-

- ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના અનુકૂલનના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ –** જાતિ, શાળા અને વિસ્તાર
- **પરતંત્ર ચલ –** અનુકૂલન

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ** :- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરાયો હતો.

**વ્યાપવિશ્વ** :- બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ.

**નમૂનો** :- પાલનપુર તાલુકાની આઠ ગ્રામ્ય અને આઠ શહેરી વિસ્તારની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના કુલ 276 વિદ્યાર્થીઓ યાદચ્છીક નમૂના પસંદગી પદ્ધતિથી કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- ઉપકરણ તરીકે શ્રી કે. જી. દેસાઈ રચિત અનુકૂલન સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- **સરાસરી, પ્રમાણ વિચલન અને** ટી-કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ.

**સંશોધનના તારણો** :-

- અનુકૂલનના પ્રશ્નોની બાબતમાં જાતીયતા અસર કર્તા પરિબળ નથી.
- અનુકૂલનના પ્રશ્નોની બાબતમાં વિસ્તાર અસર કરતા પરિબળ નથી.
- ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં વિદ્યાર્થીઓના અનુકૂલનના પ્રશ્નોમાં તફાવત રહેલો છે.

**સંશોધન ફલિતાર્થ** :-

અનુકૂલનના પ્રશ્નોની બાબતમાં વિસ્તાર અસર કર્તા પરિબળ નથી અને ગ્રામીણ તથા શહેરી વિસ્તારમાં વિદ્યાર્થીઓના અનુકૂળતાના પ્રશ્નોમાં તફાવત છે.

**ઉપસંહાર** :-

સંશોધકે માત્ર એક જ મુદ્દા પર અભ્યાસ કર્યો હતો જેના પરિણામો વ્યાજબી ઠરે છે. આ જ રીતે અલગ અલગ પરિસ્થિતિમાં અનુકૂલનની સમસ્યા જાણી શકાય. સંશોધકે એકત્ર કરેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરી તારણો તારવવા માટે જે ઉત્કલ્પના આપી હતી તે વ્યાજબી ઠરે છે. ઉપરાંત આ સંશોધનમાં ભાવિ સંશોધન માટેના સૂચનો કરવામાં આવ્યા છે જે સૂચનો ભાવિ સંશોધનને અવકાશ માટે માર્ગ નક્કી કરે છે.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત સંશોધન માટે અભ્યાસકે અલગ-અલગ પરિસ્થિતિમાં અનુકૂલનની સમસ્યા જાણી શકાય તે અંગે અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસનું સંશોધન ક્ષેત્ર શૈક્ષણિક મનોવિજ્ઞાન અને માધ્યમિક શિક્ષણ છે. સંશોધન માટે ઉપકરણ તરીકે શ્રી કે. જી દેસાઈની અનુકૂલન સંશોધનિકાનો ઉપયોગ કરી માહિતી એકત્રીત કરવામાં આવી હતી અને તેનું ટી ગુણોત્તરની મદદથી પૃથક્કરણ કરી તારણો તારવવામાં આવ્યા હતા. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે જાણ્યું હતું કે અનુકૂલનના પ્રશ્નોની બાબતમાં જાતીયતા અને વિસ્તાર અસર કર્તા પરિબળ નથી. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીના અનુકૂલનના પ્રશ્નોમાં પણ તફાવત રહેલો છે.

**ચાવીરૂપ શબ્દો** :- અનુકૂલન, માધ્યમિક શાળા

**<u>સંશોધન સારાંશ 2</u>**

**સંશોધકનું નામ** :- સોલંકી શ્રદ્ધાબેન આર.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. પી.બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ધોરણ 8ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વિદ્યાર્થીઓને માટે સ્મૃતિ વિકાસ કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા

Construction and Effectiveness of Memory Devlopment Programme For Std. 8 Science and Technology Subject Students.

**સંશોધન ક્ષેત્ર** :- શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ8ના વિદ્યાર્થીઓ માટે સ્મૃતિ વિકાસ કાર્યક્રમની સંરચના કરવી.
- કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે સ્મૃતિ કસોટીની રચના કરવી.
- સ્મૃતિ વિકાસ કાર્યક્રમની સ્મૃતિ વિકાસના સંદર્ભમાં અસરકારકતા તપાસવી.
- સ્મૃતિ વિકાસ કાર્યક્રમ અંગે અભિપ્રાય મેળવવા અભિપ્રાયાવલીની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પના** :-

- સ્મૃતિ વિકાસ કાર્યક્રમના પ્રાપ્તાંકોની વિવિધ ચલો પરની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીએ સ્મૃતિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- કન્યા અને કુમાર દ્વારા ઉત્તર કસોટી પર મેળવેલ પ્રાપ્તંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - સ્મૃતિ વિકાસ કાર્યક્રમ
- **પરિવર્તક ચલ** - વિસ્તાર,જાતિ, જન્મ ક્રમ, શિક્ષણ પ્રવાહ
- **પરતંત્ર ચલ** - વિદ્યાર્થીઓની સ્મૃતિ

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- બનાસકાંઠા જિલ્લામાં આવેલ ડીસા તાલુકાની ગુજરાતી માધ્યમની શાળાઓ

**નમૂનો** :- ઝુમખા પદ્ધતિથી પસંદ કરેલ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાની શાળા ઈન્દીરાનગર પ્રાથમિક શાળા અને આદર્શ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ (150 વિદ્યાર્થીઓ) પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સ્મૃતિ વિકાસ કસોટી અને અભિપ્રાયવલીની રચના કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- ટી મૂલ્યની ગણતરી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો** :-

- સ્મૃતિ વિકાસ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.
- સ્મૃતિ વિકાસ કાર્યક્રમ પર વિસ્તાર અસરકર્તા પરિબળ ન હતું.

- શહેરી વિસ્તારમાં સ્મૃતિ વિકાસ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.
- સ્મૃતિ વિકાસ કાર્યક્રમની અસરકારકતા પર વિદ્યાર્થીઓના શિક્ષણનો પ્રવાહ અસરકર્તા પરિબળ હતું.

**સંશોધનના ફલિતાર્થ** :-

સ્મૃતિ વિકાસ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને પડતી પરીક્ષા સંબધિત મુશ્કેલીઓનો અભ્યાસ કરી શકાય છે. સ્મૃતિ વિકાસ ટેકનીક શીખવતી તાલીમમાં શિક્ષકોએ ભાગ લેવો જોઈએ તેમ જ તેના ઉપયોગ અંગે તાલીમ મેળવવી જોઇએ.

**ઉપસંહાર** :-

આ પ્રકારના અભ્યાસથી વિદ્યાર્થીઓની જ્ઞાન ધારણ કરવાની ક્ષમતા વધારી શકાય છે. આ લઘુશોધ નિબંધ શિક્ષણ અને મનોવિજ્ઞાન સાથે સંકળાયેલ વ્યક્તિઓ માટે માર્ગદર્શન પૂર્ણ અને ઉપયોગી બની રહેશે.

**<u>સારાંશ</u>**

અભ્યાસક દ્વારા ધોરણ ૭ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના વિદ્યાર્થીઓ માટે સ્મૃતિ વિકાસ કાર્યક્રમની અસરકારકતા વિષય પર અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં સ્મૃતિ વિકાસ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. શહેરી વિસ્તારમાં સ્મૃતિ વિકાસ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. સ્મૃતિ વિકાસ કાર્યક્રમની અસરકારકતા પર વિસ્તાર અસરકર્તા પરિબળ ન હતું પરંતુ વિદ્યાર્થીઓના શિક્ષણનો પ્રવાહ અસરકર્તા પરિબળ હતું. સ્મૃતિ વિકાસ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને પડતી પરીક્ષા સંબંધિત મુશ્કેલીઓનો અભ્યાસ કરી શકાય છે. સ્મૃતિ વિકાસ ટેકનીક શીખવતી તાલીમમાં શિક્ષકોએ ભાગ લેવો જોઈએ તેમ જ તેના ઉપયોગ અંગે તાલીમ મેળવવી જોઇએ. આ પ્રકારના અભ્યાસથી વિદ્યાર્થીઓની જ્ઞાન ધારણ કરવાની ક્ષમતા વધારી શકાય છે. આ લઘુશોધ નિબંધ શિક્ષણ અને મનોવિજ્ઞાન સાથે સંકળાયેલ વ્યક્તિઓ માટે માર્ગદર્શન પૂર્ણ અને ઉપયોગી બની રહેશે. પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પ્રકારનું હતું. ઉપકરણ તરીકે સ્વ-રચિત સ્મૃતિ કસોટી અને અભિપ્રાયાવલિ તૈયાર કરવામાં આવી હતી અને અંકશાસ્ત્ર પ્રયુક્તિ તરીકે ટી મૂલ્યનો ઉપયોગ કરીને પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. આમ, સ્મૃતિ વિકાસ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો** :- શહેર, ધોરણ–૭, વિદ્યાર્થી, સ્મૃતિ, સ્મૃતિ વિકાસ કાર્યક્રમ, અસરકારકતા

**<u>સંશોધન સારાંશ 3</u>**

**સંશોધકનું નામ** :- સાધુ બ્રિટાબેન આર.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. સી.એમ. ત્રિવેદી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- TET અને TAT પરીક્ષા અંગે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

A Study of the Opinions of Teachers Regarding TET and TAT.

**સંશોધન ક્ષેત્ર** :- શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ** :-

- TET અને TAT પરીક્ષાથી શિક્ષણમાં થનાર ફેરફાર અંગે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
- શૈક્ષણિક ગુણવત્તા પર થનારી અસર અંગે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
- ગુણવત્તાસભર શિક્ષકોની નિમણૂક સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
- TET અને TAT પરીક્ષા અંગે મુક્ત જવાબી પ્રશ્નાવલિને આધારે શિક્ષકોના સૂચનો મેળવવા.

**અભ્યાસનાં પ્રશ્નો** :-

- TET અને TAT પરીક્ષાથી શિક્ષણ ક્ષેત્રમાં થનાર ફેરફાર અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?
- શૈક્ષણિક ગુણવત્તા પર થનારી અસર અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે ?
- ગુણવત્તાસભર શિક્ષકોની નિમણૂક સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે ?

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ** :- સર્વેક્ષણાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અધ્યાપન કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂનો** :- નમૂના પસંદગી માટે યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિનો ઉપયોગ કરી 100 શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- મુક્ત જવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો** :-

પ્રસ્તુત સંશોધન માટેના નીચે મુજબના તારણો તારવવામાં આવ્યા હતા

- TET અને TAT પરીક્ષા અને શૈક્ષણિક ગુણવત્તા સંબંધિત સંશોધનના તારણો

1. શાળામાં શિક્ષકની નિમણૂંક માટે TET અને TAT પરીક્ષા જરૂરી છે.
2. TET અને TAT કસોટી દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધરે છે.
3. TET અને TAT કસોટી દ્વારા ઉત્તીર્ણ થયેલા શિક્ષકો વ્યવહારમાં ઉપયોગી શિક્ષણ આપી શકે છે.
4. TET અને TAT દ્વારા નિમણૂંક પામેલા શિક્ષકો દ્વારા આપવામાં આવેલ શિક્ષણથી વિદ્યાર્થીઓની સિદ્ધિ પર હકારાત્મક અસર જોવા મળે છે.
5. TET અને TAT દ્વારા નિમણૂંક પામેલા શિક્ષકો વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો લાવી શકે છે.
6. TET અને TAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ઉચ્ચ કૌશલ્યો વાળા શિક્ષકો મળી રહે છે.
7. જે પ્રશિક્ષણાર્થીઓ બી.એડ્.ની પદવી મેળવી, સાથે સાથે પોતાના વિષયમાં પારંગત હોય છે, છતાં TET અને TAT કસોટીમાં પાસિંગ માર્કસ લાવી શકતા નથી.
8. TET અને TAT દ્વારા ગોખણપટ્ટી કરનાર પરીક્ષાર્થી જ નિમણૂંક પામે છે.
9. TET અને TAT દ્વારા પરીક્ષાર્થીના બધા જ પાસાઓનું મૂલ્યાંકન થઈ શકતું નથી.

- TET અને TAT પરીક્ષા અંગે શૈક્ષણિક પરિવર્તનના સંબંધીત તારણો

1. TET અને TAT થી શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષકોની નિમણૂંક માટે ઉપયોગી ફેરફાર થયેલ જોવા મળે છે.
2. શિક્ષણકાર્યને વિકાસલક્ષી તથા ગતિશીલ બનાવવામાં TET અને TAT ઉત્તીર્ણ થયેલા શિક્ષકો જરૂરી ફાળો આપી શકે છે.
3. TET અને TAT દ્વારા નીમણૂક પામેલા શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે યોગ્ય રીતે અનુકૂલન સાધી શકે છે.
4. પહેલા નિમણૂંક પામેલા અને TET અને TAT દ્વારા નીમણૂક પામેલા શિક્ષકોની કાર્યપદ્ધતિમાં તફાવત જોવા મળે છે.
5. પહેલાની શિક્ષક નીમણૂક પદ્ધતિ કરતા TET અને TAT જેવી શિક્ષક નીમણૂક પદ્ધતિ વધુ યોગ્ય છે.

- TET અને TAT પરીક્ષાની વહીવટી અસરો અંગેના તારણો

1. TET અને TAT થી શાળાને લાયક અને ગુણવત્તા સભર શિક્ષકો મળ્યા છે.
2. TET અને TAT પરીક્ષા દ્વારા મળેલ શિક્ષકો શાળાને વહીવટી કાર્યમાં મદદરૂપ બને છે. TET અને TAT દ્વારા શિક્ષકોની ભરતી લાંબાગાળે ઉપકારક નીવડી શકશે.
3. TET અને TAT દ્વારા પરીક્ષાલક્ષી ભ્રષ્ટાચાર થવાની સંભાવના રહેલી છે.
4. TET અને TAT પદ્ધતિ વહીવટી કાર્ય વધારતું એક બિનજરૂરી ટેન્શન છે.
5. ગુજરાત સરકારનો TET અને TAT પરીક્ષા અંગેનો નિર્ણય ઘણો મોડો શરૂ કરેલ છે.
6. TET અને TATનું ભરતી પ્રક્રિયામાં માત્ર પાસીંગ મહત્વ હોવું જોઈએ, મેરીટમાં નહીં.

**સંશોધનના ફલિતાર્થ** :-

TET અને TAT પરીક્ષા દ્વારા નિમણૂક પામેલા શિક્ષકો ઉચ્ચ કક્ષાનું શિક્ષણ કાર્ય કરવામાં સફળ થશે તેવો વિશ્વાસ રાખવામાં આવે છે.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત સંશોધન દ્વારા TET અને TAT પરીક્ષા પદ્ધતિ અંગે મુક્ત જવાબી પ્રશ્નાવલિ દ્વારા શિક્ષકોના અભિપ્રાય જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તેનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે પોતાના પ્રામાણિક અને નિષ્ઠાપૂર્વક પ્રયત્નો દ્વારા સમસ્યાનો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરેલ છે સંશોધક સંશોધનની સમસ્યાને અનુરૂપ કેટલીક સમયમર્યાદા બંધનને કારણે નક્કી કરેલ હેતુ સિદ્ધ કરીને પ્રસ્તુત સંશોધન અહીં પૂર્ણ કરવામાં આવ્યું છે. પ્રસ્તુત સંશોધન દ્વારા TET અને TAT પરીક્ષા પદ્ધતિ અંગે મુક્ત જવાબી પ્રશ્નાવલિ દ્વારા શિક્ષકોના અભિપ્રાય જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તેનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું. સંશોધનના અંતે તારવવામાં આવ્યું હતું કે, TET અને TAT પરીક્ષા દ્વારા નીમણૂક પામેલા શિક્ષકો ઉચ્ચ કક્ષાનું શિક્ષણ કાર્ય કરવામાં સફળ થશે.

**ચાવીરૂપ શબ્દો** :- શિક્ષક, અભિપ્રાયો, TET અને TAT

**<u>સંશોધન સારાંશ 4</u>**

**સંશોધકનું નામ** :- ચૌધરી દક્ષાબેન ડી.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. પી.બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- માધ્યમિક શાળાના આચાર્યોનો કાર્ય સંતોષ એક અભ્યાસ

Work Satisfaction of Secondary School Principals – A Study

**સંશોધન ક્ષેત્ર** :- શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ** :-

- માધ્યમિક શાળાના આચાર્યોનો કાર્ય સંતોષ જાણવા માટે સ્વ-રચિત પ્રશ્નાવલીની સંરચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પના** :-

- માધ્યમિક શાળાના પુરુષ આચાર્યો અને સ્ત્રી આચાર્યોના કાર્યસંતોષ પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
- ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાના આચાર્યો અને શહેરી વિસ્તારની માધ્યમિક શાળાના આચાર્યોના કાર્યસંતોષ પ્રત્યેના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- સ્વતંત્ર ચલ – જાતિ, વિસ્તાર
- **પરતંત્ર ચલ** - કાર્યસંતોષ

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ** :- સર્વેક્ષણાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- બનાસકાંઠા જિલ્લાની માધ્યમિક શાળાઓના આચાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂનો** :- સંભાવ્ય નમૂના પદ્ધતિથી 85 આચાર્યોની પસંદગી કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ** :- સ્વ-રચિત પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો

**પૃથક્કરણની રીત** :- સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**સંશોધનના તારણો** :-

- માધ્યમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના આચાર્યો અને શહેરી વિસ્તારના આચાર્યોના કાર્ય સંતોષ વચ્ચે નહિવત તફાવત જોવા મળ્યો હતો.
- માધ્યમિક શાળાના કુલ આચાર્યો પૈકી 78.72% આચાર્યોને યોગ્ય વેતન મળે છે.
- માધ્યમિક શાળાના કુલ આચાર્યો પૈકી 87.05% આચાર્યોનો વ્યવસાય સંપૂર્ણ સલામત છે.
- માધ્યમિક શાળાના કુલ આચાર્યો પૈકી 96.47%આચાર્ય ગૌરવની લાગણી અનુભવે છે.
- માધ્યમિક શાળાના કુલ આચાર્યો પૈકી 95.25%શૈક્ષણિક કાર્યને ઉત્તમ વ્યવસાય માને છે.

**સંશોધનના ફલિતાર્થ** :-

માધ્યમિક શાળાના આચાર્ય શાળાઓનું યોગ્ય ગ્રાન્ટ આયોજન કરતા નથી તેથી તે ગ્રાન્ટનો વ્યવસ્થિત ઉપયોગ કરે તેવું શાળા સંચાલકશ્રીઓએ આયોજન કરવું જોઇએ.

**ઉપસંહાર :-**

પ્રસ્તુત અભ્યાસમાં બનાસકાંઠા જિલ્લાની માધ્યમિક શાળાઓના આચાર્યોનો સમાવેશ કરાયો હતો. નમૂના તરીકે 85 આચાર્યો લેવાયા હતા. જેમના સ્વ-રચિત પ્રશ્નાવલી દ્વારા અભિપ્રાય લેવાયા હતા અને તેનું સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરાયુ હતું.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત અભ્યાસ માધ્યમિક શાળાના આચાર્યોના કાર્યસંતોષ ઉપર આધારીત છે. આ સંશોધનમાં માધ્યમિક શાળાના આચાર્યોના કાર્ય સંતોષ માટે સ્વરચિત પ્રશ્નાવલીની રચના કરવામાં આવી હતી. માધ્યમિક શાળાના પુરુષ અને સ્ત્રી આચાર્યોના કાર્ય સંતોષ વચ્ચે તફાવત નહિવત જોવા મળ્યો હતો. આ સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે. બનાસકાંઠા જિલ્લાની માધ્યમિક શાળાના આચાર્યોમાંથી યાદચ્છિક નમૂના પસંદગીની રીતે 85 આચાર્યોનો નમૂનામાં સમાવેશ કરાયો છે. આ સંશોધન માટે સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરાયુ હતું. આ સંશોધનમાં માધ્યમિક શાળાના અને શહેરી વિસ્તારના આચાર્યોના કાર્યસંતોષ વચ્ચે નહીવત તફાવત જોવા મળ્યો છે. માધ્યમિક શાળાના આચર્યો પૈકી 78.72 % ના મંતવ્યોમાં તેમને યોગ્ય વેતન મળે છે.

**ચાવીરૂપ શબ્દો** :- માધ્યમિક શાળા, આચાર્ય, કાર્ય સંતોષ

**<u>સંશોધન સારાંશ 5</u>**

**સંશોધકનું નામ** :- ચૌહાણ અજીતકુમાર એમ.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. જે.એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ધોરણ 11ના ભૌતિક વિજ્ઞાન વિષયના કાર્ય, ઊર્જા અને પાવર એકમ પર બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમની સંરચના અને તેની શૈક્ષણિક સિદ્ધિ અને ધારણ પરની અસરકારકતા

Construction And Effectiveness of An Educational Achievement and Refention of a Cognitive Development Model Program for The Unit Work, Energy and Power In Std. 11 Physics Subject

**સંશોધન ક્ષેત્ર** :- શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 11ના ભૌતિક વિજ્ઞાન વિષયના કાર્ય, ઊર્જા અને પાવર એકમ પર બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમની સંરચના કરવી.
- ધોરણ 11ના ભૌતિક વિજ્ઞાન વિષયના કાર્ય, ઊર્જા અને પાવર એકમ પર એકમ સિદ્ધિ કસોટીની રચના કરવી.
- ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં બોધાત્મક વિકાસ પ્રતિમાન અને પ્રણાલિગત પદ્ધતિની કાર્ય, ઉર્જા અને પાવર એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં તુલના કરવી.
- ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં બોધાત્મક વિકાસ પ્રતિમાન અને પ્રણાલિગત પદ્ધતિની કાર્ય, ઊર્જા અને પાવર એકમની ધારણના અધ્યાપન પદ્ધતિ અને કાર્ય, ઊર્જા અને પાવર એકમનું ધારણ એ બે વચ્ચેનો સંબંધ પર વિસ્તારની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પના** :-

- બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ અને પ્રણાલિગત પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં કાર્ય, ઊર્જા અને પાવર એકમની શૈક્ષણિક સિદ્ધિના ધારણ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- અધ્યાપન પદ્ધતિ અને કાર્ય, ઊર્જા અને પાવર એકમની શૈક્ષણિક સિદ્ધિ એ બે વચ્ચેના સંબંધ પર વિસ્તારની અસર થતી નહીં હોય.

- બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ અને પ્રણાલિગત પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં કાર્ય, ઊર્જા અને પાવર એકમની શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - અધ્યાપન પદ્ધતિ
- **પરતંત્ર ચલ** - શૈક્ષણિક સિદ્ધિ, ધારણ
- **પરિવર્તક ચલ** - વિસ્તાર
- **અંકુશિત ચલ** – વિષય, એકમ, ધોરણ
- **આંતર્વર્તી ચલ** - વ્યક્તિગત ભિન્નતા, ધ્યાનકેન્દ્રીકરણ ક્ષમતા

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો** :- વ્યાપવિશ્વ અને નમૂનો બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની શાળાના વર્ષ 2020-22ના ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહના ભૌતિક વિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતાં.

**ઉપકરણ** :- સ્વરચિત સિદ્ધિ કસોટીની રચના કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- અંકશાસ્ત્ર પ્રયુક્તિ તરીકે સહવિચરણ પૃથક્કરણ અને F મૂલ્યની ગણતરી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો** :-

- ધોરણ 11ના ભૌતિક વિજ્ઞાન વિષયના કાર્ય, ઊર્જા અને પાવર એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમ અને પ્રણાલીગત પદ્ધતિ દ્વારા અધ્યાપન બંને સમાન રીતે અસરકારક હતા.
- ધોરણ 11ના ભૌતિક વિજ્ઞાન વિષયના કાર્ય, ઊર્જા અને પાવર એકમના ધારણના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં પ્રણાલીગત પદ્ધતિ વધુ અસરકારક રહી હતી.
- ધોરણ 11ના ભૌતિક વિજ્ઞાન વિષયના કાર્ય, ઊર્જા અને પાવર એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં બોધાત્મક વિકાસ પ્રતિમાન વધુ અસરકારક રહ્યું હતું.
- ધોરણ 11ના ભૌતિક વિજ્ઞાન વિષયના કાર્ય, ઊર્જા અને પાવર એકમની ધારણના સંદર્ભમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમ અને પ્રણાલિગત પદ્ધતિ બંને સમાન અસરકારક રહ્યા હતા.

**સંશોધનના ફલિતાર્થ** :-

ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં બોધાત્મકવિકાસ પ્રતિમાન કાર્યક્રમ અને પ્રણાલિગત પદ્ધતિ સમાન અસરકારક રહી જ્યારે ધારણ સંદર્ભ બોધાત્મકવિકાસ પ્રતિમાન કાર્યક્રમ કરતા પ્રણાલિગત પદ્ધતિ વધુ અસરકારક રહી હતી જ્યારે શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પ્રણાલિગત પદ્ધતિ કરતા બોધાત્મકવિકાસ પ્રતિમાન કાર્યક્રમ વધુ અસરકારક હતો જ્યારે ધારણના સંદર્ભમાં બંને સમાન અસરકારક હતા.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસમાં બોધાત્મકવિકાસ પ્રતિમાન કાર્યક્રમ અને પ્રણાલિગત પદ્ધતિ દ્વારા અધ્યાપન કરાવી વિદ્યાર્થીઓની ધારણ ક્ષમતાને શૈક્ષણિક સિદ્ધિ કસોટી દ્વારા માપન કરવામાં આવ્યું હતું.

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 11 ભૌતિક વિજ્ઞાન વિષયના કાર્ય, ઊર્જા અને પાવર એકમ પર બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમની સંરચના કરી પ્રાયોગિક જૂથ ઉપર તેને લાગુ કરવામાં આવ્યો હતો અને શૈક્ષણિક સિદ્ધિ કસોટીના આયોજન દ્વારા વિદ્યાર્થીઓની ધારણ ક્ષમતાનું માપન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની શાળાના વર્ષ 2020-22ના ધોરણ 11ના વિજ્ઞાન પ્રવાહના ભૌતિક વિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ હતા. તેમની શૈક્ષણિક સિદ્ધિ કસોટી દ્વારા મળેલ માહિતીનું F મૂલ્ય ગણી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામ્ય વિસ્તાર માટે પ્રણાલિગત પદ્ધતિ વધુ અસરકારક રહી હતી, જ્યારે શહેરી

વિસ્તારના વિદ્યાર્થીઓ માટે બોધાત્મકવિકાસ પ્રતિમાન કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. ધારણના સંદર્ભમાં શહેરી વિસ્તારમાં વિદ્યાર્થીઓમાં બોધાત્મક વિકાસ પ્રતિમાન કાર્યક્રમ અને પ્રણાલીગત પદ્ધતિ બંને સમાન અસરકારક રહ્યા હતા.

**ચાવીરૂપ શબ્દો** :- અધ્યાપન પદ્ધતિ, શૈક્ષણિક સિદ્ધિ, ધારણ ક્ષમતા

**<u>સંશોધન સારાંશ 6</u>**

**સંશોધકનું નામ** :- મેવાડા શીતલબેન સી.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી પી.કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ગુજરાત અને પાડોશી રાજ્ય રાજસ્થાનના પ્રાથમિક શાળાના પહેલા ધોરણમાં શિક્ષકો દ્વારા અમલમાં મુકેલ માતૃભાષા શીખવવાની પદ્ધતિઓનો આલોચનાત્મક અભ્યાસ

A Critical Study Of Teaching Methods Applied By Teachers In Mother Tongue Of Primary School Standard 1st Of Gujarat And Neighboring State Rajasthan

**સંશોધન ક્ષેત્ર** :- શિક્ષણનું મનોવિજ્ઞાન, અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા, શિક્ષણની પદ્ધતિઓ

**સંશોધનના હેતુઓ** :-

- માતૃભાષા શિક્ષણની પદ્ધતિઓના લક્ષણો માટેની મૂલ્યાંકન પદ્ધતિ નક્કી કરી તેનો અમલ કરી પ્રાપ્ત અભિપ્રાયોનો આલોચનાત્મક અભ્યાસ કરવો.
- અભ્યાસમાં લીધેલ ગુજરાત અને રાજસ્થાનના પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ સૂચિત કરેલા અભિપ્રાયોના આધારે માતૃભાષા શિક્ષણની પદ્ધતિઓના લક્ષણોની કક્ષા જાણાવી અને લક્ષણોના ઉજળા અને નબળાં પાસાઓની આલોચના કરવી.
- માતૃભાષા શિક્ષણની પદ્ધતિઓના લક્ષણોના સંદર્ભે મળેલ નબળા પાસાઓને ધ્યાનમાં લઇ તેના રચનાત્મક સૂચનો તારવવા.

**સંશોધનની ઉત્કલ્પના** :-

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પનાઓ નીચે પ્રમાણે છે

- કોરોના કાળમાં ગુજરાત અને રાજસ્થાનના પ્રાથમિક શાળાઓમા પહેલા ધોરણમાં માતૃભાષા શીખવતા શિક્ષકોની શીખવવાની શૈક્ષણિક પધ્ધતિઓમાં કોઈ સાર્થક તફાવત નહી હોય.
- ગુજરાત અને રાજસ્થાનમાં પહેલા ધોરણમાં માતૃભાષા શીખવવાની પધ્ધતિઓના લક્ષણોમાં કોઇ મુળગત તફાવત નહી હોય.
- ઉત્તરદાતા શિક્ષકોના અભિપ્રાયોથી અભ્યાસની આલોચનાને ચોકકસ દિશા મળી રહેશે. પ્રાપ્ત અભિપ્રાયોમાં કોઈ અર્થપૂર્ણ તફાવત નહી હોય.
- કોરોના કાળમાં માતૃભાષા શીખવવાની પધ્ધતિઓ, શાળા અને શાળા બહાર સમાન રૂપે પ્રયોજિત હશે, બન્ને રાજયમાં અમલીકરણ અંગેના પાસાઓમાં કોઈ સાર્થક તફાવત નહી હોય.
- ગુજરાત અને રાજસ્થાનના ઉત્તરદાતા પ્રાથમિક શિક્ષકોમાં પાડોશી ધર્મ ભાવનામાં કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - શિક્ષકના અધ્યાપન માટે શિક્ષણની પદ્ધતિ,
- **પરતંત્ર ચલ** - શિક્ષકે આપેલા પ્રતિચારો

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક પ્રકાર

**સંશોધનની પદ્ધતિ** :- સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ ગુજરાત અને રાજસ્થાન રાજ્યની પ્રાથમિક શાળાઓમાંથી બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકો અને શિરોહી જિલ્લાના આબુરોડ તાલુકાની શાળાઓ પૂરતું હતું.

**નમૂનો** :- અમીરગઢ તાલુકાની 15 પ્રાથમિક શાળાઓ અને આબુરોડ તાલુકાની 15 પ્રાથમિક શાળાઓને નમૂનો તરીકે પસંદ કરેલ હતી.

**ઉપકરણ** :- સ્વ-રચિત પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સંશોધનના તારણો** :-

- પ્રસ્તુત અભ્યાસમાં માતૃભાષા શિક્ષણ પદ્ધતિઓનું સમગ્ર ગુણાંકન મધ્યમ કક્ષાનું જણાયુ હતું.
- ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1 માં ગુજરાતી માતૃભાષાનું શિક્ષણ તેની શિક્ષણ પદ્ધતિઓ વડે શિક્ષકો દ્વારા મધ્યમ કક્ષાએ થયું હતું.
- રાજસ્થાનમાં પ્રાથમિક શાળાઓમા ધોરણ 1 માં હિન્દી માતૃભાષાનું શિક્ષણ તેની શિક્ષણ પદ્ધતિ વડે શિક્ષકો દ્વારા મધ્યમ કક્ષાએ થયું હતું.
- ગુજરાત અને રાજસ્થાનના ઉત્તરદાતા પ્રાથમિક શાળાના શિક્ષકોના અભિપ્રાય આપવાની બાબતમાં ક્યાંય એક પક્ષીય જોક થયો હોય તેવું જણાયું નથી.

**સંશોધનના ફલિતાર્થ** :-

ગમે તેવી આપત્તિ કે વિષમ પરિસ્થિતિમાં શાળા શિક્ષણમાં કામ લાગે તેવો આગોતરો એજ્યુકેશન પ્લાન શાળા કક્ષાએ ઘડી કાઢવા જોઈએ અને તેમાં શિક્ષકો અને વાલીઓનો પૂર્વ સહયોગ મેળવી લેવો જોઈએ. પાડોશી રાજ્યોની શાળાઓ સાથે યથા સમયે સંપર્ક સેતુ કાર્યક્રમ ઘડી રાખવા જોઈએ મેડિકલ ક્ષેત્રે તાલીમ લેતા વિદ્યાર્થીઓ પાડોશી રાજ્યોમાં સેવા અનુભવો મેળવતા હોય છે તેવું શિક્ષણમાં પણ બની શકે તેમ છે.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસમાં માતૃભાષા શિક્ષણ પદ્ધતિઓના અમલીકરણના બે રાજ્યો સંદર્ભે તુલના કરાઇ હતી સાથે સમયાંતરે તુલના પણ થઈ હતી. ધોરણ 1 ના વિદ્યાર્થીઓની પરીક્ષાને અનુરૂપ માતૃભાષાનું શિક્ષણ અને પદ્ધતિઓને પ્રવૃત્તિઓ વડે અપાયું હતું. કોરોના કાળમાં વિદ્યાર્થીઓને શાળામાં ભણાવવાનો સમયગાળો ઓછો મળ્યો અને ઘરમાં રહીને ભણવાનો સમય વધુ મળ્યો પરિણામ સ્વરૂપે નાના બાળકો લખવાની ટેવથી વંચિત બન્યા. સમગ્ર અભ્યાસમાં માતૃભાષા શિક્ષણ પદ્ધતિઓનું મૂલ્યાંકન મધ્યમ કક્ષાએ જણાયુ હતું. અભિપ્રાયોમાં સમાનતા જોવા મળી હતી. બંને રાજ્યોમાં માતૃભાષા શીખવાની પદ્ધતિઓનું હાર્દ એકસરખું જોવા મળ્યું હતું.


**<u>સારાંશ</u>**

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત અને પાડોશી રાજ્ય રાજસ્થાનના પ્રાથમિક શાળાના પહેલા ધોરણના શિક્ષકો દ્વારા અમલમાં મુકેલ માતૃભાષા શીખવવાની પદ્ધતિઓનો આલોચનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાની ૧૫ શાળાઓના શિક્ષકોના અભિપ્રાય તથા રાજસ્થાન રાજ્યના શિરોહી જિલ્લાના તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના પ્રશ્નાવલી ઉપકરણ માધ્યમ દ્વારા અભિપ્રાય લેવામાં આવ્યા હતા. પ્રસ્તુત અભ્યાસમાં પ્રત્યક્ષ મુલાકાત દ્વારા ઉત્તરદાતા સુધી સંપર્ક સાધીને માહિતી પ્રાપ્ત કરી હતી સાથે કોરોના કાળમાં અને તે પહેલાના સમયમાં શિક્ષકો કઈ શૈક્ષણિક પદ્ધતિઓનો ઉપયોગ કરી અથવા કરાવીને શૈક્ષણિક કાર્ય થયું હતું તેની માહિતી અભિપ્રાયો દ્વારા મેળવી હતી. અભ્યાસમાં માતૃભાષા શિક્ષણની પ્રમુખ પદ્ધતિઓ, અનુકરણ પદ્ધતિ, વાર્તા શિક્ષણ પદ્ધતિ, દાર્શનિક પદ્ધતિ, ખેલકૂદ પદ્ધતિ, પ્રવાસ-પર્યટન પદ્ધતિ અને અધ્યેતાકેન્દ્રી પદ્ધતિઓ પસંદ કરાઈ હતી જેમાં અભિપ્રાય લક્ષણો અનુસાર ઉત્તમ, મધ્યમ કે નીચી કક્ષાએ રાખવામાં આવ્યા હતા. પૂર્ણ અભ્યાસમાં રાજસ્થાન અને ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ તેમજ ઓનલાઇન શિક્ષણ એક સમાન સ્થિતિ એ મધ્યમ કક્ષાનું રહ્યું હતું.



**ચાવીરૂપ શબ્દો** :- માતૃભાષા, પાઠ્યપુસ્તક, શિક્ષણનીપદ્ધતિઓ


**<u>સંશોધન સારાંશ 7 (English)</u>**


**Researcher's Name :-** Shah Ruchi H.

**Name of the College :-** Shrimati R.K.D. Khanusiya M.Ed. College, Palanpur

**Guide Name :-** Mrs.Tanushree S. Bhargava


**Year / University / Degree :** 2020-22 / HNGU / M.Ed.

**Research Title :-** To Study The Impact Of Electronic Gadgets On Secondary School Students.
**Area of Research :-** Educational Psychology
**Objectives of the Research:-**

- To Construct Questionnaire to know the impacts of E- gadgets on secoundery school students.
- To know about usage of electronic gadgets on school students.
- To know the skills developed by E- gadgets among secondary school students.
- To analyse the physical impact of E – gadgets on secondary school students uses.

**Hypothesis of the Research:-**

- There will be no significant difference between gender about problems faced by E- Gadgets on secondary school students.
- There will be no significant difference between gender and physical impact on secondary school students.
- There will be no significant difference between medium regarding skill development of secondary school students through E- Gadgets.

**Research Variables :-**

- **Dependent variable -** Electronic gadgets
- **Independent variable -** Gender, Standard

**Type of research :-** Applied Research
**Research Method :-** Descripting survey method way used
**Population of the Research :-** Palanpur Taluka secondary school students
**Sample :-** 96 students from among 700 students were selected for sample
**Tool :-** Self Constructed Questionnaire
**Method of analysis: -** Simple percentage analysis was counted out
**Findings of Research:-**
According to the data analysed it is found that students are not facing any negative impact of E-Gadgets. They are happy in accepting E-Gadgets as a vital tool for their personal and educational development.

**Outcome of Research:-**
Regarding the awareness about E- Gadgets, students were found to be willing in accepting E-Gadgets as a vital tool for their personal and educational development.
**Conclusion:-**
The present study was carried out to know the impact of E- Gadgets on secondary school students. According to the data analysed it is found that students are not facing any negative impact of E-Gadgets. They are happy in accepting E-Gadgets as a vital tool for their personal and educational development. Now days the E-Gadgets are the essential part of life but the awareness is must required for the usage of E- Gadgets. The awareness about E- Gadgets and students was found to be fruitful and they were willing in accepting E-Gadgets as a vital tool for their personal and educational development.

**<u>Summary</u>**
Present study is very useful to know about the impact of E-Gadgets on secondary school students.The level of usage of E- Gadgets are required to maintain the awareness about E- Gadgets and students shall utilize the new skills of E- Gadgets. According to the data analysed it is found that students are not facing any negative impact of E-Gadgets. They are happy in accepting E-Gadgets as a vital tool for their personal and educational development. The awareness about E- Gadgets and students was found to be fruitful and they were willing in accepting E-Gadgets as a

vital tool for their personal and educational development. According to the data analysed it is found that students are not facing any negative impact of E-Gadgets. They are happy in accepting E-Gadgets as a vital tool for their personal and educational development. Now days the E- Gadgets are the essential part of life but the awareness is must required for the usage of E- Gadgets. The awareness about E- Gadgets and students was found to be fruitful and they were willing in accepting E-Gadgets as a vital tool for their personal and educational development.

**Key word: -** Impact, E- Gadgets, Students

## સંશોધન સારાંશ 8 Summary of Research (English)

**Researcher's Name: -** Varaliya Mehandiali I.
**Name of the College: -** Shrimati R.K.D. Khanusiya M.Ed College, Palanpur
**Guide Name: -** Mrs.Tanushree S. Bhargava
**Year / University / Degree: -** 2020-22 / HNGU / M.Ed
**Research Title :-** Impact Of Social Media Among The Secondary School Students Of Sidhpur Taluka Of Gujarat
**Area of Research: -** Educational Psychology
**Objectives of the Research:-**

- To find out the gender difference on the usage of social media among the secondary school students of Sidhpur taluka.
- To study the use of social media among secondary school students with Respect to urban and rural areas of Sidhpur taluka.
- To study the use of social media among secondary school students with Respect English and Gujarati medium schools of Sidhpur taluka.

**Hypothesis of the Research:-**

- There will be no significant difference between the mean score of the secondary school students with respect to gender of Sidhpur taluka.
- There will be no significant difference between the mean score of the secondary school students with respect to areas of Sidhpur taluka.
- There will be no significant difference between the mean score of the secondary school students with respect to English and Gujarati medium school of Sidhpur taluka.

**Variable of the Research:-**

- **Independent variable -** Secondary School Students
- **Dependent variable -** Impact of Social Media

**Type of research: -** Applied Research
**Research Method: -** Descripting survey method way used
**Population of the Research: -** Students studying in secondary schools of Sidhpur taluka were the population for the present study.
**Samples: -** Two rural and two urban secondary schools, The sample was comprised of 100 boys and 100 girls in total.
**Tool: -** Questionnaire was prepared to collect data
**Method of analysis: -** T test was used for statistical analaysis
**Findings of Research:-**

- Significant difference between the mean score of the secondary school students with respect to genders of students of Sidhpur taluka was not found.

- Significant difference between the mean score of the secondary school students with respect to Gujarati and English medium schools of Sidhpur taluka was not found.
- Significant difference between the mean score of the secondary school students with respect to urban and rural areas of students of Sidhpur taluka was not found.

**Outcome of Research:-**

Significant difference between the mean score of the secondary school students with respect to gender, areas and English and Gujarati medium school of Sidhpur taluka was not found.

**Conclusion:-**

The present research conducted in Sidhpur taluka of Gujarat by administering questionnaires on the Impact of Social Media among the secondary students of Sidhpur taluka, Gujarat. Friends and people connection also have positive impact on secondary students because they serve educational goals and objectives by informally connecting the students which support them with collaborative sense of making Academic boosters are in the form of social connections and information accessibility widely noticed among secondary students.

**Summary**

The present research conducted in Sidhpur taluka of Gujarat by administering questionnaires on the Impact of Social Media among the secondary students of Sidhpur taluka, Gujarat. Significant difference between English medium students and Gujarati medium students regarding the Impact of Social Media as per the 't' value obtained was not found Thus hypothesis is accepted but still as per the mean value obtained, English medium students have marginal more knowledge then Gujarati medium school students of Sidhpur taluka. Friends and people connection also have positive impact on secondary students because they serve educational goals and objectives by informally connecting the students which support them with collaborative sense of making Academic boosters are in the form of social connections and information accessibility widely noticed among secondary students.

**Key word :-** Secondary School, Social Media

## <u>પ્રકરણ-2: વિજ્ઞાન શિક્ષણ</u>

**<u>સંશોધન સારાંશ 1</u>**

**સંશોધકનું નામ** :- ચૌધરી વિનોદકુમાર એસ.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી.જે.વી.પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના આપણે શા માટે માંદા પડીએ છીએ? પર અભિક્રમની રચના અને તેની અસકારકતા તપાસવી.

Construction of Programs learning material on why we Fall ill? unit Of Science & Technology For Std 9 And Effectiveness.

**સંશોધનનું ક્ષેત્ર** :- વિજ્ઞાન શિક્ષણ, શૈક્ષણિક ટેકનોલોજી, માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 9ના વિજ્ઞાન અને ટેકનોલોજીના એકમ આપણે શા માટે માંદા પડીએ છીએ? પર રૈખિક અભિક્રમિત અધ્યયન સાહિત્યની રચના કરવી.
- આપણે શા માટે માંદા પડીએ છીએ? આધારિત સ્વયં નિર્મિત એકમ કસોટીની રચના કરવી.
- શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં અભિક્રમિત અધ્યયન પદ્ધતિ આપણે શા માટે માંદા પડીએ છીએ? એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં તુલના કરવી.

**સંશોધન ઉત્કલ્પનાઓ** :-

- અભિક્રમિત અધ્યયન તેમજ વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન પામેલા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને આપણે શા માટે માંદા પડીએ છીએ? એકમ ની શૈક્ષણિક સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - અભિક્રમિત અધ્યયન પદ્ધતિ વ્યાખ્યાન પદ્ધતિ
- **પરતંત્ર ચલ** - સિદ્ધિ આંક
- **અંકુશિત ચલ** - વિષય અને વિષયાંગ

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ** :- પ્રાયોગિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમિક અને શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**નમુનો** :- શહેરી વિસ્તારના શ્રી વી. આર. વિદ્યાલયના 60 વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિસ્તારના નવોદય વિદ્યાલય મોરિયા શાળાના 60 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સ્વ-નિર્મિત એકમ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓમાંથી ટી – કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યો હતું.

**તારણો** :-

- ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના વિષયના આપણે શા માટે માંદા પડીએ છીએ? એકમની શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા અભિક્રમિત અધ્યયન પદ્ધતિ વધુ અસરકારક હતી.
- ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના વિષયના આપણે શા માટે માંદા પડીએ છીએ ? એકમની શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પદ્ધતિ કરતા અભિક્રમિત અધ્યયન પદ્ધતિ વધુ અસરકારક ન હતી

**ફલિતાર્થ** :-

ધોરણ 9ના વિજ્ઞાન અને ટેકનોલોજીના વિષયના આપણે શા માટે માંદા પડીએ છીએ ? એકમની શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં અભિક્રમિત અધ્યયન પદ્ધતિ વધુ અસરકારક જોવા મળી હતી, જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં વધુ અસરકારક જોવા મળી ન હતી.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 9ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના એકમ માટે રૈખિક અભિક્રમની રચના કરી હતી અને તેની અજમાયશ કરી હતી. જેમાં શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શહેરી વિસ્તાર માટે અસરકારક રહી હતી, જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અસરકારક રહી ન હતી.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયમાં એકમ રૈખિક અભિક્રમની રચના કરવામાં આવી હતી. જેનું મૂળ હેતુ પ્રાયોગિક જૂથ ઉપર શૈક્ષણિક કાર્યક્રમ હાથધરી સ્વ-નિર્મિત એકમ કસોટી લઈ પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથની અજમાયશ કરી હતી. અભિક્રમિત અધ્યયન ક્ષેત્ર વિજ્ઞાન શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ હતું, પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે અભિક્રમિત અધ્યયન પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિ હતી. જ્યારે પરતંત્ર ચલ તરીકે સિદ્ધિઓ હતી. પ્રસ્તુત અભ્યાસનો પ્રકાર વ્યવહારિક પ્રકારનો હતો અને સંશોધન પદ્ધતિ પ્રાયોગિક પદ્ધતિ હતી. પ્રાયોગિક કાર્ય માટે ઝમખા પદ્ધતિ દ્વારા નમૂનો પસંદ કરવામાં આવ્યા હતો જેમાં કુલ 120 વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો, નમૂના પર સ્વનિર્મિત એકમ કસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કરી તારણ મેળવ્યા હતા, જેમાં શહેરી વિસ્તાર માટે કાર્યક્રમ અસરકારક રહ્યો હતો જ્યારે ગ્રામ્ય વિસ્તાર માટે કાર્યક્રમ અસરકારક રહ્યો ન હતો.

**ચાવીરૂપ શબ્દો** :- અભિક્રમિત અધ્યયન

**<u>સંશોધન સારાંશ 2</u>**

**સંશોધકનું નામ** :- દેસાઈ પલકબેન એન.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વિજ્ઞાન વિષયક અભિરુચિનો અભ્યાસ

A Study of Interest in Science Subject for Secondary School Students

**સંશોધન ક્ષેત્ર** :- વિજ્ઞાન શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- માધ્યમિક શાળામાં વિજ્ઞાન વિષયક અભિરુચિ માપવા માટે અધ્યયન-સંશોધનિકાની રચના કરવી .
- માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની વિજ્ઞાન વિષયક અભિરુચિનો તેમની જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધન ઉત્કલ્પના** :-

- માધ્યમિક શાળાના વિજ્ઞાન વિષય પ્રત્યે રસ સંશોધનિકાનો અમલ કરેલા કુમારો અને અમલ ન કરેલા કુમારોની વિજ્ઞાનમાં અભિરુચિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.
- માધ્યમિક શાળાના વિજ્ઞાન વિષયક અધ્યયન રસ સંશોધનિકાનો અમલ કરેલી કન્યાઓ અને અમલ ન કરેલી કન્યાઓની વિજ્ઞાનમાં અભિરુચિતાનો પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - વિજ્ઞાન અધ્યયન રસ સંશોધનિકા
- **પરતંત્ર ચલ**- વિજ્ઞાન વિષયક અભિરુચિ

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકામાં આવેલી ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ ૭ ના વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**નમૂનો** :- શ્રી એસ. કે. મહેતા હાઇસ્કૂલ, જગાણા અને શ્રી વી. આર. વિદ્યાલય પાલનપુર શાળાના ધોરણ ૭ ના વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**પૃથક્કરણની રીત** :- ટી કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**તારણો** :-

- કુમારોમાં  વિજ્ઞાન વિષયક અધ્યયન રસ સંશોધનિકાનો અમલ કરવાથી વિજ્ઞાન અધ્યયન રસ ઊંચો જોવા મળ્યો હતો .
- કન્યાઓમાં વિજ્ઞાન વિષયક અધ્યયન રસ સંશોધનિકાનો અમલ કરવાથી તેમનો વિજ્ઞાન અધ્યયન રસ ઉંચો જોવા મળ્યો હતો.
- કુમારો અને કન્યાઓ પર વિજ્ઞાન વિષયક અધ્યયન રસ સંશોધનિકાનો અમલ કરવાથી તેમના વિજ્ઞાન અધ્યયન રસમાં વધારો જોવા મળ્યો હતો, એટલે કે વિજ્ઞાન અધ્યયન રસ સંશોધાનિકાના અમલ કરવાથી જાતીયતા પર અસર થઈ ન હતી.

**ફલિતાર્થ** :-

- પ્રસ્તુત સંશોધનમાં હાથ ધરાયેલા પ્રયોગના અંતે મળેલા તારણોને આધારે કહી શકાય કે ધોરણ ૭ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદિત એકમો માટે વિજ્ઞાન અધ્યયન રસ સંશોધનિકાના સંદર્ભમાં અસરકારક રહ્યો હતો.
- વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં નાવીન્યતા ધરાવતી અધ્યયન રસ સંશોધનિકા વિદ્યાર્થીઓના અનુભવો પ્રત્યક્ષ પુરા પાડે તે પ્રકારનું આયોજન કરવું જોઈએ.

**ઉપસંહાર :-**

આમ અભ્યાસકે એક જ મુદ્દા પર અભ્યાસ કર્યો હતો જેના પરિણામો વ્યાજબી ઠરેલ છે. સંશોધકે એકત્ર કરેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરી તારણો તારવવા માટે જે ઉત્કલ્પના બાંધી હતી તે વ્યાજબી ઠરે છે. ઉપરાંત આ સંશોધનમાં ભાવિ સંશોધન માટેના સૂચનો કરવામાં આવ્યા છે જે સૂચનો ભાવિ સંશોધનના અવકાશ માટેનો માર્ગ નક્કી કરે છે.


**<u>સારાંશ</u>**

પ્રસ્તુત સંશોધન માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વિજ્ઞાન વિષયક અભિરુચિના અભ્યાસ અંતર્ગત હતું. પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર વિજ્ઞાન શિક્ષણ છે. સંશોધનમાં માધ્યમિક શાળામાં વિજ્ઞાન વિષયક અભિરુચિ માપવા માટે અધ્યયન રસ સંશોધનિકાની રચના અને વિજ્ઞાન વિષયક અભિરુચિનો તેની જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ સંશોધનની ઉત્કલ્પનાઓમાં માધ્યમિક શાળાના વિજ્ઞાન વિષય અધ્યયન રસ સંશોધનિકાનો અમલ કરેલા કુમારો અને કન્યાઓ તેમ જ રસ સંશોધનિકાનો અમલ ન કરેલી કન્યાઓ અને કુમારોની વિજ્ઞાન અભિરુચિના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નથી. સંશોધનના ચલમાં સ્વતંત્ર તરીકે વિજ્ઞાન અધ્યયન રસ સંશોધનિકા તેમજ પરતંત્ર તરીકે વિજ્ઞાન વિષય અભિરુચિનો સમાવેશ કરાયો છે. આ સંશોધનનો પ્રકાર વ્યવહારિક છે તથા પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપકરણ તરીકે સ્વરચિત વિજ્ઞાન અધ્યયન સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પૃથક્કરણમાં સરાસરી, પ્રમાણ વિચલન અને T કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અહીં કુમારો અને કન્યાઓમાં વિજ્ઞાન અધ્યયન રસ ઊંચો જોવા મળ્યો હતો, અહીં કુમારમાં અને કન્યાઓ પર વિજ્ઞાન અધ્યયન રસ સંશોધનિકાના અમલ કરવાથી જાતીયતા પર અસર જોવા મળી ન હતી.

**ચાવીરૂપ શબ્દો** :- માધ્યમિક શાળા, વિજ્ઞાન વિષય, અભિરુચિ, સંશોધનિકા

**<u>સંશોધન સારાંશ 3</u>**

**સંશોધકનું નામ** :- ગુર્જર અપૂર્વ એ.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડ નું નામ** :- ડૉ. પી.બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ધોરણ 11 વિજ્ઞાન પ્રવાહમાં રાસાયણિક વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્યમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ

Study of The Difficulties In Experiment Work In Chemistry Subject for Standard 11 Stream

**સંશોધન ક્ષેત્ર** :- વિજ્ઞાન શિક્ષણ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 11 વિજ્ઞાન પ્રવાહમાં રાસાયણિક વિજ્ઞાન પ્રાયોગિક અભ્યાસમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
- ધોરણ 11 વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રાયોગિક અભ્યાસની મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
- ધોરણ 11 વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રાયોગિક અભ્યાસ વખતે થતી વિવિધ સમસ્યાઓનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો** :-

- વિજ્ઞાન પ્રવાહની રાસાયણિક વિજ્ઞાનમાં પડતી મુશ્કેલીઓને જાણવા માટે રચેલ ઉપકરણ અસરકારક નીવડશે?
- વિજ્ઞાન પ્રવાહમાં રાસાયણિક વિજ્ઞાન દરમિયાન વિદ્યાર્થીઓને પરીક્ષણ કાર્યમાં કેવા પ્રકારની મુશ્કેલીઓ અડચણરૂપ થતી હશે?
- વિજ્ઞાન પ્રવાહમાં રસાયણિક વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય કરતી વખતે વિદ્યાર્થીઓને કઈ-કઈ મુશ્કેલીઓ નડતી હશે?
- વિજ્ઞાન પ્રવાહમાં રસાયણિક વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય કરતી વખતે તેનો ઉપયોગ રોજિંદા જીવનમાં કેવા પ્રકારની અસરો દ્વારા બદલાવો થઈ શકશે?

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - અધ્યાપન પદ્ધતિ
- **પરતંત્ર ચલ** - શૈક્ષણિક સિદ્ધિ
- **અંકુશિત ચલ** - ધોરણ વિષય
- **પરિવર્તક ચલ** - કુમાર-કન્યા
- **આંતર્વર્તી ચલ** - વલણ

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પસંદ કરવામાં આવી હતી.

**નમુનો** :- શ્રી વિવિધલક્ષી વિદ્યામાંદિર, પાલનપુરના ધોરણ 11ના 120 વિદ્યાર્થીઓ ઝૂમખાં નમૂના પસંદગી દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સ્વરચિત  સિદ્ધિ કસોટી અને અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- T મુલ્ય અને કાઇ વર્ગ કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**તારણો** :-

- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પરંપરાગત વ્યાખ્યાન પદ્ધતિ કરતા શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા શિક્ષણની ધન અસર જોવા મળી હતી.
- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પ્રાયોગિક કાર્યક્રમ દ્વારા માવજત પામેલા કન્યાઓમાં અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શિક્ષણ મેળવેલ કન્યાઓમાં સમાન અસરકારકતા જોવા મળી હતી.
- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પ્રાયોગિક કાર્યક્રમો દ્વારા માવજત પામેલા કુમારો અને કન્યાઓના શૈક્ષણિક સંદર્ભમાં સમાન અસરકારકતા જોવા મળી હતી.

**ફલિતાર્થ** :-

શિક્ષકોએ આ પ્રકારના શૈક્ષણિક કાર્યક્રમ રચી શિક્ષણમાં તેનો ઉપયોગ કરવો જોઈએ. શાળાના આચાર્ય તેમજ શિક્ષકોએ શૈક્ષણિક કાર્યક્રમો યોજવા માટે અને શૈક્ષણિક કાર્યક્રમોનું સાહિત્ય તૈયાર કરવા માટે સેમિનારો યોજવા જોઈએ.

**ઉપસંહાર** :-

રાસાયણિક વિજ્ઞાન વિષય ઉપર શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી અને તેની અસરકારકતા ચકાસવી અભ્યાસનો મુખ્ય હેતુ હતો. ધોરણ 11ના રાસાયણિક વિજ્ઞાન વિષયના પ્રયોગપોથીમાંથી મુખ્ય પ્રયોગોની રચના કરી તેની અજમાયશ કરી હતી. તેના પરિણામો પ્રાયોગિક ક્ષેત્રે નિયત્રિત જૂથના સંદર્ભમાં તથા પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના કુમારોના સંદર્ભમાં હકારાત્મક જોવા મળ્યા હતા.

<u>**સારાંશ**</u>

પ્રસ્તુત અભ્યાસનુ શીર્ષક ધોરણ 11 વિજ્ઞાન પ્રવાહની રાસાયણિક વિજ્ઞાન પ્રાયોગિક કાર્યમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ તથા અભ્યાસનું ક્ષેત્ર ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને વિજ્ઞાન શિક્ષણ છે, જેમાં હેતુઓ તરીકે વિજ્ઞાન પ્રવાહમાં રાસાયણિક વિજ્ઞાન ધોરણ 11માં પ્રાયોગિક કાર્યમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો, જેના ભાગરૂપે રચેલ ઉપકરણનું કાર્ય રાસાયણિક વિજ્ઞાનમાં પ્રાયોગિક અભ્યાસમાં પડતી મુશ્કેલીઓની અસરકારકતા તપાસવાનું હતું, એ ઉપરાંત પરીક્ષણમાં કેવા પ્રકારની મુશ્કેલીઓ પડશે તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો, પ્રાયોગિક અભ્યાસ પદ્ધતિનો સમાવેશ થયેલ છે. વ્યાપ વિશ્વમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના ધોરણ 11ના 120 વિદ્યાર્થીઓને નમૂના તરીકે ઉપયોગ કરવામાં આવેલ હતો, ઉપકરણમાં સ્વનિર્મિત સિદ્ધિ કસોટી અને અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામા આવ્યો હતો. જેમાં કસોટીના આધારે T મૂલ્ય અને અભિપ્રાયાવલિના જવાબના આધારે કાઇ વર્ગ પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**ચાવીરૂપ શબ્દો** :- રસાયણ વિજ્ઞાન, પ્રાયોગિક શિક્ષણ

<u>**સંશોધન સારાંશ 4**</u>

**સંશોધકનું નામ** :- પરમાર શિવાલી એમ.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. પી. બી. પટેલ
**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.
**સંશોધન શીર્ષક** :- ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના આપણી નૈસર્ગિક સંપત્તિ એકમ પર રચનાવાદી 5 “E” મોડેલ દ્વારા અધ્યાપનની અસરકારકતા

Effectiveness of Teaching Through Constructivist 5 “E” Model on Our National Resources Unit of Science and Technology Subject of Std. 9

**સંશોધનનું ક્ષેત્ર** :- વિજ્ઞાન શિક્ષણ
**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 9ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના આપણી નૈસર્ગિક સંપત્તિ એકમના અધ્યાપન માટે રચનાવાદી 5 “E” મોડેલ અનુસાર પાઠ આયોજન તૈયાર કરવા.
- ધોરણ 9ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના આપણી નૈસર્ગિક સંપત્તિ એકમના અધ્યાપન માટે રચનાવાદી 5 “E” મોડેલ અને વ્યાખ્યાન પદ્ધતિની શૈક્ષણિક સિદ્ધિના અને ધોરણના સંદર્ભમાં અસરકારકતા તપાસવી.
- રચનાવાદી 5 “E” મોડેલની અસરકારકતા અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા.

**સંશોધન ઉત્કલ્પનાઓ** :-
પ્રસ્તુત અભ્યાસમાં ઉત્કલ્પનાઓ નીચે પ્રમાણે હતી,

- રચનાવાદી 5 ‘E' મોડેલ અને વ્યાખ્યાન પધ્ધતિથી અધ્યયન કરતાં જૂથે મેળવેલ પ્રથમ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ એકમ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારો કન્યાઓએ એકમ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** – અધ્યાપન પદ્ધતિ, જાતિ
- **પરતંત્ર ચલ** – એકમ સિદ્ધિ
- **અંકુશિત ચલ** – વિષય વસ્તુ, ધોરણ, અભ્યાસ શ્રેણી, શીખવાનો સમય
- **આંતર્વર્તી ચલ** – જાતિ, વ્યક્તિત્વ, બુદ્ધિ, વલણ

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન
**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓ પસંદ કરવામાં આવી હતી.
**નમૂનો** :- પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓના શૈક્ષણિક વર્ષ 2021-22 ધોરણ-9ના 44 વિદ્યાર્થીઓ સહેતુક નમૂના પસંદગી દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા.
**ઉપકરણ** :- સ્વ-રચિત એકમ સિદ્ધિ કસોટી.
**પૃથક્કરણની રીત** :- T મૂલ્ય કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.
**તારણો** :-

- રચના વાદી 5 “E” મોડેલ દ્વારા ભણાવવાથી વિજ્ઞાન વિષયમાં કંટાળો આવતો નથી.
- રચના વાદી 5 “E” મોડેલ દ્વારા ભણાવવાથી ચિંતન વધુ કરવું પડે છે.
- રચના વાદી 5 “E” મોડેલ દ્વારા ભણાવવાથી સંભાવનાનો વિકાસ થાય છે.

**ફલિતાર્થ** :-

વિદ્યાર્થીઓને સતત પ્રવૃત્તિમય રાખવા તથા તેમનું ચિંતન વધારવા માટે રચનાવાદી 5 “E” મોડેલ દ્વારા અધ્યાપનકાર્ય કરાવી શકાય.

**ઉપસંહાર** :-

વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા વિષયમાં આવતા નિયમો, સુત્રો, સિદ્ધાંતો વગેરે શીખવવામાં અઘરા લાગતા હોવાથી અભ્યાસકે R. W. Bydee દ્વારા રચિત રચનાવાદી 5 “E” મોડેલનો ઉપયોગ કરીને રચનાવાદી

5 “E” મોડેલ દ્વારા અધ્યાપનની અસરકારકતા સંદર્ભે શૈક્ષણિક ટેકનોલોજીના ક્ષેત્રમાં વ્યવહારિક પ્રકારનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**સારાંશ**

પ્રસ્તુત સંશોધન ધોરણ 9ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના આપણી નૈતિક સંપત્તિ એકમના અધ્યાપન માટે રચનાવાદી 5 “E” મોડેલ અનુસાર બનાવવામાં આવ્યું હતું. પાઠ તૈયાર કરવા તેમજ રચનાવાદી 5 “E” મોડેલની અસરકારકતા અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા અને ધોરણ 9ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના આપણી નૈસર્ગિક સંપત્તિ એકમના અધ્યાપનની રચનાવાદી 5 “E” મોડેલની અસરકારકતા તપાસવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ અને નમૂના તરીકે પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓના શૈક્ષણિક વર્ષ 2020-22 માં ધોરણ- 9માં અભ્યાસ કરતા 44 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને ઉપકરણ તરીકે સ્વ-રચિત એકમ સિદ્ધિ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પૃથક્કરણની રીતમાં પ્રસ્તુત અભ્યાસમાં અધ્યાપન પદ્ધતિની અસર તપાસવા T મુલ્યની ગણતરી કરવામાં આવી હતી. આ સંશોધનના તારણોમાં રચનાવાદી 5 “E” મોડેલ દ્વારા પાઠ બનાવવાથી વિજ્ઞાન વિષયમાં કંટાળો આવતો નથી અને રચનાવાદી 5 “E” મોડેલ દ્વારા ભણાવવાથી ચિંતન વધુ કરવું પડે છે. સાથે વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા વિષયમાં આવતા નિયમો, સુત્રો, સિદ્ધાંતો વગેરે શીખવવામાં અઘરા લાગતા હોવાથી અભ્યાસક દ્વારા R.W.Bydee દ્વારા રચિત રચનાવાદી “5E” મોડેલ દ્વારા અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરીને અધ્યાપનની અસરકારકતાના સંદર્ભે શૈક્ષણિક ટેકનોલોજીના ક્ષેત્રમાં વ્યવહારિક પ્રકારનો અભ્યાસ હાથ ધરેલ હતો.

**ચાવીરૂપ શબ્દો** :- વિજ્ઞાન અને ટેકનોલોજી, નૈસર્ગિક સંપત્તિ, રચનાવાદી “5E” મોડેલ

**સંશોધન સારાંશ 5**

**સંશોધકનું નામ** :- રાવલ હર્ષવર્ધન કે.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. જે.એલ.બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ધોરણ 9 ના વિજ્ઞાન વિષયના પરમાણુઓ અને અણુઓ એકમ ઉપર શેક્ષણિક કાર્યક્રમની રચના અને અસરકારકતા

Construction and effectiveness of an educational program on atoms and molecules unit of science subject of standard 9

**સંશોધન ક્ષેત્ર** :- વિજ્ઞાન શિક્ષણ તેમજ શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 9ના વિજ્ઞાન વિષયના પરમાણુઓ અને અણુઓ એકમ ઉપર પરંપરાગત શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.
- ધોરણ 9ના વિજ્ઞાન વિષયના પરમાણુઓ અને અણુઓ એકમ ઉપર વિશિષ્ટ શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.
- પરંપરાગત અને શિક્ષક રચિત શૈક્ષણિક કાર્યક્રમ માટે એક જ સિદ્ધિ કસોટીની રચના કરવી.
- સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોના આધારે શૈક્ષણિક કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

**સંશોધન ઉત્કલ્પના** :-

- પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના કુમારો અને કન્યાઓએ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાયોગિક જૂથના કુમાર અને કન્યાએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - અધ્યાપન પદ્ધતિ
- **અંકુશિત ચલ** - ધોરણ-9, વિષય, વર્ગ, વિસ્તાર
- **પરિવર્તક ચલ** - કુમાર-કન્યા
- **આંતરવર્તીય ચલ** – અધ્યાપન ક્ષમતા, વિસ્તાર

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓ.

**નમુનો** :- ધોરણ 9ના ગુજરાતી માધ્યમના 95 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- શિક્ષક રચિત સિદ્ધિ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- T કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**તારણો** :-

- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પરંપરાગત વ્યાખ્યાન પદ્ધતિ કરતાં શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા શિક્ષણની હકારાત્મક (ધન) અસર જોવા મળી હતી.
- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા માવજત પામેલા કુમારોમાં વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શિક્ષણ મેળવેલ કુમારોની સાપેક્ષ વધુ અસરકારકતા જોવા મળી હતી.
- **શૈ**ક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા માવજત પામેલા કન્યાઓમાં અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શિક્ષણ મેળવેલ કન્યાઓમાં સમાન અસરકારકતા જોવા મળી હતી.
- શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા માવજત પામેલ કુમારો અને કન્યાઓના શૈક્ષણિક સંદર્ભમાં સમાન અસરકારકતા જોવા મળી હતી.

**ફલિતાર્થ** :-

- શિક્ષકોએ આ પ્રકારનો શૈક્ષણિક કાર્યક્રમ રચી શિક્ષણમાં તેનો ઉપયોગ કરવો જોઇએ.
- શાળાના આચાર્ય શિક્ષકોને શૈક્ષણિક કાર્યક્રમો યોજવા માટે અને શૈક્ષણિક કાર્યક્રમોનું સાહિત્ય તૈયાર કરવા માટે સેમિનારો યોજવા જોઈએ.
- વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં આવો નાવીન્યતા ધરાવતો શિક્ષણ કાર્યક્રમ યોજી વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડે તે પ્રકારનું શૈક્ષણિક આયોજન કરવું જોઈએ.
- શાળાઓમાં વર્ગ શિક્ષણ દરમિયાન વિવિધ એકમો માટે શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરી શકાય તે માટે શાળા સંચાલકોએ જરૂરી સુવિધા પૂરી પાડવી જોઈએ.
- પાઠ્યપુસ્તકની જટિલ રજૂઆત ધરાવતા એકમો માટે શિક્ષણ કાર્યક્રમમાં પ્રવૃત્તિનો ઉમેરો કરી તેનો વર્ગખંડમાં ઉપયોગ કરી શકાય.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસ માટે વિજ્ઞાન વિષય ઉપર શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી અને તેની અસરકારકતા ચકાસવી મુખ્ય હેતુ છે. તેમાં અલગ-અલગ સંદર્ભ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે, તથા અભ્યાસ માટે ધોરણ 9ના વિજ્ઞાન વિષયના પરમાણુઓ અને અણુઓ એકમનો સંદર્ભ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે અને તે દ્વારા વિદ્યાર્થીઓની ક્ષમતા અને તેને આધારે શૈક્ષણિક કાર્યક્રમની અસરકારકતા ચકાસવામાં આવી છે.

**<u>સારાંશ</u>**

આજના યુગમાં ઝડપી બદલાવથી વિશ્વમાં જ્ઞાન અને વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. કોરોના જેવી મહામારીના સમયમાં શિક્ષણ પરિવર્તન માંગી રહ્યું છે. શિક્ષણમાં બદલાવ એ જ્ઞાનની ક્રાંતિ છે. વિદ્યાર્થીઓને બધા વિષયનું શિક્ષણ એક જ પદ્ધતિથી આપવુ એ અસરકારક શિક્ષણ નથી, અને ખાસ કરીને વિજ્ઞાન માટે તો નહીં જ. વિજ્ઞાન શિક્ષણને અસરકારક બનાવવા માટે વિદ્યાર્થીઓની ઉંમર અને કક્ષાને ધ્યાનમાં રાખી નવીન પદ્ધતિઓની રચના કરવી જોઈએ. આ અભ્યાસનું ક્ષેત્ર વિજ્ઞાન શિક્ષણ અને શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન હતું. સંશોધનને અસરકારક બનાવવા માટે અભ્યાસકે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી હતી. શૈક્ષણિક કાર્યક્રમની અસરકારકતા ચકાસવા માટે

અભ્યાસકે બે જૂથ ઉત્તર કસોટી યોજનાનો ઉપયોગ કર્યો હતો. બે જૂથ પ્રાયોગિક અને નિયંત્રિત જૂથને તેમની પ્રથમ પરીક્ષાના પ્રાપ્તાંકોને આધારે સમાન બનાવવામાં આવ્યા હતા.

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ પરતંત્ર ચલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ માપનનો હતો. તેના માટે અભ્યાસક દ્વારા પ્રાયોગિક જૂથ ઉપર શૈક્ષણિક કાર્યક્રમની માવજત બાદ પ્રાયોગિક અને નિયંત્રિત બંને જૂથોને સમાન ઉત્તર કસોટી આપી તેમના મેળવેલા પ્રાપ્તાંકોના આધારે તેનું ટી-મૂલ્ય ગણી તેમની શૈક્ષણિક સિદ્ધિ ચકાસવામાં આવી હતી. આ પ્રકારના અભ્યાસથી બીજા અભ્યાસકોને કે શિક્ષકોને આ પ્રકારના નવીન શૈક્ષણિક કાર્યક્રમ રચવામાં માર્ગદર્શન મળશે તથા વિજ્ઞાન શિક્ષણમાં નવીનીકરણ લાવી વિદ્યાર્થીઓને વિજ્ઞાન શિક્ષણમાં રસ ઉત્પન્ન કરી શકાશે તથા તેમની સર્જનાત્મક શક્તિઓને વિકસાવી શકાશે. આ અભ્યાસ પ્રાયોગિક તથા વ્યાવહારિક પ્રકારનો હોવાથી રોજિંદા શિક્ષણમાં પણ ખૂબ જ ઉપયોગી છે.

**ચાવીરૂપ શબ્દો** :- પરમાણુ, અણુ, વિજ્ઞાન શિક્ષણમાં નવિનીકરણ

**<u>સંશોધન સારાંશ 6</u>**

**સંશોધકનું નામ** :- સોલંકી સતિષ વાય.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. સી.એમ.ત્રિવેદી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ધોરણ ૯ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ

Construction and try out of an Educational program in Science and Technology subject of standard 9

**સંશોધન ક્ષેત્ર** :- વિજ્ઞાન શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ ૯ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીના વિષયમાં પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની રચના કરવી.
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓ પર પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની રચના કરવી કાર્યક્રમની અજમાયશ કરવી.
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓની બુદ્ધિ અને જાતીયતાના સંદર્ભમાં પૃથક્કરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની અસર તપાસવી.
- પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ અને પરંપરાગત પદ્ધતિથી શિક્ષણ આપ્યા બાદ બંને જૂથોની મૂલ્યાંકન કસોટી અને ધારણ કસોટી પરના પ્રાપ્તાંકોની વચ્ચેનો સહસંબંધ તપાસવો.

**સંશોધન ઉત્કલ્પનાઓ** :-

- ધોરણ-૯નાં વિદ્યાર્થીઓ માટે પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ અને પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી શિક્ષણ આપ્યા બાદ લીધેલ મૂલ્યાંકન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
- ધોરણ-૯ના કુમારો અને કન્યાઓને પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ અને પરંપરાગત પદ્ધતિથી શિક્ષણ આપ્યા બાદ લીધેલ મૂલ્યાંકન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ધોરણ-૯ના કુમારો અને કન્યાઓને પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ આપ્યા બાદ લીધેલ મૂલ્યાંકન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.
- ધોરણ-૯નાં ઉચ્ચ બુદ્ધિ કક્ષા અને નિમ્ન બુદ્ધિ કક્ષા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ આપ્યા બાદ લીધેલ મૂલ્યાંકન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ અને પરંપરાગત પદ્ધતિ દ્વારા શિક્ષણ આપ્યા બાદ લીધેલ ધારણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ અને પરંપરાગત પદ્ધતિથી શિક્ષણ
- **પરતંત્ર ચલ** – શૈક્ષણિક સિદ્ધિ
- **અંકુશિત ચલ** – જાતિયતા, બુદ્ધિ
- **પરિવર્તક ચલ** – ધોરણ, વિષય, એકમ

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
**વ્યાપવિશ્વ** :- ગુજરાત રાજ્ય બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓ
**નમૂનો** :- શ્રી વી. આર. વિદ્યાલયના 120 વિદ્યાર્થીઓ સહેતુક નમૂના પસંદગી દ્વારા પસંદ કરવામાં આવ્યા હતાં.
**ઉપકરણ** :- મૂલ્યાંકન કસોટીની રચના

- મૂલ્યાંકન યોજના
- અભિપ્રાયાવલિની રચના
- દેસાઈ શારીરિક કસોટી
- વિવિધ કસોટી

**પૃથક્કરણની રીત** :- T મુલ્ય અને કાઇ વર્ગ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.
**તારણો** :-

- પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ એ પરંપરાગત પદ્ધતિ કરતા વધુ અસરકારક જોવા મળેલ છે.
- પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ પરથી મેળવેલ પરિણામમાં છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિ સમાન છે. આથી પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની અસર છોકરાઓ અને છોકરીઓ પર સમાન છે. આથી કહી શકાય કે જાતિયતાએ અસર કરનાર પરિબળ નથી.
- પરંપરાગત પદ્ધતિ કરતા પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ મુજબ શીખવેલ કુમારોની અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ વધુ છે, જે આ કાર્યક્રમની અસરકારકતા સૂચવે છે.
- પ્રાયોગિક જૂથના નિમ્ન બુદ્ધિકક્ષા ધરાવતા વિદ્યાર્થીઓની સરખામણીએ ઉચ્ચ બુદ્ધિકક્ષા ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વધુ છે. આથી કહી શકાય કે બુદ્ધિકક્ષાની આ કાર્યક્રમ પર અસર જોવા મળે છે.

**ફલિતાર્થ** :-

શિક્ષણની અસરકારકતા વધારવા માટે પરંપરાગત પદ્ધતિની પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ મુજબ વિજ્ઞાન વિષયનું શિક્ષણ આપવું જોઈએ.

ઉપસંહાર :-

આમ શિક્ષણના નવિનીકરણ લાવવા તથા આધુનિક પર્યાવરણથી સુસંગત થવા માટે દરેક શિક્ષકોને વિશ્વ કક્ષાના પ્રયત્નોની જાણકારી મેળવી અને શિક્ષણની નવી પદ્ધતિઓ અને વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં લઇ ગુણાત્મકતાની સુધારણા માટે દરેક શિક્ષક માત્ર શિક્ષક ન રહેતાં તેમણે સંશોધક બનવું જ રહ્યું.


**<u>સારાંશ</u>**

પ્રસ્તુત સંશોધન ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં શિક્ષણ કાર્યક્રમની રચના અને અભ્યાસમાં ધોરણ 9ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં પ્રત્યક્ષીકરણ અને પરંપરાગત શિક્ષણ પર કરવામાં આવ્યું છે. તેમાં સંશોધન ક્ષેત્ર તરીકે માધ્યમિક શાળાઓ લીધેલ છે. સંશોધનનો હેતુ ધોરણ 9ના બાળકોને વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં તર્કશક્તિ તેમજ અવલોકન શક્તિ ક્ષીણ થતી જાય છે તેની અસરકારકતા જાણવાનો હતો શિક્ષણમાં નવિનીકરણ લાવવા દરેક શિક્ષકોએ વિશ્વ કક્ષાએ પ્રયત્નોની જાણકારી મેળવી અને શિક્ષણની નવી પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.



**ચાવીરૂપ શબ્દો** :- પરંપરાગત શિક્ષણ, સંરચના, અજમાયશ, વિજ્ઞાન અને ટેક્નોલોજી

## પ્રકરણ-3: ભાષા શિક્ષણ

**સંશોધન સારાંશ 1**

**સંશોધકનું નામ** :- સાળવી છાયાબેન એચ.
**કોલેજનું નામ** :- શ્રીમતી આર.કે.ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર
**ગાઈડનું નામ** :- ડૉ. પી.બી.પટેલ
**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.
**સંશોધન શીર્ષક** :- ધોરણ ૯ના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાના લેખનમાં થતા જોડણી દોષો નિવારવા માટેના કાર્યક્રમની રચના અને અજમાયશ

Devloping A Programmer And Experiment On Improving Spelling Errors In Gujarati Language Writing Of Standards IX Students

**સંશોધન ક્ષેત્ર** :- ભાષા શિક્ષણ
**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ ૯ના વિદ્યાર્થીઓના ગુજરાતી લેખન કાર્યમાં થતાં જોડણી દોષો નિવારવા.
- ધોરણ ૯ના વિદ્યાર્થીઓના જોડણી દોષો ચકાસવા પૂર્વ કસોટીની રચના કરવી.
- જોડણી દોષો નિવારવા માટે કાર્યક્રમની સંરચના કરવી અને અજમાયશ કરવી.

**સંશોધન ઉત્કલ્પનાઓ** :-

- ધોરણ ૯ના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ધોરણ ૯ના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના લબ્ધિઆંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - જોડણી દોષ, નિવારણ કાર્યક્રમ
- **પરતંત્ર ચલ** - વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ
- **અંકુશિત ચલ** - એકમ, અભ્યાસ, સમય, શ્રેણી, વિષય

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન
**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.
**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૯ના વર્ષ 2021-22ના વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતાં.
**નમૂનો** :- સહેતુક નમૂના પસંદગી દ્વારા 50 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતાં.
**ઉપકરણ** :- પૂર્વ કસોટી – ઉત્તર કસોટીની રચના કરવામાં આવી હતી.
**પૃથક્કરણની રીત** :- આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ દ્વારા સરાસરી, પ્રમાણ વિચલન તથા ક્રાંતિક ગુણોત્તર દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.
**તારણો** :-

- ગ્રામ્ય વિસ્તારમાં જોડણી સુધારણા કાર્યક્રમની અસર જોવા મળે છે.
- વિદ્યાર્થીઓનું ભાષાકીય જ્ઞાન સમૃદ્ધ બને છે.
- વિદ્યાર્થીઓ અન્ય લેખનકાર્યમાં શુદ્ધ જોડણી લખતાં શીખ્યા છે.
- વિદ્યાર્થીઓને જોડણીદોષ સુધારણા માટેની તેમની કક્ષાઓને ધ્યાનમાં રાખી યોગ્ય નિયમો તથા ચાર્ટ તૈયાર કરી આપવામાં આવેતો વિદ્યાર્થીઓ સ્વપ્રયત્ને આગળ વધી શકે છે.

**ફલિતાર્થો** :-

- જોડણી દોષ સુધારણા કાર્યક્રમથી અધ્યાપન કાર્યમાં નવીનતા લાવી શકાય છે તથા વિદ્યાર્થીઓમાં અધ્યયન માટે રસ પેદા કરી શકાય છે
- જોડણી સુધારણા કાર્યક્રમ દ્વારા અધ્યાપન કાર્ય કરવાથી શિક્ષકોના સમય અને શક્તિ બંને બચાવી શકાય છે.

**ઉપસંહાર :-**

માતૃભાષા વગરનું શિક્ષણ સંભવી શકે નહીં, તે અન્વયે જોડણી સુધારણા દ્વારા યોગ્ય માર્ગદર્શન તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તો ભાવિ પેઢીનો રચનાત્મક વિકાસ થાય. ભાવનાત્મક ઐકેય સાથે જ્ઞાનાત્મક વિકાસ થાય શાળામાં બાળકો માટે દિશાસૂચક પગલાં લેવાય તો શિક્ષણ રસપ્રદ બની શકે.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત સંશોધન દ્વારા ધોરણ ૯ના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાના લેખનમાં થતાં જોડણી દોષોના નિવારવા માટેના કાર્યક્રમની રચના અને અજમાયશ કરવામાં આવી હતી, જેમાં પાલનપુર તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૯ના વર્ષ 2021-22ના 50 વિદ્યાર્થીઓને નમૂના તરીકે લેવામાં આવ્યા હતા. પૂર્વ કસોટી વડે માહિતી મેળવી આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓનું લેખનકાર્ય શુદ્ધ જોડણી સાથે થાય તે માટે જોડણી સુધારણા માટેના તેમની કક્ષાને ધ્યાનમાં રાખી યોગ્ય નિયમો અને ચાર્ટ તૈયાર કરી સ્વપ્રયત્ને આ કાર્યક્રમ આગળ વધારવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં જોડણી સુધારણા કાર્યક્રમની અસર જોવા મળે છે. વિદ્યાર્થીઓનું ભાષાકીય જ્ઞાન સમૃદ્ધ બને અને તેઓ લેખનકાર્યમાં શુદ્ધ જોડણી લખતાં શીખે છે. વિદ્યાર્થીઓના જોડણીદોષ સુધારણા માટે તેમની કક્ષાઓને ધ્યાનમાં રાખી યોગ્ય નિયમો તથા ચાર્ટ તૈયાર કરી આપવામાં આવે તો વિદ્યાર્થીઓ સ્વપ્રયત્ને આગળ વધી શકે છે.

**ચાવીરૂપ શબ્દો** :- ભાષાલેખન, જોડણીદોષ, રચના, અજમાયશ

**<u>સંશોધન સારાંશ 2</u>**

**સંશોધકનું નામ** :- પરમાર લલિત આર.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર.કે.ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી. જે. વી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22/HNGU/M.Ed

**સંશોધન શીર્ષક** :- ગુજરાતી વિષયના વાક્ય લેખનમાં થતી ભૂલોના સંદર્ભમાં નિદાન-ઉપચાર કાર્યક્રમની રચના અને અસરકારકતા

Effectiveness Of Diagnasis And Remedial Teaching For Solving Mistakes In Gujarati

**સંશોધન ક્ષેત્ર** :- ભાષા શિક્ષણ, વ્યાકરણ શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ-૮ના વિદ્યાર્થીઓની શ્રુતલેખન, વિરામચિન્હો, વાક્ય રચના, લેખન કાર્યમાં અને જોડણીમાં થતી ભૂલો શોધવી.
- વિદ્યાર્થીઓના અક્ષરોની રચના, કદ, સ્વચ્છતા, સીધી લીટીમાં લખાણ, માત્રાનું સ્થાન, બે શબ્દો વચ્ચેનું અંતર જેવી બાબતોમાં શ્રુત લેખન કાર્યનું મુલ્યાંકન કરવું.
- લેખન સુધાર કાર્યક્રમની વિદ્યાર્થીઓ પરની અસરકારકતા તપાસવી.

**સંશોધન ઉત્કલ્પનાઓ** :-

- નિદાન-ઉપચાર કાર્યક્રમ પહેલા લીધેલ પૂર્વ કસોટી અને નિદાન-ઉપચાર કાર્યક્રમની રચના પછી લીધેલ ઉત્તર કસોટીના શ્રુતલેખન અંગેના વિરામચિન્હો અંગેના, વાક્યરચના અંગેના જોડણી અંગેના લેખન કાર્યના સમગ્ર ઘટકો અંગેના વિદ્યાર્થીઓના પ્રાપ્તાકોની સરાસરી વચ્ચેનો તફાવત હશે જે ઉતરકસોટી તરફેણમાં હશે.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - નિદાન ઉપચાર કાર્યક્રમ,
- **પરતંત્ર ચલ** - ગુજરાતી વિષયના વાક્ય લેખનમાં થતી ભૂલ,
- **પરિવર્તક ચલ** - વ્યવહાર

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમુનો** :- ચાણસ્મા તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના ધોરણ-૮માં અભ્યાસ કરતાં તમામ બાળકો પસંદ કરવામાં આવ્યા હતા.

**નમુનો** :- પ્રાથમિક શાળામાં વર્ષ 2020-22માં ભણતા 30 વિદ્યાર્થીઓ સહેતુક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**:- સ્વ- રચિત નિદાન કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- ટી - કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**તારણો** :-

- શ્રુતલેખન, વિરામ ચિન્હો, વાક્ય રચના અને જોડણી એટલે કે લેખનના સમગ્ર કાર્યક્રમમાં ઘટકોના નિદાન ઉપચાર કાર્યક્રમ સફળ રહેલો છે.
- જાતીયતાના સંદર્ભમાં શુદ્ધ લેખનની બાબતમાં છોકરીઓ કરતા છોકરાઓ ચડિયાતા છે.

**ફલિતાર્થ** :-

- શિક્ષકે વિદ્યાર્થીઓને માતૃભાષાનું મહત્વ સમજાવવું જરૂરી છે.
- શિક્ષકે વિદ્યાર્થીઓને ભાષા કૌશલ્ય વિશે સમજ આપવી જોઈએ.
- શિક્ષકે વિદ્યાર્થીઓના ગુજરાતી લેખન કાર્યમાં થતી ભૂલોના કારણો જાણી તેના વિશે માહિતગાર કરવા જોઈએ.

**ઉપસંહાર** :-

સમગ્ર સંશોધન દરમિયાન સંશોધકને જોવા મળ્યું કે ગુજરાતી વિષયના લેખનકાર્યમાં બાળકો અનેક પ્રકારની ભૂલો કરે છે. જે ભૂલોને સુધારવા માટે સંશોધકે નિદાન ઉપચાર કાર્યક્રમની રચના કરી અને સ્થાનિક ભણતા બાળકો પર તેની અજમાયશ કરી હતી.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત સંશોધન ગુજરાતી વિષયના વાક્ય લેખનમાં થતી ભૂલોના સંદર્ભમાં નિદાન ઉપચાર કાર્યક્રમની રચના અને અસરકારકતાના સંદર્ભમાં હાથ ધરવામાં આવ્યું હતું. આ અભ્યાસ માટે નિદાન ઉપચાર કાર્યક્રમની રચના કરવામાં આવી હતી. શ્રુતલેખન, વિરામ ચિન્હો, વાક્ય રચના અને જોડણીની બાબતમાં વિદ્યાર્થીઓની નિદાન કસોટી લેવામાં આવી હતી. નિદાન કસોટી લીધા બાદ વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી લેવામાં આવી હતી અને નિદાન ઉપચાર કાર્યક્રમ પહેલાં લીધેલ પૂર્વ કસોટી અને નિદાન ઉપચાર કાર્યક્રમ પછી લીધેલ ઉત્તર કસોટીના શ્રુતલેખન, વિરામ ચિન્હો, વાક્યરચના અને જોડણીની ઉત્તર કસોટીની સરાસરી વચ્ચેનો તફાવત હતો જે ઉત્તર કસોટીની તરફેણમાં હતો.

**ચાવીરૂપ શબ્દો** :- નિદાન કસોટી, ઉપચારાત્મક કાર્ય

**<u>સંશોધન સારાંશ 3</u>**

**સંશોધકનું નામ** :- પ્રજાપતિ જ્યોત્સના ડી.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ. એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી. પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ધોરણ 11ના ગુજરાતી(અંગ્રેજી માધ્યમ)ના વાંચન અર્થગ્રહણ ક્ષમતા વિકસાવવા માટેના કાર્યક્રમની સંરચના અને અસરકારકતા

Construction and Effectiveness of a Program for Gujarati Reading Comprehension Ability of 11th Standard of Gujarati and English Medium Students

**સંશોધન ક્ષેત્ર** :- ભાષા શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 11 અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની ગુજરાતી વાંચન અર્થગ્રહણ ક્ષમતા નક્કી કરવા વાંચન અર્થગ્રહણ કસોટીની રચના કરવી.
- ધોરણ 11 અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની ગુજરાતી વાંચન અર્થગ્રહણ ક્ષમતાની કક્ષા નક્કી કરવી.
- ધોરણ 11 અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની ગુજરાતી વાંચન અર્થગ્રહણ ક્ષમતા પર જાતિની, વિસ્તારની અને શાળાના પ્રકારની અસર તપાસવી.

**સંશોધન ઉત્કલ્પનાઓ :-**

- કુમારો અને કન્યાઓના વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મેળવેલ પ્રપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મેળવેલ પ્રપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- અનુદાનિત અને બિન અનુદાનીત શાળાના વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મેળવેલ પ્રપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ઉચ્ચ શિક્ષણ ધરાવતા માતા-પિતાના બાળકો અને નિમ્ન શિક્ષણ ધરાવતા માતા-પિતાના બાળકોના વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મેળવેલ પ્રપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ:-**

- **સ્વત્રંત ચલ –** 1) જાતિ –કુમાર અને કન્યા
  2) વિસ્તાર – ગ્રામ્ય અને શહેરી
- **પરતંત્ર ચલ** - વિદ્યાર્થીઓની ગુજરાતી વાંચન અર્થગ્રહણ ક્ષમતા
- **નિયંત્રિત ચલ –** પાલનપુર તાલુકો, ગુજરાતી માધ્યમ, ધોરણ – 11

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકાની અંગ્રેજી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ 11માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ

**નમૂનો** :- **યાદચ્છિક નિદર્શ પધ્ધતિથી 400** વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી તૈયાર કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- અંકશાસ્ત્રીય પધ્ધતિ, સાદી ટકાવારી તથા ક્રાંતિક ગુણોત્તર દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું.

**તારણો** :-

- કુમાર કરતા કન્યાઓમાં ગુજરાતી વાંચન અર્થગ્રહણ ક્ષમતા ઓછી જોવા મળેલ છે.
- ગ્રામ્ય કરતાં શહેરના વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા ઓછી જોવા મળે છે.
- અનુદાનિત કરતા બિનઅનુદાનીત શાળાઓના વિદ્યાર્થીઓમાં વાંચન અર્થગ્રહણ ક્ષમતાની બાબતમાં સ્નાતકથી ઓછું શિક્ષણ ધરાવતા અને સ્નાતકથી વધુ શિક્ષણ ધરાવતા માતા-પિતાની ગુજરાતી વાંચન અર્થગ્રહણ ક્ષમતા સમાન છે.

**ફલિતાર્થ** :-

પ્રસ્તુત અભ્યાસન અંગ્રેજી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી વાંચન અર્થગ્રહણ ક્ષમતા વધારવા માટે ઉપયોગી બનશે.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત સંશોધનના ક્ષેત્રો નિશ્ચિત સમયમર્યાદામાં હાથ ધરવામાં આવેલા હતા છતાં પણ સંશોધકે શૈક્ષણિક સંશોધનની બધી બાબતોને ધ્યાનમાં રાખી વૈજ્ઞાનિક રીતે અભ્યાસને હાથ ધરવાનો પ્રયાસ કરેલો હતો. અભ્યાસમાંથી મળેલા તારણો અંગ્રેજી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ, ગ્રામીણ વિસ્તાર, શહેરી વિસ્તાર, વાલીઓ, શિક્ષકો પ્રત્યે વ્યક્તિઓને ઉપયોગી થાય તેવો પ્રયાસ સંશોધકે કરેલ છે.

**સારાંશ**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ 11ના અંગ્રેજી માધ્યમના ગુજરાતી વાંચન અર્થગ્રહણ ક્ષમતા વિકસાવવા માટેના કાર્યક્રમની સંરચના અને અસરકારકતા માટે પાલનપુર તાલુકાની અંગ્રેજી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ 11માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં ગદ્યખંડ, પદ્યખંડ અને વાર્તાઓ આધારિત વાંચન અર્થગ્રહણ આધાર યોગ્ય આંકડાકીય પ્રવૃત્તિઓ દ્વારા આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ કરી જરૂરી કોઠાઓ, લેખો અને આવૃત્તિ વિતરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં અંગ્રેજી શાળામાં અભ્યાસ કરતા કુમાર અને કન્યાઓમાં ગુજરાતી વાંચન અર્થગ્રહણ કુમારો કરતા કન્યાઓમાં ઊંચું

જોવા મળ્યું હતું. ગ્રામ્ય કરતા શહેરના વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા ઓછી જોવા મળી હતી. અનુદાનિત કરતા બિન અનુદાનિત શાળાઓમાં વિદ્યાર્થીઓનું વાંચન અર્થગ્રહણ ક્ષમતાની બાબતમાં સમાનતા જોવા મળી હતી.
**ચાવીરૂપ શબ્દો** :- વાંચન અર્થગ્રહણ ક્ષમતા, સંરચના, અસરકારકતા

**<u>સંશોધન સારાંશ 4</u>**
**સંશોધકનું નામ** :- ચૌહાણ પ્રકાશસિંહ ડી.
**કોલેજનું નામ** :- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ પાલનપુર
**ગાઈડનું નામ** :- ડૉ. સી. એમ. ત્રિવેદી
**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.
**સંશોધન શીર્ષક** :- ધોરણ 9 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષાલેખન અભિવ્યક્તિનો અભ્યાસ
A Study of Gujarati Writing Expression Ability of Std. 9 Students.
**સંશોધનનું ક્ષેત્ર** :- ભાષા શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ
**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 9 ના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષાલેખન અભિવ્યક્તિ પર જાતીયતાની અસર તપાસવી

**અભ્યાસ ઉત્કલ્પના** :-

- કુમારો અને કન્યાઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં લેખન અભિવ્યક્તિના પસંદ કરેલ પાંચ ઘટકો પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- કુમારો અને કન્યાઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના લેખન અભિવ્યક્તિના પસંદ કરેલ પાંચ ઘટકો પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - જાતીયતા - કુમાર/કન્યા
- **પરતંત્ર ચલ** - હાંસિયો, સ્વચ્છતા, અંતર, સીધી લીટીમાં લખાણ, અક્ષરોના મરોડ
- **અંકુશીત ચલ** - પાલનપુર તાલુકો, ધોરણ 9

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન
**સંશોધનની પદ્ધતિ** :- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ
**નમુનો** :- ધોરણ 9 ના માધ્યમિક શાળાના 250 વિદ્યાર્થીઓ સહેતુક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.
**ઉપકરણ** :- સ્વરચિત લેખન અભિવ્યક્તિ કસોટીની રચના કરવામાં આવી હતી.
**પૃથક્કરણની રીત** :- સરાસરી, પ્રમાણ વિચલન અને T – મૂલ્ય દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.
**તારણો** :-

- વિદ્યાર્થીઓની લેખન અભિવ્યક્તિમાં પૂર્વ કસોટી કરતા ઉત્તર કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વધુ સારા જોવા મળ્યા હતા.
- વિદ્યાર્થીઓની લેખન અભિવ્યક્તિમાં કન્યાઓ કરતા કુમારોની ઘટક હાંસિયા પરની અભિવ્યક્તિ વધુ સારી જોવા મળી હતી.
- વિદ્યાર્થીઓની લેખન અભિવ્યક્તિમાં કુમારો કરતા કન્યાઓની ઘટક સ્વચ્છતા, અંતર, સીધી લીટીમાં લખાણ અને અક્ષરોના મરોડ પરની લેખન અભિવ્યક્તિ વધુ સારી જોવા મળી હતી.

**ફલિતાર્થ** :-

પ્રસ્તુત અભ્યાસમાં પૂર્વ કસોટી કરતા ઉત્તર કસોટીના સરેરાશાંકો જોતા લાગે છે કે, શિક્ષકે વિદ્યાર્થીઓની લેખન અભિવ્યક્તિ સારી થાય એ માટે પૂરતું ધ્યાન આપવું જોઈએ. વિદ્યાર્થીઓ માટે શિક્ષકે પત્ર લેખન, નિબંધ લેખન, વાર્તા લેખન વગેરે જેવી સ્પર્ધાઓનું આયોજન પણ કરવું જોઇએ.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત સંશોધન માતૃભાષા ગુજરાતીની લેખન અભિવ્યક્તિ પર હાથ ધરવામાં આવ્યું હતું અને તેના તારણો જોતાં જણાય છે કે જો વિદ્યાર્થીઓ પર લેખન અભિવ્યક્તિમાં યોગ્ય ધ્યાન આપવામાં આવે તો તે વધુ સારી રીતે લેખન અભિવ્યક્તિ કરી શકે છે.

**સારાંશ**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ 9 ના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાના લેખનમાં થતાં દોષોના નિવારવા માટેના કાર્યક્રમની રચના અને અજમાયશ કરવામાં આવી હતી. જેમાં પાલનપુર તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ 9 ના વર્ષ 2021-22 ના 250 વિદ્યાર્થીઓને નમૂના તરીકે લેવામાં આવ્યા હતા. પૂર્વ કસોટી વડે માહિતી મેળવી પૃથક્કરણ માટે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં કાર્યક્રમની હકારાત્મક અસર જોવા મળી હતી. વિદ્યાર્થીઓ ભાષાકીય જ્ઞાન સમૃદ્ધ કરે અને લેખનકાર્ય શુદ્ધ  કરતા શીખે તે માટે જોડણી સુધારણા માટેના તેમની કક્ષાને ધ્યાનમાં રાખી યોગ્ય કાર્યક્રમ રચવામાં આવ્યો હતો. તેમાં વિદ્યાર્થીઓની લેખન અભિવ્યક્તિમાં પૂર્વ કસોટી કરતા ઉત્તર કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વધુ સારા જોવા મળ્યા હતા.

**ચાવીરૂપ શબ્દો** :- લેખન, અભિવ્યક્તિ

## પ્રકરણ-4: ગણિત શિક્ષણ

**સંશોધન સારાંશ 1**

**સંશોધકનું નામ** :- ત્રિવેદી કૃપા વી.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ. એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ધોરણ 8 ના ગણિત વિષયના ઘાત અને ઘાતાંક એકમના અધ્યાપનમાં સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસરકારકતા

Effectiveness of Concept Attainment Model in the Teaching of Exponent Unit of Mathematic Subject of Std 8

**સંશોધનનું ક્ષેત્ર** :- ગણિત શિક્ષણ અને પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 8 ના ગણિત વિષયના ઘાત અને ઘાતાંક એકમ માટે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન મોડેલની રચના કરવી.
- ધોરણ 8 ના ગણિત વિષયના ઘાત અને ઘાતાંક એકમ માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર પ્રયોગ બળની અસર તપાસવી.
- ધોરણ 8 ના ગણિત વિષયના ઘાત અને ઘાતાંક એકમ માટે વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ પર અભ્યાસ હેઠળના વિવિધ ચલોની મુખ્ય અસર તપાસવી.
- ધોરણ 8 ના ગણિત વિષયના ઘાત અને ઘાતાંક એકમ માટે વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ પર અભ્યાસ હેઠળના સ્વતંત્ર ચલોની આંતરક્રિયા તપાસવી.

**સંશોધન ઉત્કલ્પનાઓ** :-

- અનુદાનિત શાળાના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- બિન-અનુદાનિત શાળાના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- અનુદાનિત શાળાના પ્રાયોગિક જૂથના છોકરાઓ અને છોકરીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- અનુદાનિત શાળાના નિયંત્રિત જૂથના છોકરાઓ અને છોકરીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

- બિન-અનુદાનિત શાળાના પ્રાયોગિક જૂથના છોકરાઓ અને છોકરીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- બિન-અનુદાનિત શાળાના નિયંત્રિત જૂથના છોકરાઓ અને છોકરીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમની જાતિ અને શાળાના પ્રકારની કોઇ આંતરિક અસર નહિ હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - જાતિ અને વિસ્તાર
- **પરતંત્ર ચલ** - સિદ્ધિ કસોટી પરના પ્રાપ્તાંકો
- **અંકુશિત ચલ** – ધોરણ

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પ્રસ્તુત અભ્યાસમાં બનાસકાંઠા જિલ્લામાં આવેલા ડીસા તાલુકાના ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના ધોરણ 8 માં વર્ષ 2020-21 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ.

**નમૂનો** :- ગ્રામ્ય વિસ્તારના 80 અને શહેરી વિસ્તારના 80 એમ કુલ 160 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સ્વ નિર્મિત એકમ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- સંખ્યાત્મક પૃથક્કરણ તરીકે T- મૂલ્યનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**તારણો** :-

- ગ્રામ્ય વિસ્તારના છોકરાઓના ગણિત વિષયના ઘાત અને ઘાતાંક એકમ શીખવા માટેના સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસર જોવા મળી ન હતી.
- શહેરી વિસ્તારના છોકરા/છોકરીઓમાં ગણિત વિષયના ઘાત અને ઘાતાંક એકમ શીખવવા માટેના સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસર જોવા મળી ન હતી.
- શહેરી વિસ્તારના છોકરાઓમાં સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન અને ગ્રામ્ય વિસ્તારના છોકરાઓમાં બંને પદ્ધતિની તુલનાત્મક અસર જોવા મળી ન હતી.

**ફલિતાર્થ** :-

સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન દ્વારા દરેક શિક્ષકને પોતાના વિષયમાં શિક્ષણકાર્ય માટે પ્રસ્તુત અભ્યાસ માર્ગદર્શકરૂપ પુરવાર થશે.

**ઉપસંહાર** :-

અભ્યાસક પોતે ગણિતના અભ્યાસી હોવાથી અન્ય વિદ્યાર્થીઓ પણ ગણિત વિષયમાં પ્રગતિ સાધે આ હેતુથી પ્રસ્તુત અભ્યાસ કાર્યમાં સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસરકારકતા તપાસવા સમગ્ર અભ્યાસ સમસ્યામાં ઉદ્ભવથી માંડીને અભ્યાસ દ્વારા મળેલા તારણો સુધીની બાબતને આવરી લેવામાં આવી છે.

**<u>સારાંશ</u>**

પ્રાથમિક કક્ષાએ ગણિત એક મહત્વનો વિષય છે જેમાં ઘાત અને ઘાતાંક અતિ મહત્વનો ભાગ ભજવે છે. મોટા ભાગના વિદ્યાર્થીઓને આ ઘટકને આત્મસાત કરવામાં મુશ્કેલી પડે છે. આ માટેના ઘણા બધા કારણોમાં એક મુખ્ય કારણ વિદ્યાર્થીઓની કેટલીક સંકલ્પના સ્પષ્ટ કરવામાં મુશ્કેલી પડે છે. આ બાબતને ધ્યાનમાં રાખી ગણિત વિષયના ઘાત અને ઘાતાંક શિક્ષણની સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનનો ઉપયોગ કરીને અધ્યાપન કાર્ય કરવાથી શૈક્ષણિક સિદ્ધિમાં ફેર પડે છે કે કેમ? તે તપાસવા સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનથી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારના છોકરાઓના ગણિત વિષયના ઘાત અને ઘાતાંક એકમ શીખવા માટેના સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસર જોવા મળી ન હતી. શહેરી વિસ્તારના છોકરા/છોકરીઓમાં ગણિત વિષયના ઘાત અને ઘાતાંક એકમ શીખવવા માટેના સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસર જોવા મળી ન હતી. શહેરી વિસ્તારના છોકરાઓમાં સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન અને ગ્રામ્ય વિસ્તારના છોકરાઓમાં બંને પદ્ધતિની તુલનાત્મક અસર જોવા મળી ન હતી.

**ચાવીરૂપ શબ્દો** :- સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન, શૈક્ષણિક સિદ્ધિ

**<u>સંશોધન સારાંશ 2</u>**

**સંશોધકનું નામ** :- પરમાર સાગરસિંહ જે.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ. એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ધોરણ 8 ના ગણિત વિષયના શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિની સમીક્ષા

A Review Of The Current Situation Of Education In Mathemetics Subject Of Std-VIII

**સંશોધનનું ક્ષેત્ર** :- ગણિત શિક્ષણ તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 8 ના ગણિત શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ જાણવા માટેની પ્રશ્નાવલીની રચના કરવી.
- જુન 2018 થી અમલમાં આવેલા ધોરણ 8 ના ગણિતના નવા પાઠ્યક્રમ અંગે શિક્ષકોના પ્રતિભાવોનો અભ્યાસ કરવો.
- ગણિત શિક્ષકના અપેક્ષિત કૌશલ્યો જાણવા.
- ગણિત શિક્ષણના ધ્યેયો અને હેતુઓ વિશે ગણિત શિક્ષકોના અભિપ્રાય જાણવા.

**સંશોધનના પ્રશ્નો** :-

- ગણિત શિક્ષકની શૈક્ષણિક લાયકાત કેવી હશે?
- ગણિત શિક્ષક કેટલો શૈક્ષણિક અનુભવ ધરાવતા હશે?
- ગણિત શિક્ષક વિષયનું જ્ઞાન કઈ રીતે સમૃદ્ધ કરતા હશે?
- ગણિત શિક્ષકો માટે કયા કૌશલ્ય અપેક્ષિત રહેશે?
- ગણિતના મૂલ્યાંકનનું સ્વરૂપ કેવું હશે?

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :-સર્વેક્ષણાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- દાંતા તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ધોરણ-8 ના શિક્ષકો.

**નમૂનો** :- દાંતા તાલુકાની 27 ગુજરાતી માધ્યમની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓના ધોરણ-8માં ગણિત વિષયના અભ્યાસ કરાવતા 30 શિક્ષકો સહેતુક નમૂના પસંદગી પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સ્વ રચિત પ્રશ્નાવલીની રચના કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**તારણો** :-

- ધોરણ 8 ના ગણિત વિષયના ચાલુ પાઠ્યક્રમમાં કુલ 14 એકમો છે, જેમાં પ્રથમ સત્રમાં 7 એકમ અને બીજા સત્રમાં 7 એકમોનો સમાવેશ થાય છે.
- અનુભવની દ્રષ્ટિએ જોતાં શૂન્યથી 5 વર્ષનો ગણિત શિક્ષણનો અનુભવ ધરાવતા 46.67%, 6 થી 10 વર્ષના અનુભવ ધરાવતા 20% અને 10 થી વધુ ગણિત શિક્ષણના અનુભવ ધરાવતા 13.33% શિક્ષકો હતા.

**ફલિતાર્થ** :-

પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુને અનુરૂપ હસ્ત બનાવટના સાધનોની યાદી ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે આથી ગણિતના પાઠ્યપુસ્તકને અંતે પરિશિષ્ટમાં ગણિતના સાધનો અને સંદર્ભ વિશેષ માહિતી આપવામાં આવે તો શિક્ષકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી બનશે.

**ઉપસંહાર** :-

અભ્યાસક પોતે ગણિતના અભ્યાસી હોવાથી અન્ય વિદ્યાર્થીઓ પણ ગણિત વિષયમાં પ્રગતિ સાધે આ હેતુથી પ્રસ્તુત અભ્યાસમાં ગણિત વિષયના શિક્ષકની પ્રવર્તમાન  સ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર ગણિત શિક્ષણ તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ છે તથા સંશોધનના હેતુઓ ધોરણ 8 ના ગણિત શિક્ષણમાં પ્રવર્તમાન સ્થિતિ જાણવા માટે પ્રશ્નાવલી રચના કરી અને ગણિત શિક્ષકના અપેક્ષિત કૌશલ્યો જાણવા તથા અભ્યાસના પ્રશ્નોમાં ગણિત શિક્ષકની શૈક્ષણિક લાયકાત કેવી હશે? ગણિત શિક્ષકની સજ્જતા માટે તાલીમની

વ્યવસ્થા કેવી હશે? તે જાણવાનું હતું. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન તથા સંશોધનની પદ્ધતિ સર્વેક્ષણાત્મક પદ્ધતિ છે. વ્યાપવિશ્વ તરીકે દાંતા તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકો છે, જેમાં નમૂના તરીકે દાંતા તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળામાં ધોરણ 8 માં અભ્યાસ કરાવતા ગણિતના શિક્ષકો હતા. પૃથક્કરણ પદ્ધતિમાં વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધનના તારણો ધોરણ 8 ના ગણિત વિષયના ચાલુ પાઠ્યક્રમમાં કુલ 14 એકમો છે, જેમાં પ્રથમ સત્રમાં 7 એકમ અને બીજા સત્રમાં 7 એકમનો સમાવેશ થાય છે.
**ચાવીરૂપ શબ્દો** :- ગણિત શિક્ષણ, પ્રવર્તમાન સ્થિતિ, સમીક્ષા

**<u>સંશોધન સારાંશ 3</u>**
**સંશોધકનું નામ** :- ચૌધરી વર્ષા એન.
**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ. એડ્ કોલેજ, પાલનપુર
**ગાઈડનું નામ** :- ડૉ. જે. એલ. બારડ
**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.
**સંશોધન શીર્ષક** :- ધોરણ 8 ના ગણિતના અભ્યાસક્રમના એકમ બહુપદીના ભાગાકારના ખ્યાલો પર અભિક્રમની રચના અને અજમાયશ

Preparation and Try Out Of Programmed Learning for Unit Divisibility of Polynomial in Mathematics Syllabus for Standard 8

**સંશોધનનું ક્ષેત્ર** :- ગણિત શિક્ષણ તથા શૈક્ષણિક ટેકનોલોજી
**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ-8 માં ગણિતના બહુપદીના ભાગાકાર એકમ પર અભિક્રમ તૈયાર કરવા.
- બહુપદીના ભાગાકારના એકમ પર બનાવેલ અભિક્રમની અજમાયશ કરી તેની ચકાસણી કરવી.
- અભિક્રમિત અધ્યયન તથા પરંપરાગત શિક્ષણ પદ્ધતિના અધ્યયનનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- અભિક્રમિત અધ્યયન પદ્ધતિની અસરકારકતા તપાસવી.
- અભિક્રમિત અધ્યયનના શિક્ષણકાર્ય માટે અંતિમ કસોટીની રચના કરવી.

**સંશોધન ઉત્કલ્પના** :-

- અભિક્રમિત અધ્યયનથી શીખતાં વિદ્યાર્થીઓના સિદ્ધિ આંક અને પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી શીખતા વિદ્યાર્થીઓના સિદ્ધિ આંક વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - અભિક્રમિત અધ્યયન
- **પરતંત્ર ચલ** - વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ
- **અંકુશિત ચલ** - શ્રેણી, વિષય, એકમ, અભ્યાસ, સમય

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન
**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ-8 ના વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ છે.
**નમૂનો** :- કાણોદર પ્રાથમિક શાળા નં-1 ના 50 વિદ્યાર્થીઓ તેમજ કાણોદર શાળા નં-2 ના 50 વિદ્યાર્થીઓ એમ કુલ 100 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.
**ઉપકરણ** :- અભિક્રમિત અધ્યયન કાર્યક્રમની રચના કરવામાં આવી હતી.
**પૃથક્કરણની રીત** :- માહિતીનું એકત્રીકરણ કર્યા પછી સામગ્રીનો અભ્યાસ કરી તેમાં પ્રવર્તમાન સંકુલ પરિબળોને સરળ ભાષામાં વહેંચી નાખવામાં આવ્યા હતા.
**તારણો** :-

- ધોરણ 8 ના ગણિત વિષયના બહુપદીના ભાગાકાર એકમ પર તૈયાર થયેલા અભિક્રમ વ્યવહારિક રીતે પણ સાર્થક સાબિત થાય છે.
- પરંપરાગત પદ્ધતિથી આપવામાં આવતા શિક્ષણ કરતા અભિક્રમ આધારે થતું અધ્યયન વધારે ચડિયાતું છે.

**ફલિતાર્થ** :-

પ્રસ્તુત સંશોધનમાં માત્ર ગણિત વિષયના બહુપદીના ભાગાકાર એકમના અભિક્રમો રચવામાં આવ્યા છે, તેવી જ રીતે અન્ય વિષયો પર અભિક્રમોની રચના કરી શકાય.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસમાં સમગ્ર અભ્યાસ સમસ્યાની પસંદગીથી શરૂ કરી તારણો સુધીનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં સારા અભ્યાસના તારણો, અભ્યાસની મર્યાદાઓ, શૈક્ષણિક ભલામણ અને અન્ય ભલામણો દર્શાવવામાં આવી છે.

**સારાંશ**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ 8 ના ગણિત અભ્યાસક્રમ બહુપદીના ભાગાકારના ખ્યાલ ઉપર અભિક્રમની રચના અને અજમાયશ કરવામાં આવી હતી. જેમાં ધોરણ 8 ના ગણિતના બહુપદીના ભાગાકાર એકમ પર અભિક્રમ તૈયાર કરી તેની અજમાયશ કરી તેની ચકાસણી કરી પરંપરાગત શિક્ષણ અને અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની કાણોદર પ્રાથમિક શાળાના ધોરણ-8 ના કુલ 100 વિદ્યાર્થીઓનો નમુનામાં સમાવંશ કરવામાં આવ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો** :- ગણિત અભ્યાસક્રમ, બહુપદી ભાગાકાર, અભિક્રમ, અજમાયશ

**સંશોધન સારાંશ 4**

**સંશોધકનું નામ** :- કોટડીયા જયશ્રીબેન યુ.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ. એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. સી.એમ. ત્રિવેદી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ધોરણ 10 ના ગણિત વિષયના ત્રિકોણમિતિનો પરિચય અને તેના ઉપયોગો એકમ માટે નિદાન-ઉપચાર કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

Construction and Effectiveness of a Diagnosis Remedial Programme for Introduction and Uses of Trigonometry Unit of Mathematics Subject of Standard 10

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 10 માં ગણિત વિષયમાં ત્રિકોણમિતિનો પરિચય અને તેના ઉપયોગો એકમ પર નિદાનાત્મક કસોટી તૈયાર કરી અજમાયશ કરવી.
- ધોરણ 10 ના વિદ્યાર્થીઓની ત્રિકોણમિતિનો પરિચય અને તેના ઉપયોગો એકમમાં રહી જતી કચાશ કે ઉણપ શોધવી.
- ધોરણ 10 માં ગણિત વિષયના ત્રિકોણમિતિનો પરિચય અને તેના ઉપયોગો એકમના કઠિન મુદ્દાઓ માટે ઉપચાર કાર્યક્રમ રચવો.
- ધોરણ 10 માં ગણિત વિષયમાં ત્રિકોણમિતિનો પરિચય અને તેના ઉપયોગોના કઠીન મુદ્દાઓ માટે ઉપચાર કાર્યક્રમનું અમલીકરણ કરવું.

**સંશોધન ઉત્કલ્પનાઓ** :-

- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની નિદાન કસોટીના પ્રાપ્તાંક અને પુનઃનિદાન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** – નિદાન-ઉપચાર કાર્યક્રમ
- **પરતંત્ર ચલ** - શૈક્ષણિક સિદ્ધિ
- **પરિવર્તક ચલ** - વિસ્તાર
- **અંકુશિત ચલ** - ધોરણ 10, વિષય અને વિષયવસ્તુ

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- અમીરગઢ તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં ધોરણ 10 માં વર્ષ 2020-22 દરમિયાન અભ્યાસ કરતા ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓ.

**નમૂનો** :- અમીરગઢ તાલુકાની ગ્રામ્ય વિસ્તારની શાળા શ્રી લોકનિકેતન વિનય મંદિર, રામપુર શાળાના ધોરણ 10 ના 50 વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો હતો.

**ઉપકરણ** :- સ્વરચિત નિદાન કસોટીનો ઉપયોગ કરાયો હતો.

**પૃથક્કરણની રીત** :- સરાસરી, તફાવતની સાર્થકતા, T - ટેસ્ટ દ્વારા પૃથક્કરણ કરાયુ હતુ.

**તારણો** :-

- ધોરણ 10 ના ગણિત વિષયમાં ત્રિકોણમિતિનો પરિચય અને તેના ઉપયોગો એકમ માટે રચેલ નિદાન કસોટી દ્વારા વિદ્યાર્થીઓની ત્રિકોણમિતિનો પરિચય અને તેના ઉપયોગો એકમમાં રહી ગયેલી કચાશ જાણી શકાઈ.
- પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 10 ના ત્રિકોણમિતિનો પરિચય અને તેના ઉપયોગો માટે નિદાન કસોટી કરતા પુનઃ નિદાન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી એટલે કે ઉપચાર શિક્ષણ વધુ અસરકારક પુરવાર થયું હતું.

**ફલિતાર્થ** :-

વિદ્યાર્થીઓને ચીલા-ચાલુ એક જ પ્રકારનું શિક્ષણ ન આપતા જરૂરિયાત મુજબ પ્રવૃત્તિમય અને વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખીને શિક્ષણ આપવું જોઈએ અને ઉપચારાત્મક શિક્ષણ દ્વારા તેમની સિદ્ધિ વધારી શકાય છે.

**ઉપસંહાર** :-

આમ, શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે વિષયની નિદાન કસોટી રચી વિદ્યાર્થીઓની કચાશ શોધી તેમની દ્રષ્ટિએ શુષ્ક જણાતા વિષયને રસપ્રદ બનાવી અભ્યાસ કાર્ય કરાવવામાં આવે તો વિદ્યાર્થીઓની સિદ્ધિ વધારી શકાય છે.

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 10 ના ગણિત વિષયમાં ત્રિકોણમિતિનો પરિચય અને તેના ઉપયોગો એકમ માટે નિદાન કસોટીની રચના કરવામાં આવી હતી. તેની અજમાયશ બાદ વિદ્યાર્થીઓ માટે ઉપચાર કાર્યક્રમની રચના કરી તેનું અમલીકરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અમલીકરણ બાદ પુનઃ નિદાન કસોટી લઇ તેની અસરકારકતા ચકાસવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસની પદ્ધતિ પ્રાયોગિક પદ્ધતિ અને પ્રયોગોના અમલીકરણ માટે સહેતુક નમૂના પદ્ધતિથી શાળાની પસંદગી કરવામાં આવી હતી. શાળામાંથી ધોરણ 10 નો વર્ગ આકસ્મિક ઝુમખા પદ્ધતિની રીતે લેવામાં આવેલ હતો. પ્રથમ નિદાન કસોટી લઈ તેના મૂલ્યાંકન દરમિયાન વિદ્યાર્થીઓની કચાસ અલગ તારવવામાં આવી હતી, ત્યાર બાદ કચાશ આધારિત ઉપચાર કાર્યક્રમની રચના કરી તેનું અમલીકરણ કરી નિદાન કસોટી લેવામાં આવી હતી. આમ, નિદાન કસોટી અને પુનઃ નિદાન કસોટીના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંક મેળવી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**ચાવીરૂપ શબ્દો** :- ધોરણ, ગણિત, ત્રિકોણમિતિ, નિદાન, ઉપચાર

## પ્રકરણ-5: પર્યાવરણ શિક્ષણ

**સંશોધન સારાંશ 1**

**સંશોધકનું નામ** :- પટેલ મૈત્રી ડી.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર.કે.ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. સી. એમ. ત્રિવેદી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- આર્થિક અને પરંપરાગત રીતે ઉપયોગી વનસ્પતિઓ અંગે જાણકારી કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા

Study of the Design and Effectiveness of an Awareness Program for the Economically and Traditionally Useful Plants

**સંશોધન ક્ષેત્ર** :- પર્યાવરણ શિક્ષણ

**સંશોધનના હેતુઓ :-**

- ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ 11 ના વિદ્યાર્થીઓ માટે બહુમાધ્યમ આધારિત આર્થિક અને પરંપરાગત રીતે ઉપયોગી વનસ્પતિઓ અંગે જાણકારી કાર્યક્રમની રચના કરવી.
- ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ 11 ના વિદ્યાર્થીઓ માટે આર્થિક અને પરંપરાગત રીતે ઉપયોગી વનસ્પતિઓ અંગે જાણકારી માપદંડની રચના કરવી.
- ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ 11 ના વિદ્યાર્થીઓ માટે આર્થિક અને પરંપરાગત રીતે ઉપયોગી વનસ્પતિઓ અંગે જાણકારી કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

**સંશોધન ઉત્કલ્પનાઓ :-**

- પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓમાં આર્થિક અને પરંપરાગત રીતે ઉપયોગી વનસ્પતિ અંગે જાણકારી માપદંડ એટલે કે પૂર્વ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાકોની સરાસરી વચ્ચેનો સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- નિયંત્રિત જૂથોના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ :-**

- **સ્વતંત્ર ચલ** - કક્ષા-1 અમલીકરણ, કક્ષા-2 અમલીકરણ નહીં – અધ્યાપન પદ્ધતિ
- **પરતંત્ર ચલ** – વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ
- **અંકુશિત ચલ** - ધોરણ, વિષયવસ્તુ, શાળાનું વાતાવરણ, વિસ્તાર
- **આંતરવર્તી ચલ** - વિદ્યાર્થીઓની રસ-રુચિ

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- બનાસકાંઠા જિલ્લાની પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ષ 2021-22 દરમિયાન ધોરણ 11 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ

**નમૂનો** :- ધોરણ 11 માં અભ્યાસ કરતા 60 વિદ્યાર્થીઓ યાદચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- પૂર્વ કસોટી, ઉતરકસોટી અને અભિપ્રાયાવલીનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

**પૃથક્કરણની રીત** :- સરાસરી, પ્રમાણ વિચલન અને T- મૂલ્ય દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**તારણો** :-

- આર્થિક રીતે પરંપરાગત રીતે ઉપયોગી વનસ્પતિઓ અંગે જાણકારી કાર્યક્રમ પૂર્વ કસોટીના આધારે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ સમાન જોવા મળ્યા હતા.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી કરતા ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી.
- નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોમાં કોઈ તફાવત જોવા મળ્યો ન હતો.

**ફલિતાર્થો** :-

પ્રસ્તુત અભ્યાસ સમાજના લોકોને આર્થિક અને પરંપરાગત રીતે ઉપયોગી વનસ્પતિ અંગે જાણકારી આપી સશક્ત યુવાવર્ગને તૈયાર કરવામાં મદદરૂપ થઈ શકે છે. વિદ્યાર્થીઓને અન્ય વિષયો બહુ માધ્યમ સંપૂટના ઉપયોગથી સરળ રીતે અર્થગ્રહણ કરાવી શકાય છે.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસક્રમની સમયશક્તિની વ્યક્તિગત મર્યાદાઓને કારણે કેટલીક ક્ષતિઓ રહેવાની સંભાવના રહેલી છે, તેમ છતા અભ્યાસ સુધી શિક્ષણ જગતના લગભગ ઉપેક્ષિત એવા અભ્યાસના પાસા અંગે શિક્ષણ અને સમાજમાં જાગૃતિ લાવવામાં પ્રસ્તુત લઘુશોધ નિબંધ ફળદાયી નીવડે તે માટેના પ્રયત્નો કરી વ્યક્તિઓ માટે થોડા ઘણા પ્રમાણમાં પણ માર્ગદર્શન ઉપયોગી બનશે તો અભ્યાસકનો લઘુ પ્રયત્ન સાર્થક ગણાશે.

**સારાંશ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં આર્થિક અને પરંપરાગત રીતે ઉપયોગી વનસ્પતિઓ અંગે જાણકારી કાર્યક્રમની રચના અને તેની અસરકારકતાનો અભ્યાસ અંગે જાણકારી કાર્યક્રમની રચના કરવામાં આવી છે, જેમાં વ્યાપવિશ્વ તરીકે પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ષ 2021-22 દરમિયાન ધોરણ 11 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં શાળા, વર્ગ તેમજ જૂથ પસંદગી અને પાત્રોની પસંદગી આકસ્મિક નમૂના પસંદગી દ્વારા કરવામાં આવી છે, જે અંતર્ગત ધોરણ 11 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી પ્રાયોગિક જૂથમાં 30 અને નિયંત્રિત જૂથના 30 વિદ્યાર્થીઓ એમ કુલ 60 વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કરેલ હતા. જેમાં પૂર્વ કસોટી, ઉત્તર કસોટી અને અભિપ્રાયવલીનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો અને સમગ્ર પ્રયોગના અંતે પ્રાપ્તાંકો મેળવવામાં આવેલ છે અને આ મેળવેલ પ્રાપ્તાંકો પર સરાસરી, પ્રમાણ વિચલન, SED અને T- મૂલ્ય દ્વારા માહિતી પૃથક્કરણ કરવામાં આવેલ છે.

**ચાવીરૂપ શબ્દો** :- વનસ્પતિની આર્થિક ઉપયોગિતા, વનસ્પતિની પરંપરાગત ઉપયોગિતા

**સંશોધન સારાંશ 2**

**સંશોધકનું નામ** :- મેતિયા નિખિલકુમાર કે.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ. એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. પી. બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.Ed.

**સંશોધન શીર્ષક** :- પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પર્યાવરણ પ્રત્યેની સભાનતાનો અભ્યાસ

The Environmental Awareness of the Students Studying In Higher Secondary Schools of Palanpur Taluka

**સંશોધન ક્ષેત્ર** :- પર્યાવરણ ક્ષેત્ર

**સંશોધનના હેતુઓ** :-

- ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પર્યાવરણ સભાનતા કસોટીની રચના કરવી.
- ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પર્યાવરણ સભાનતાનો અભ્યાસ કરવો.
- પર્યાવરણ સભાનતા કસોટીના પ્રાપ્તાંકો ઉપર જાતીયતાની અને વિસ્તારની અસર તપાસવી.

**સંશોધન ઉત્કલ્પનાઓ** :-

- ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ગ્રામીણ કુમારો અને ગ્રામીણ કન્યાઓમાં પર્યાવરણ સભાનતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા શહેરી કુમારો અને કન્યાની પર્યાવરણ સભાનતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા શહેરી કુમારો અને ગ્રામીણ કુમારોની પર્યાવરણ સભાનતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** – જાતિ, વિસ્તાર
- **પરતંત્ર ચલ** – પર્યાવરણ સભાનતા

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ 11 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ

**નમૂનો** :- પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ 11 માં અભ્યાસ કરતાં 209 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સ્વ રચિત પર્યાવરણ સભાનતા કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- સંશોધકે પસંદ કરેલા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની પર્યાવરણ સભાનતા કસોટી માટે પ્રશ્નાવલિ બનાવી વિદ્યાર્થીઓ પાસેથી તેના જવાબો મેળવવામાં આવ્યા હતા. આ જવાબોનું ગુણાંકન કરીને ઉત્તરપત્ર પર નોંધવામાં આવ્યા

**તારણો** :-

- પર્યાવરણ સભાનતા કસોટીમાં ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા શહેરી કુમારો અને શહેરી કન્યાઓના આવૃત્તિ વિતરણ પરથી ઘણી સારી અને નબળી કક્ષામાં શહેરી કુમારોની ટકાવારી કન્યાઓ કરતા ઓછી છે.
- શહેરી કુમારોની ટકાવારી શહેરી કન્યાઓની ટકાવારી કરતાં વધુ છે.
- પર્યાવરણ સભાનતા કસોટીમાં ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા કુલ શહેરી અને ગ્રામીણ વિદ્યાર્થીઓના આવૃત્તિ વિતરણ પરથી ઘણી સારી અને મધ્યમ કક્ષામાં કુલ ગ્રામીણ કરતા કુલ શહેરી વિદ્યાર્થીઓની ટકાવારી વધુ છે.

**ફલિતાર્થ** :-

પર્યાવરણ જાગૃતિ માટે જે તે વિસ્તારની શાળા કોલેજો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પોતાના વિસ્તારમાં પર્યાવરણીય સુધારણા, જાગૃતિ શિક્ષણ વગેરે કાર્યક્રમ સક્રિય કરવા જોઈએ અને પર્યાવરણને લગતી ફિલ્મો અને વિવિધ પ્રકારના પ્રકાશનો દ્વારા પર્યાવરણને લગતા પુસ્તકો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા જોઈએ.

**ઉપસંહાર** :-

આજના યુગની વિકટ સમસ્યા પર્યાવરણ પ્રદૂષણ અંગેની છે. માનવી એક યા બીજી રીતે પર્યાવરણને પ્રદૂષિત કરે છે. બળતણ બાળવાથી, કારખાનાઓમાંથી અને વાહનોમાંથી નીકળતા ધુમાડાથી, રાસાયણિક ખાતરના ઉમેરણથી, કીટનાશક ઝેરી દવાઓના છંટકાવથી અને અનેક મનોરંજનના સાધનોમાંથી બાષ્પીભૂત થતા રસાયણોનો ધુમાડો વગેરે પર્યાવરણ પ્રદૂષિત થાય છે.

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસ પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકોને પર્યાવરણ પ્રત્યે સભાનતાનો અભ્યાસ ધોરણ 11 ના બાળકો પૂરતી મર્યાદિત રાખેલ છે. સંશોધકે વિદ્યાર્થીઓની પર્યાવરણ સભાનતાનો અભ્યાસ કરતી કસોટી લીધી હતી. આજના યુગની વિકટ સમસ્યા પર્યાવરણ એક યા બીજી રીતે પ્રદૂષિત થાય છે. કારખાનાઓમાંથી નીકળતા ધુમાડા, રાસાયણિક ખાતરનો ઉપયોગ, કીટનાશક ઝેરી દવાઓના છંટકાવથી અને અનેક મનોરંજનના સાધનોમાંથી નીકળતા ધુમાડા પર્યાવરણને પ્રદૂષિત કરે છે. પર્યાવરણમાં બધી પ્રક્રિયાથી થતું પ્રદૂષણ રોકવા માટે પર્યાવરણ વિષયક વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી માનવીમાં જાગૃતિ લાવી પર્યાવરણ પ્રદૂષણ ઘટાડવાના પ્રયાસો યોજવા જોઈએ. પર્યાવરણ અંગે જો આજનો બાળક સભાન હશે તો ભવિષ્યની પર્યાવરણ સમસ્યાઓ નિવારી શકાશે. પર્યાવરણ જાગૃતિ માટે શાળા કક્ષાએ જાગૃતિ લાવવા માટે અભ્યાસક દ્વારા પ્રસ્તુત લઘુસંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

**ચાવીરૂપ શબ્દો** :- પર્યાવરણ સભાનતા, ઉચ્ચતર માધ્યમિક શાળા

**સંશોધન સારાંશ 3**

**સંશોધકનું નામ** :- પટેલ નિરલ આર.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ. એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- લુપ્ત થતી વનસ્પતિ પ્રત્યેનાં જાગૃતિ કાર્યક્રમની રચના અને તેની અસરકારકતાનો અભ્યાસ

To Construct the Program Regarding Awareness of Extinct Vegetation and To Study Its Effectiveness

**સંશોધન ક્ષેત્ર** :- પર્યાવરણ શિક્ષણ, આરોગ્ય શિક્ષણ, મૂલ્ય શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- માધ્યમિક શાળાના ધોરણ 9 ના વિદ્યાર્થીઓ માટે બહુમાધ્યમ આધારિત લુપ્ત થતી વનસ્પતિ પ્રત્યે જાગૃતતા કાર્યક્રમની રચના કરવી.
- માધ્યમિક શાળાના ધોરણ 9 ના વિદ્યાર્થીઓ લુપ્ત થતી વનસ્પતિ પ્રત્યે જાગૃતતા માપદંડની રચના કરવી.
- માધ્યમિક શાળાના ધોરણ 9 ના વિદ્યાર્થીઓ માટે લુપ્ત થતી વનસ્પતિ પ્રત્યેના શિક્ષણ કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

**સંશોધન ઉત્કલ્પનાઓ** :-

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ લુપ્ત થતી વનસ્પતિ પ્રત્યેની જાગૃતિમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** – કક્ષા-1 અમલીકરણ, કક્ષા-2 અમલીકરણ નહીં.
- **પરતંત્ર ચલ** - લુપ્ત થતી વનસ્પતિ પ્રત્યેની જાગૃતિ કાર્યક્રમના પ્રાપ્તાંકો
- **અંકુશિત ચલ** - વિસ્તાર, વિષયવસ્તુ, ધોરણ
- **આતરવર્તી ચલ**- વિદ્યાર્થીઓની રસ-રુચિ, વલણ અધ્યયન ક્ષમતા

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- બનાસકાંઠા જિલ્લાની દાંતા તાલુકાની માધ્યમિક શાળાના ધોરણ 9ના વિદ્યાર્થીઓ

**નમુનો** :- ધોરણ 9 ના 60 વિદ્યાર્થીઓ આકસ્મિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સિદ્ધિ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- T મૂલ્ય દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**તારણો** :-

- લુપ્ત થતી વનસ્પતિ જાગૃતિ કાર્યક્રમમાં પૂર્વ કસોટીના આધારે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ સમાન જોવા મળ્યા હતા.
- લુપ્ત થતી વનસ્પતિ જાગૃતિ કાર્યક્રમ ઉત્તર કસોટીના આધારે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ સમાન જોવા મળ્યા હતા.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓમાં પૂર્વ કસોટી કરતા ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી.

**ફલિતાર્થ** :-

પ્રસ્તુત અભ્યાસ સમાજના લોકોને લુપ્ત થતી વનસ્પતિ અંગે જાગૃત કરી સભાન યુવા વર્ગ તૈયાર કરવામાં મદદરૂપ થઈ શકે છે. વિદ્યાર્થીઓને અન્ય કઠિન વિષયો બહુ માધ્યમ ઉપયોગથી સરળ રીતે અર્થગ્રહણ કરાવી શકાય છે.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે  લુપ્ત થતી વનસ્પતિ જાગૃતિ કાર્યક્રમ રચી તેના માટેની ભલામણો અને આનુવંશિક ભાવિ રજુ કર્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં તેના હેતુઓના સંદર્ભમાં વિસ્તૃત અને ઊંડાણ માધ્યમ પ્રાપ્ત કરી શકાય તેવો પ્રયાસ કર્યો હતો .

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત સંશોધનમાં લુપ્ત થતી વનસ્પતિ પ્રત્યે જાગૃતિ કાર્યક્રમની રચના અને તેની અસરકારકતાના અભ્યાસની અંદર સંશોધકે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાની માધ્યમિક શાળામાં ધોરણ 9ના વિદ્યાર્થીઓમાં વનસ્પતિ વિશે જાગૃતિ લાવવા અને તેમની સુરક્ષા માટે સભાનતાના શિક્ષણ માટે આ કાર્યક્રમની રચના કરી હતી.

જેમાં પ્રવચન કાર્ય બાદ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીનો ઉપ્યોગ કરી શિક્ષકો, વિદ્યાર્થીઓ, સંશોધકો અને સમાજને લૂપ્ત થતી વનસ્પતિની જાણકારી માટે ઉપયોગી થશે, તેવી આશા સાથે આ સંશોધન શુદ્ધ પણે પૂર્ણ કરેલ છે.
**ચાવીરૂપ શબ્દો :-** લુપ્ત, જાગૃતિ કાર્યક્રમ, અસરકારકતા, અભ્યાસ

**સંશોધન સારાંશ 4** (English)

**Researcher's Name :-** Asamadi Mehendihusen Ghulamhusen

**Name of the College :-** Shrimati R.K.D. Khanusiya M.Ed. college,Palanpur

**Guide Name :-** Mrs. T. S. Bhargava

**Year / University / Degree :-** 2020-2022 H.N.G.U. Patan M.Ed.

**Research Title: -** Cognizance of Climate Change Among the Secondary School Students of Sidhpur Taluka

**Area of Research :-** Education of environment

**Objectives of the Research :-**

- To study cognizance of climate change in secondary school students with respect to male and female students of Sidhpur Taluka
- To study cognizance of Climate Change in secondary school students with respect to Gujarati and English medium schools of Sidhpur Taluka
- To study cognizance of Climate Change in secondary school students with respect to Urban and rural areas of students of Sidhpur Taluka

**Hypothesis of the Research :-**

- There will be no significant difference between the mean score of the secondary school students with respect to gender of students of Sidhpur Taluka
- There will be no significant difference between the main score of the secondary school students with respect to Gujarati and English medium schools of Sidhpur Taluka
- There will be no significant difference between the means core of the secondary school students with respect to Urban and ruler areas of students of Sidhpur Taluka

**Research Variables:-**

- **Independent variables:-** Gender, medium and area
- **Dependent variables:-**Cognizance of climate change

**Type of Research :-** Applied research

**Research Method : -** Descriptive survey method

**Population of the Research: -** 11th and 12th standard students of English and Gujarati medium schools of Sidhpur Taluka

**Sample :-** 200 students of $11^{th}$ and $12^{th}$ standard selected by random sampling method

**Tool :-** self construct Questioneries were prepared

**Method of analysis :-** statistical analysis by t-value

**Findings of Research :-**

- English medium students are margin or more knowledgeable than Gujarati medium with respect of climate change cognizance.
- Rural students were more knowledgeable than urban students with respect of climate change cognizance.
- Male students were more knowledgeable than female student with respect of climate change cognizance.

**Outcome of Research:-**

The faculty members from various disciplines are not even trained to include environmental issues and perspectives in their teaching programme. As environmental education highlighting domestic production concept

and approaches which are theoretically taught and learnt but practically it is not included in all types of courses. Scientific teaching material, innovative curriculum and vocational programmes along with the training of students could be achieved.

**Conclusion:-**

Hypothesis is accepted, but the overall right answers which were obtained from the students are not so satisfactory. There is no significant difference between English medium students and Gujarati medium students regarding knowledge of climate change as per the t value obtained. Thus hypothesis is accepted but still as per the mean value obtained, English medium students have marginal more knowledge then Gujarati medium school students of Sidhpur taluka. There is no significant difference between urban and rural students of Sidhpur taluka regarding knowledge of climate change as per the t value obtained.

**Summary**

At the moment Environmental education has anticipated unlimited significance in current times for the reason that numerous of the ecological concerns are of universal concert and have need of the thoughtful collaboration of the whole human community Environmental education is course of organizing people with the expertise. They should be able to identify the causes of environmental problems and plan strategies for solving them. As the environmental problems, have increased over the years, the number of environmental organizations has multiplied. Unexpectedly, as the environmental concern has become fashionable, the environment has continued to worsen at an alarming rate. Maybe one reason for this is that much of the environmental education has remained at insincere levels and in many cases, is not addressed itself to the economic, social and political pressures effecting the environment. scientific teaching material, innovative curriculum and vocational programmes along with the training of students could be done then again due to lack of interest and participants it is left half solved or unsolved Effective environmental education about all the three types of environmental issues namely water pollution: air pollution and noise pollution are not emphasized in studies properly.

**Key word: -** Climate change, secondary school, Sidhpur Taluka

## પ્રકરણ-6: શૈક્ષણિક ટેક્નોલોજી

**સંશોધન સારાંશ 1**

**સંશોધકનું નામ** :- રાજગોર પાર્થકુમાર એન.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદિત એકમ પર મોડ્યુલ શિક્ષણ પદ્ધતિની અસરકારકતા

Effectiveness of Modular Teaching Method on Selected Unit of the Subject Scince & Techynology in Standard-9

**સંશોધનનું ક્ષેત્ર** :- શૈક્ષણિક ટેકનોલોજી, અધ્યયન અધ્યાપન

**સંશોધનના હેતુઓ** :-

- વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદીત એકમ પર મોડ્યુલની રચના કરવી.
- તૈયાર કરેલ મોડ્યુલની વિદ્યાર્થીઓ પર અજમાયશ કરવી.
- મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિની તુલના કરવી.
- મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર થતી અસર તપાસવી.
- મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જાતીયતાના સંદર્ભમાં અસર તપાસવી.
- મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ** :-

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારો અને કન્યાઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - શિક્ષણ પદ્ધતિ કક્ષા 1-મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ, કક્ષા 2-વ્યાખ્યાન પદ્ધતિ
- **પરતંત્ર ચલ** - શૈક્ષણિક સિદ્ધિ

**સંશોધનના પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસકે પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં વર્ષ 2020-21 દરમ્યાન ધોરણ 9 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે સ્વીકારેલ છે.

નમૂનો :- બનાસકાંઠા જિલ્લાની પાલનપુર તાલુકાની શ્રી એસ. કે. મહેતા માધ્યમિક શાળાના ધોરણ 9 માં અભ્યાસ કરતા 60 વિદ્યાર્થીઓને નમુનામાં સમાવેલ છે.

**ઉપકરણ** :- સ્વરચિત અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- સરાસરી, પ્રમાણ વિચલન અને T- કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**તારણો** :-

- મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ એ વ્યાખ્યાન પદ્ધતિ કરતાં ધોરણ 9 ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વધુ અસરકારક હતી.
- મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ દ્વારા અધ્યયનકાર્ય કુમારો કરતા કન્યાઓમાં વધુ અસરકારક રહ્યું હતું.
- વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયનકાર્ય કુમારો કરતા કન્યાઓમાં વધુ અસરકારક રહ્યું હતું
- કન્યાઓના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ વધુ અસરકારક રહી હતી.

**ફલિતાર્થો** :-

- ધોરણ 9 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદીત એકમો માટે તૈયાર કરેલ મોડ્યુલર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સંદર્ભમાં અસરકારક રહ્યો હતો.
- વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવો પુરા પાડવા માટે કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.
- શાળા સંચાલકોએ પુરતી સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.
- વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયોના મંડળોની રચના કરવી જોઈએ અને તેમને તાલીમ આપવી જોઇએ.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસમાં સમય અને શક્તિની વૈયક્તિક મર્યાદાઓને કારણે કેટલીક ક્ષતિઓ રહેવાની સંભાવના રહેલી છે, તેમ છતાં પ્રસ્તુત અભ્યાસ શિક્ષણ જગતના લગભગ ઉપેક્ષિત એવા અભ્યાસના પાસા અંગે શિક્ષણ અને સમાજમાં જાગૃતિ લાવવામાં ફળદાયી નીવડે તે માટેના પ્રયત્ન અભ્યાસક દ્વારા કરવામાં આવેલ છે.

**સારાંશ**

વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રત્યેની નિરસતા તથા હતાશા દૂર કરી તેઓને રસ લેતા કરવા એ સાચું શિક્ષણ આપવા માટેનું પ્રથમ પગથિયું છે. વિદ્યાર્થીને સ્વ-પ્રયત્ન દ્વારા અધ્યયન કરાવવામાં આવે તો તેની સમજશક્તિ, ગ્રહણશક્તિ તેમજ તર્કશક્તિનો વિકાસ થઈ શકે છે. વિદ્યાર્થીઓ સ્વ-પ્રયત્ને અધ્યયન કરતાં થાય તેવી કેટલીક પદ્ધતિઓ પૈકી મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ એવી એક પદ્ધતિ છે. પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસકે સ્વતંત્ર ચલ તરીકે શિક્ષણ પદ્ધતિ લઇને પરતંત્ર ચલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનુ માપન કર્યુ હતું. પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું સંશોધન હતું. પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસકે પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓમાં વર્ષ 2020-21 દરમ્યાન ધોરણ 9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે સ્વીકાર્યુ હતું અને બનાસકાંઠા જિલ્લાની પાલનપુર તાલુકાની શ્રી એસ. કે. મહેતા માધ્યમિક શાળાના ધોરણ 9માં અભ્યાસ કરતા 60 વિદ્યાર્થીઓને નમુના તરીકે પસંદ

કરાયા હતા. પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે સ્વરચિત સિદ્ધિ કસોટીની રચના કરી માહિતી એકત્ર કરી તેનું ટી કસોટી દ્વારા પૃથક્કરણ કરાયુ હતું.
**ચાવીરૂપ શબ્દો** :- ધોરણ 9, વિજ્ઞાન અને ટેકનોલોજી, મોડ્યુલર શિક્ષણ પદ્ધતિ

**સંશોધન સારાંશ 2**
**સંશોધકનું નામ** :- દવે અક્ષય કે.
**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર
**ગાઈડનું નામ** :- ડૉ. પી.બી. પટેલ
**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.
**સંશોધન શીર્ષક** :- ધોરણ 10 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના 'ઊર્જાના સ્ત્રોતો' એકમના અધ્યાપન માટે કોમ્પ્યુટર એડેડ ઈન્સ્ટ્રકશન (CAI) કાર્યક્રમની સંરચના અને અસરકારકતા
Construction And Effectiveness Of Computer Aided Instruction(CAI) Program For Teaching The Unit Source Of Energy Of Standard 10 In Science And Technology Subject
**સંશોધનનું ક્ષેત્ર** :- શૈક્ષણિક ટેકનોલોજી અને શૈક્ષણિક અધ્યયન-અધ્યાપન મનોવિજ્ઞાન
**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 10 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના એકમ ઊર્જાના સ્ત્રોતો શીખવવા માટે CAI કાર્યક્રમની રચના કરવી.
- ઊર્જાના સ્ત્રોત એકમ પર બનાવેલ CAI કાર્યક્રમની અસરકારકતા તપાસવી.
- જાતીયતાના સંદર્ભમાં કોમ્પ્યુટર એડેડ ઈન્સ્ટ્રકશન(CAI) કાર્યક્રમની અસરકારકતા તપાસવી.
- CAI કાર્યક્રમ અંગે પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા.
- પ્રણાલિગત પદ્ધતિથી અધ્યયન કરતા વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટી અને ધારણ કસોટીના પ્રાપ્તાંકો વચ્ચેનો સહસબંધ શોધવો.

**સંશોધન ઉત્કલ્પનાઓ** :-

- નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
- નિયંત્રિત જૂથના છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથના છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથના અને નિયંત્રિત જૂથના છોકરાઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી અને ધારણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - (1) CAI કાર્યક્રમ (2) શિક્ષણની પરંપરાગત પદ્ધતિ
- **પરતંત્ર ચલ** – શૈક્ષણિક સિદ્ધિ

**સંશોધનનો પ્રકાર** :- વ્યાવહારિક સંશોધન
**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.
**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકામાં શૈક્ષણિક વર્ષ 2020-22 માં અભ્યાસ કરતા ધોરણ 10ના વિદ્યાર્થીઓ
**નમૂનો** :- સહેતુક નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા શ્રીમતી એસ. કે. મહેતા હાઇસ્કુલ જગાણાના ધોરણ 10ના 92 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.
**ઉપકરણ** :- સ્વ-રચિત સિદ્ધિ કસોટીની રચના કરવામાં આવી હતી.
**પૃથક્કરણની રીત** :- સરાસરી, પ્રમાણ વિચલન અને ટી કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**તારણો** :-

- પ્રણાલીગત શિક્ષણ પદ્ધતિ કરતાં CAI શિક્ષણ પદ્ધતિ વધુ ચઢિયાતી જોવા મળી.
- CAI કાર્યક્રમની અસરકારકતા અહીં વધુ જોવા મળી છે.
- અન્ય પદ્ધતિ કરતાં CAI પદ્ધતિ દ્વારા અપાતું શિક્ષણ વિદ્યાર્થીઓને વધારે ગમે છે.
- બંને પદ્ધતિમાં છોકરાઓના પરિણામમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.
- બંને પદ્ધતિમાં છોકરીઓના પરિણામમાં સાર્થક તફાવત જોવા મળેલ છે.

**ફલિતાર્થ** :-

પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળ્યું હતું કે વિદ્યાર્થી શાળામાં કોઇ કારણસર ગેરહાજર રહે તો કોમ્પ્યુટર સીડીની મદદથી જાતે અભ્યાસ કરી શકશે. શિક્ષકોને કા.પા કાર્યથી રાહત મળી શકશે. શિક્ષક તરફથી વર્ગખંડમાં વર્ગ શિસ્ત જાળવી શકાશે. તેમજ CAI કાર્યક્રમને લીધે વિદ્યાર્થીમાં સ્વ-અધ્યયનનો વિકાસ જોવા મળશે.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસમાં CAI કાર્યક્રમથી અભ્યાસ કરાવ્યા બાદ ઉત્તર કસોટીમાં વિદ્યાર્થીઓએ મેળવેલા પ્રાપ્તાંકોની માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરી તેના તારણો તારવવા માટે ઉત્કલ્પના રચી તેની ચકાસણી કરવામાં આવી હતી. તેમજ તેને લગતા તારણો તારવી ભાવિ સંશોધન અંગેના સૂચનો કરવામાં આવેલ છે.

**<u>સારાંશ</u>**

ઉપરોક્ત સંશોધનમાં સંશોધનના ક્ષેત્ર તરીકે શૈક્ષણિક ટેકનોલોજી અને શૈક્ષણિક અધ્યયન-અધ્યાપનનો સમાવેશ થયેલો છે. આ સંશોધનનો હેતુ ધોરણ 10ના વિજ્ઞાન વિષયના એકમ ઊર્જાના સ્ત્રોતને શીખવા માટે CAI કાર્યક્રમની રચના કરી તેની અસરકારકતા પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથમાં જાતીયતાના સંદર્ભે તપાસવાની હતી વળી અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે CAI કાર્યક્રમ અને શિક્ષણની પરંપરાગત પદ્ધતિ તેમજ પરતંત્ર ચલ તરીકે શૈક્ષણિક સિદ્ધિનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે પાલનપુર તાલુકાના ધોરણ-10માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને તે પૈકી નમૂનામાં શ્રીમતી આર. કે. મહેતા હાઇસ્કુલમાં અભ્યાસ કરતા ધોરણ 10ના વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો હતો. પ્રસ્તુત અભ્યાસમાં ઉપકરણ તરીકે સ્વરચિત સિદ્ધિ કસોટીનો ઉપયોગ કરી T-મૂલ્ય દ્વારા માહિતીનું પૃથક્કરણ કરી તારણો તારવવામાં આવ્યા હતા. જે દર્શાવે છે કે, શિક્ષણની પરંપરાગત પદ્ધતિ કરતા CAI શિક્ષણ પદ્ધતિ વધુ ચઢિયાતી છે.

ચાવીરૂપ શબ્દો :- CAI, પરંપરાગત અધ્યયન પદ્ધતિ, વિજ્ઞાન અને ટેકનોલોજી

**<u>સંશોધન સારાંશ 3</u>**

**સંશોધકનું નામ** :- દવે આસ્થા એસ.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી પી.કે.પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- કોવિડ-19 પછીની પરિસ્થિતિમાં બી.એડ્ના પ્રશિક્ષણાર્થીઓને ઓનલાઇન શિક્ષણમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ

A Study of the Difficulties Faced By B.Ed. Trainee in Online Education in the Situation of Post Covid 19

**સંશોધનનું ક્ષેત્ર** :- શૈક્ષણિક ટેકનોલોજી અને શિક્ષણ પ્રશિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- ઓનલાઈન શિક્ષણ દરમ્યાન પ્રત્યક્ષ શિક્ષણના અભાવે માર્ગદર્શન મેળવવામાં ઇન્ટર્નશીપ કાર્યોમાં પ્રાયોગિક કાર્યમાં પરીક્ષણ કાર્યમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ.
- ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ દ્વારા તાલીમાર્થીઓને પડતી શારીરિક, માનસિક અને આર્થિક તકલીફો અંગેનો અભ્યાસ.
- ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ દ્વારા તાલીમાર્થીઓને પર્યાવરણ આધારિત પડતી મુશ્કેલીઓનો અભ્યાસ.

**સંશોધનના પ્રશ્નો** :-

- ઓનલાઇન શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ જાણવા માટે રચેલ ઉપકરણ અસરકારક નીવડશે?

- ઓનલાઈન શિક્ષણ દરમ્યાન પ્રત્યક્ષ શિક્ષણના અભાવે તાલીમાર્થીઓને માર્ગદર્શન મેળવવામાં ઇન્ટર્નશીપ કાર્યમાં પ્રાયોગિક કાર્યોમાં પરીક્ષણ કાર્યમાં કઇ કઇ મુશ્કેલીઓ નડી હશે?
- ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ દ્વારા તાલીમાર્થીઓને કેવા પ્રકારની શારીરિક, માનસિક અને આર્થિક મુશ્કેલીઓ નડી હશે?
- ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ દ્વારા તાલીમાર્થીઓને પર્યાવરણ આધારિત મુશ્કેલીઓ નડી હશે?

**સંશોધનના ચલ** :- સંશોધનની બે કક્ષાઓ જાતિ અને વિસ્તાર

**સંશોધનનો પ્રકાર** :- વ્યાવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- ગુણાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકામાં વર્ષ 2020-2022માં બી.એડ્ કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ

**નમુનો** :- સહેતુક નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા 7 બી.એડ્ કોલેજના 210 તાલીમાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સ્વ-રચિત અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**સંશોધનના તારણો** :-

- 66.67 % તાલીમાર્થીઓને માર્ગદર્શન મેળવવામાં ઓનલાઇન શિક્ષણના પરિણામે મુશ્કેલી થતી હતી જ્યારે 33.33% તાલીમાર્થીઓને ઓનલાઇન શિક્ષણ દરમ્યાન માર્ગદર્શન મેળવવામાં મુશ્કેલીઓ પડતી ન હતી .
- 65% તાલીમાર્થીઓને ઓનલાઇન શિક્ષણમાં ઇન્ટર્નશીપ કાર્ય કરતી વખતે મુશ્કેલી પડતી હતી જ્યારે 45% તાલીમાર્થીઓને ઓનલાઇન શિક્ષણમાં ઈન્ટરશિપ કાર્ય કરતી વખતે મુશ્કેલી થતી ન હતી.
- 64.52 % તાલીમાર્થીઓને ઓનલાઇન શિક્ષણમાં તાલીમ સમયગાળા દરમિયાન પ્રાયોગિક કાર્યો કરવામાં મુશ્કેલીઓ થતી હતી, જ્યારે 35.48% તાલીમાર્થીઓને મુશ્કેલીઓ થતી ન હતી.
- 74.95 % તાલીમાર્થીઓને ઓનલાઇન શિક્ષણ દરમિયાન પરીક્ષણ કાર્યમાં મુશ્કેલી પડતી હતી, જ્યારે 25.05 % તાલીમાર્થીઓને મુશ્કેલીઓ પડતી ન હતી.
- 61.02 % તાલીમાર્થીઓને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિને કારણે શારીરિક મુશ્કેલીઓ થઇ હતી જ્યારે 38.57 % તાલીમાર્થીઓને કોઈ જ શારીરિક મુશ્કેલી થઈ નહોતી.
- 68.48 % તાલીમાર્થીઓને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિને પરિણામે માનસિક તકલીફો વેઠવી પડી હતી, જ્યારે 31.52 % તાલીમાર્થીઓને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિ દ્વારા કોઈ જ માનસિક તકલીફોનો સામનો કરવો પડયો ન હતો.
- 59.71 % તાલીમાર્થીઓને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિ થકી આર્થિક મુશ્કેલીઓ નડી હતી, જ્યારે 40.29 % તાલીમાર્થીઓને આર્થિક મુશ્કેલી ઊભી થઈ ન હતી.
- 62.06 % તાલીમાર્થીઓને પોતાના રહેણાંક વિસ્તારને આધીન પર્યાવરણ આધારિત મુશ્કેલીઓ નડી હતી, જ્યારે 37.94 % તાલીમાર્થીઓને કોઈ જ મુશ્કેલીઓ નડી નહોતી.

**ફલિતાર્થ** :-

પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળ્યું હતું કે કોઈ પરિસ્થિતિમાં બી.એડ્ના પ્રશિક્ષણાર્થીઓને ઓનલાઇન શિક્ષણમાં ફક્ત ભણાવામાંજ નહીં પરંતુ ભણવામાંજ પણ મુશ્કેલીઓ નડી હતી. મોટાભાગે ઓનલાઇન માર્ગદર્શન મેળવવું પ્રાયોગિક કાર્ય કરવા ઓનલાઇન શિક્ષણ કાર્ય કરાવું જેવી મુશ્કેલીઓ નડી હતી. તેમજ શારીરિક માનસિક અને આર્થિક મુશ્કેલીઓ બાબતે જાતિગત તફાવત જોવા મળ્યો હતો. વળી રહેણાક વિસ્તાર સંદર્ભે છોકરીઓને અને ગ્રામ્ય વિસ્તારના તાલીમાર્થીને વધુ મુશ્કેલી નડી હતી.

**ઉપસંહાર** :-

ઓનલાઇન શિક્ષણ ડિજિટલ વિશ્વના પરિણામે પૂર્વ શાળાથી લઈને ઉચ્ચ સ્તરની સંસ્થાઓમાં શિક્ષણના તમામ સ્તરે ધરખમ ફેરફાર લાવી દીધો છે. COVID-19 ની પરિસ્થિતિએ બાળકો માટે ઘરે જ શાળા બનાવી દીધી છે. ત્યારે ભારત જેવા દેશે એ વિકાસ માટે ઑનલાઇન શિક્ષણ માટે ચોક્કસથી કામ કરવું જ જોઈએ.

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસ કોવિડ-19 પછીની પરિસ્થિતિમાં બી.એડ્ના પ્રશિક્ષણાર્થીઓને ઓનલાઇન શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ પર હતો. પ્રસ્તુત અભ્યાસનું સંશોધન ક્ષેત્ર શૈક્ષણિક ટેકનોલોજી અને શિક્ષણ પ્રશિક્ષણ હતું. પ્રસ્તુત અભ્યાસ

સંશોધનનો મુખ્ય હેતુ ઓનલાઈન શિક્ષણ દરમ્યાન પ્રત્યક્ષ શિક્ષણના અભાવે માર્ગદર્શન મેળવવામાં ઇન્ટરનશીપ કાર્યોમાં પ્રાયોગિક કાર્યમાં પરીક્ષણ કાર્યમાં પડતી મુશ્કેલીઓ, ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ દ્વારા તાલીમાર્થીઓને પડતી શારીરિક માનસિક અને આર્થિક તકલીફો અંગેનો અભ્યાસ કરવાનો હતો. પ્રસ્તુત અભ્યાસ માટેના અભ્યાસ પ્રશ્નો રચવામાં આવ્યા હતા અને તેના માટે ઉપકરણ તરીકે સ્વરચિત અભિપ્રાયાવલિની રચના કરી અભિપ્રાયો લેવાયા હતા. પ્રસ્તુત અભ્યાસની સંશોધન પદ્ધતિ સર્વેક્ષણ પદ્ધતિ હતી અને સંશોધનનો પ્રકાર વ્યાવહારિક, સંખ્યાત્મક અને ગુણાત્મક એમ મિશ્ર પ્રકારનું હતું. પ્રસ્તુત અભ્યાસ માટે પાલનપુર તાલુકામાં વર્ષ 2020-2022માં બી.એડ્ કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ વ્યાપવિશ્વ તરીકે પસંદ કરાયા હતા. જેમાથી 7 બી.એડ્ કોલેજના 210 તાલીમાર્થીઓને નમૂના તરીકે લેવાયા હતા. સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું. પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળ્યું હતું કે બી.એડ્ના પ્રશિક્ષણાર્થીઓને ઓનલાઇન શિક્ષણમાં ફક્ત ભણવામાંજ જ નહીં પરંતુ ભણાવવામાં પણ મુશ્કેલીઓ નડી હતી. મોટાભાગે ઓનલાઇન માર્ગદર્શન મેળવવું પ્રાયોગિક કાર્ય કરવા ઓનલાઇન શિક્ષણ કાર્ય કરાવું જેવી મુશ્કેલીઓ નડી હતી.

**ચાવીરૂપ શબ્દો** :- કોવિડ-19, બી.એડ્ના પ્રશિક્ષણાર્થી, ઓનલાઇન શિક્ષણ

<u>**સંશોધન સારાંશ 4**</u>

**સંશોધકનું નામ** :- મનસુરી સોહાના જી.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- ઇન્ટરનેટના ઉપયોગથી વિદ્યાર્થી પર થતી અસરોનો અભ્યાસ

A Study of Impacts of Internet on Students

**સંશોધનનું ક્ષેત્ર** :- શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ** :- ઇન્ટરનેટના ઉપયોગથી વિદ્યાર્થી પર થતી અસરો જાણવા વિધાનાવલીની રચના કરવી.

- ઇન્ટરનેટના ઉપયોગથી વિદ્યાર્થી પર થતી અસરો જાતિના સંદર્ભમાં તપાસવી.
- ઇન્ટરનેટના ઉપયોગથી વિદ્યાર્થી પર થતી અસરો વિસ્તારના સંદર્ભમાં તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ** :-

- ત્રણ થી ઓછા કલાક ઇન્ટરનેટનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓએ વિધાનાવલીમાં મેળવેલા પ્રાપ્તાંકોની વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ત્રણ કે તેથી વધુ કલાક ઇન્ટરનેટનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓએ વિધાનાવલીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓએ વિધાનાવલીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- છોકરાઓ અને છોકરીઓ એ વિધાનાવલીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** – ઇન્ટરનેટ, જાતિ, વિસ્તાર
- **પરતંત્ર ચલ** – ઇન્ટરનેટની અસર

**સંશોધનનો પ્રકાર** :- વ્યાવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકામાં શૈક્ષણિક વર્ષ 2021-2022 માં અભ્યાસ કરતા માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ

**નમુનો** :- યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતી થી 300 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સ્વરચિત વિધાનાવલીની રચના કરવામાં આવી હતી

**પૃથક્કરણની રીત** :- સરાસરી, પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તર દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**તારણો :-**

- ઇન્ટરનેટના ઉપયોગને કારણે વિદ્યાર્થીઓ અન્ય દેશના લોકોનું અનુકરણ કરતા હોય તેવું જાણવા મળ્યું.
- ઇન્ટરનેટના ઉપયોગથી વિદ્યાર્થીઓ માનસિક રીતે બેચેન રહેતા હોય એવું જાણવા મળ્યું નથી.
- ઇન્ટરનેટના ઉપયોગને કારણે વિદ્યાર્થીઓ એકબીજા સાથે ઓછું બોલતા હોય એવું જાણવા મળ્યું.
- ઇન્ટરનેટના ઉપયોગથી જાતિની દ્રષ્ટિએ છોકરાઓ અને છોકરીઓ પર સામાજિક અસરો જોવા મળતી નથી.

**ફલિતાર્થ :-**

પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળ્યું હતું કે ઇન્ટરનેટનો વધુ પડતો ઉપયોગ ટાળવો જોઈએ તેમજ તેનો ઉપયોગ જરૂરિયાત મુજબ કરવામાં આવે તો આશીર્વાદરૂપ નીવડે છે.

**ઉપસંહાર :-**

આમ, પ્રસ્તુત અભ્યાસમાં રહી ગયેલી ખામીઓ અને મર્યાદાઓને તપાસી જો આગળ વધુ ઊંડો અભ્યાસ હાથ ધરવામાં આવે તો આ શોધકાર્ય મહદ અંશે મદદરૂપ થશે.

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસ ઇન્ટરનેટના ઉપયોગથી વિદ્યાર્થી પર થતી અસરો પર અધારીત હતો. પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શૈક્ષણિક ટેકનોલોજી હતું. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ ઇન્ટરનેટના ઉપયોગથી વિદ્યાર્થી પર થતી અસરો જાતિ અને વિસ્તારના સંદર્ભમાં તપાસવી હતો. પ્રસ્તુત સંશોધન વ્યાવહારિક પ્રકારનું સંશોધન હતું અને તેની સંશોધનની પદ્ધતિ સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ હતી. પાલનપુર તાલુકામાં શૈક્ષણિક વર્ષ 2021-2022માં અભ્યાસ કરતા 300 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉપકરણ તરીકે સ્વરચિત વિધાનાવલીની રચના કરવામાં આવી હતી. તેની માહિતી એકત્ર કરી તેનું સરાસરી, પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તર વડે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જાણવા મળ્યું હતું કે ઇન્ટરનેટનો વધુ પડતો ઉપયોગ ટાળવો જોઈએ તેમજ તેનો ઉપયોગ જરૂરિયાત મુજબ કરવામાં આવે તો આશીર્વાદરૂપ નીવડે છે.

**ચાવીરૂપ શબ્દો** :- કમ્પ્યુટર, સોફ્ટવેર, મોડેમ, બ્રાઉઝર

## પ્રકરણ-7: તુલનાત્મક શિક્ષણ

**સંશોધન સારાંશ 1**

**સંશોધકનું નામ** :- ચેલાણી મધુ જી.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- વિવિધ તત્વચિંતકોના શિક્ષણ ચિંતનનો તુલનાત્મક અભ્યાસ

Comparative Study of Educational Thoughts of Various Philosophers

**સંશોધનનું ક્ષેત્ર** :- તુલનાત્મક શિક્ષણ અને શૈક્ષણિક તત્વજ્ઞાન

**સંશોધનના હેતુઓ** :-

- શિક્ષણનાં સ્વરૂપ અંગે ગાંધીજી અને રાધાકૃષ્ણનના વિચારોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- શિક્ષણના હેતુ અંગે ગાંધીજી અને રાધાકૃષ્ણનના વિચારોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- શિક્ષક વિદ્યાર્થી સંબંધ અંગે ગાંધીજી અને રાધાકૃષ્ણનના વિચારોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- અભ્યાસ અંગેના ગાંધીજી અને રાધાકૃષ્ણનના વિચારોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- અધ્યયન અધ્યાપન પદ્ધતિ અંગે ગાંધીજી અને રાધાકૃષ્ણનના વિચારોનો તુલનાત્મક અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો** :-

- શિક્ષણનાં સ્વરૂપ, હેતુ અને શિક્ષક વિદ્યાર્થી સંબંધ અંગે ગાંધીજી અને રાધાકૃષ્ણના વિચારો કેવા હશે?
- અભ્યાસ અને અધ્યયન અધ્યાપન પદ્ધતિ અંગેના ગાંધીજી અને રાધાકૃષ્ણનના વિચારો કેવા હશે?

**સંશોધનનો પ્રકાર** :- વ્યાવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- ગુણાત્મક સંશોધન પદ્ધતિ પૈકી વિષય વસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ** :- કૃતિ મુલ્યાંકન પૃથક્કરણ પત્રકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે પ્રાપ્ય માહિતીનું આગમનાત્મક વિશ્લેષણ અને માહીતી વિશ્લેષણ કર્યા બાદ તેનું સંયોજન કરી નિષ્કર્ષો તારવવામાં આવ્યા હતા.

**તારણો** :-

- રાધાકૃષ્ણનના મતે શિક્ષણનો ઉદ્દેશ ફક્ત જ્ઞાન અને દક્ષતા પ્રદાન નહીં પરંતુ જીવનને નિશ્ચિત ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવાનું છે.
- ગાંધીજીના મતે શિક્ષણનો ઉદ્દેશ ઉચ્ચ ચારિત્ર્ય ઘડતરનો છે.
- સફળ અધ્યાપક બનવા માટે વિદ્યાર્થી પ્રત્યેના શિક્ષકનો પ્રેમ બૌદ્ધિક યોગ્યતા કરતાં વધારે મહત્વનો છે.
- શિક્ષક વિદ્યાર્થીના સંબંધોને દર્શાવતા ગાંધીજીના મતે કેળવણીની પદ્ધતિમાં ક્રિયા દ્વારા શિક્ષણ આપવું જોઈએ જેમાં શ્રવણ અને ચર્ચા પદ્ધતિનો ઉપયોગ થવો જોઇએ.

**ફલિતાર્થ** :-

શિક્ષણ અંગેના મૂલ્યોને શિક્ષક શિક્ષણ સંસ્થામાં ઉપયોગ કરી શકાશે. શિક્ષણ અંગેના મૂલ્યોનો વિદ્યાર્થી પોતાના જીવનમાં ઉપયોગ કરી શકાશે.

**ઉપસંહાર** :-

આમ સંશોધકે પ્રસ્તુત સંશોધન હાથ ધર્યું હતું. જેના પરિણામો વાજબી ઠરે છે. સંશોધકે એકત્ર કરેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરી તારણો તારવવા માટે જે તત્વચિંતકોનો તુલનાત્મક અભ્યાસ હાથ ધર્યો હતો તે વ્યાજબી ઠરે છે. ઉપરાંત આ સંશોધનમાં ભાવિ સંશોધન અંગેની ભલામણો માટેના સૂચનો કરવામાં આવ્યા છે. જે સૂચનો ભાવિ સંશોધનોના અવકાશ માટેનો માર્ગ નક્કી કરે છે.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત અભ્યાસ વિવિધ તત્વચિંતકોના શિક્ષણ ચિંતનનો તુલનાત્મક અભ્યાસ પર અધારીત હતો. પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર તુલનાત્મક શિક્ષણ અને શૈક્ષણિક તત્વજ્ઞાન હતું. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ શિક્ષણનાં સ્વરૂપ, હેતુ અને શિક્ષક વિદ્યાર્થી સંબંધ અંગે ગાંધીજી અને રાધાકૃષ્ણના વિચારોનો તુલનાત્મક અભ્યાસ હતો. પ્રસ્તુત સંશોધન ગુણાત્મક અને વર્ણનાત્મક પ્રકારનું સંશોધન હતું અને તેની સંશોધનની પદ્ધતિ ગુણાત્મક સંશોધન પદ્ધતિ હતી. પ્રસ્તુત અભ્યાસમાં ગાંધીજી અને રાધાકૃષ્ણના વિચારો દર્શાવતા પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં ઉપકરણ તરીકે માહિતી પૃથક્કરણ પત્રકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળ્યું હતું કે ઇન્ટરનેટનો વધુ પડતો ઉપયોગ ટાળવો જોઈએ તેમજ તેનો ઉપયોગ જરૂરિયાત મુજબ કરવામાં આવે તો આશીર્વાદરૂપ નીવડે છે. પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે પ્રાપ્ય માહિતીનું આગમનાત્મક વિશ્લેષણ અને માહીતી વિશ્લેષણ કર્યા બાદ તેનું સંયોજન કરી નિષ્કર્ષો તારવવામાં આવ્યા હતા. શિક્ષણ અંગેના મૂલ્યોને શિક્ષક શિક્ષણ સંસ્થામાં ઉપયોગ કરી શકાશે. શિક્ષણ અંગેના મૂલ્યોનો વિદ્યાર્થી પોતાના જીવનમાં ઉપયોગ કરી શકશે.

**ચાવીરૂપ શબ્દો** :- શિક્ષણ ચિંતન, તુલનાત્મક અભ્યાસ, શૈક્ષણિક તત્વજ્ઞાન

**<u>સંશોધન સારાંશ 2</u>**

**સંશોધકનું નામ** :- ચોરસિયા વર્ષાબેન એ.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રીમતી તનુશ્રી ભાર્ગવા

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિ પર વિદ્યાર્થીઓના અભિપ્રાયો પરનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study Of Student Opinion On Traditional Teaching Method And Online Teaching Method

**સંશોધન ક્ષેત્ર** :- તુલનાત્મક શિક્ષણ, શૈક્ષણિક ટેકનોલોજી, પ્રાથમિક શિક્ષણ,

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 7 ના વિદ્યાર્થીઓના પરંપરાગત શિક્ષણ અને ઓનલાઇન શિક્ષણ અંગેના અભિપ્રાયો જાણવા માટે ઉપકરણની રચના કરવી.

- ધોરણ 7 ના વિદ્યાર્થીઓના પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિ અંગેના અભિપ્રાયો જાણવા.
- ધોરણ 7 ના વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિમાં વિવિધ રીતે પડતી મુશ્કેલીઓ અંગેના અભિપ્રાયો મેળવવા.

**સંશોધનના પ્રશ્નો** :-

- ધો-7 ના વિદ્યાર્થીઓના પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિ અંગેનો અભિપ્રાય જાણવા માટે રચેલ ઉપકરણ અસરકારક નીવડશે ?
- ધો-7 ના વિદ્યાર્થીઓના પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અંગેનો અભિપ્રાય કેવા જોવા મળશે?
- ધો-7 ના વિદ્યાર્થીઓનો પરંપરાગત ઓનલાઇન શિક્ષણ પતિ અંગેના અભિપ્રાયો હકારાત્મક હશે કે નકારાત્મક ?
- ધો-7 ના વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ અને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિમાં કેવા પ્રકારની મુશ્કેલીઓ નડી હશે?
- ધો-7 ના વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિમાં કેવી આર્થિક મુશ્કેલીઓ નડી હશે ?
- ધો-7 ના વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ અને ઓનલાઇન શિક્ષણ અંગેના અભિપ્રાયોમાં ભેદ જોવા મળશે કે કેમ?

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકામાં વર્ષ 2020-22 દરમ્યાન પ્રાથમિક શાળામાં ધોરણ-7 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ

**નમૂનો** :- ધોરણ 7ના 100 વિદ્યાર્થીઓ યાદચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરાયા હતા.

**ઉપકરણ** :- સ્વ-નિર્મિત અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**તારણો** :-

- 59 વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા ઓનલાઇન શિક્ષણ પદ્ધતિથી કરવામાં આવતા શિક્ષણકાર્યને સમજવામાં સરળતા રહેતી હતી જ્યારે 35% વિદ્યાર્થીઓને સમજવામાં સરળતા રહેતી ન હતી અને 8% વિદ્યાર્થીઓ તટસ્થ રહ્યા હતા.
- 59.57 % છોકરીઓને અને 58.49% છોકરીઓને શિક્ષક દ્વારા ઓનલાઇન શિક્ષણ પદ્ધતિથી કરવામાં આવતા શિક્ષણ કાર્યને સમજવામાં સરળતા રહેતી હતી.

**ફલિતાર્થ** :-

પ્રસ્તુત અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિ બાબતે ધોરણ 7ના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જુદા જુદા જોવા મળ્યા હતા. મોટાભાગના વિદ્યાર્થીઓ ઓનલાઇન શિક્ષણ પ્રત્યે વધુ અનુકૂળતા ધરાવતા હોવાથી કેટલેક અંશે બંને પદ્ધતિ સાથે સાનુકૂળતા ધરાવતા હતા.

**ઉપસંહાર** :-

હાલના સમયમાં પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. ઓનલાઇન શિક્ષણમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે તફાવત જણાતો નથી જ્યારે પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવે તો વિદ્યાર્થીઓ તેની અસર વધુ જોવા મળે અને ઓનલાઈન શિક્ષણથી વિદ્યાર્થી ટેકનિકલ સાધનો અને ઓળખતા અને તેનો ઉપયોગ કરતા શીખે છે.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત અભ્યાસમાં પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઇન શિક્ષણ પદ્ધતિ પર વિદ્યાર્થીઓના અભિપ્રાયોનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો. ઓનલાઇન શિક્ષણ પદ્ધતિમાં આવેલ બદલાવ વિશે અભ્યાસ કરી શકાય છે .પરંપરાગત શિક્ષણ પદ્ધતિમાં ગમ્મત સાથે જ્ઞાન અને શિક્ષણ પદ્ધતિ સાથે તુલના કરી શકાય છે. પરંપરાગત શિક્ષણ પદ્ધતિની વિદ્યાર્થીઓની માનસિકતા પર થયેલી અસર પર અભ્યાસ હાથ ધરી શકાય. અભ્યાસમાં વિદ્યાર્થીઓમાં અભ્યાસ કે મનમાં રહેલા પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઈન પદ્ધતિ અંગેના અભિપ્રાયો બાબતે બે મત જોવા મળ્યા હતા જે મળેલી માહિતીના આધારે સ્પષ્ટ થાય છે. પરંપરાગત શિક્ષણ પદ્ધતિની વિદ્યાર્થીઓની

માનસિકતા પર થયેલી અસર પર અભ્યાસ હાથ ધરી શકાય છે. ઓનલાઇન શિક્ષણ પદ્ધતિએ ટેકનિકલ સાધનોને ઓળખતા અને તેનું શિક્ષણ ક્ષેત્રે ઉપયોગ કરતાં શીખે આધુનિક સમયમાં બાળકો પાયાથી જ ટેકનિકલ માહિતીથી માહિતગાર બને છે.

**ચાવીરૂપ શબ્દો**:- પરંપરાગત શિક્ષણ, ઓનલાઇન શિક્ષણ,

**<u>સંશોધન સારાંશ 3</u>**

**સંશોધકનું નામ** :- રાવલ ચિંતન બી.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી. જે. વી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- જુન 2018 થી અમલમાં આવેલા ધોરણ 10ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના નવા પાઠ્યક્રમની જુના પાઠ્યક્રમ સાથે તુલના અને તે પ્રત્યે શિક્ષકોના પ્રતિભાવોનો અભ્યાસ

A Comparative Study of New Syllabus with Old Syllabus of Standard 10 Science and Technology Subject from June 2018 Onwards

**સંશોધન ક્ષેત્ર** :- શૈક્ષણિક ટેકનોલોજી, વિજ્ઞાન શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 10 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના નવા તથા જુના પાઠ્યક્રમની બાહ્ય બાબતો આધારે તુલના કરવી.
- ધોરણ 10 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના નવા તથા જુના પાઠ્યક્રમની આંતરિક બાબતોના આધારે તુલના કરવી.
- ધોરણ 10 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના નવા તથા જુના પાઠ્યક્રમની સમાનતાના આધારે તુલના કરવી.
- ધોરણ 10 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના નવા તથા જુના પાઠ્યક્રમની પ્રયોગોના આધારે તુલના કરવી.
- ધોરણ 10 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના નવા તથા જુના પાઠ્યક્રમની પ્રવૃતિના આધારે તુલના કરવી.
- ધોરણ 10 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના નવા તથા જુના પાઠ્યક્રમની સ્વાધ્યાયના પ્રશ્નો આધારે તુલના કરવી.
- ધોરણ 10 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના નવા તથા જુના પાઠ્યક્રમ અંતર્ગત બનાવેલ પ્રશ્નાવલી દ્વારા શિક્ષકોના પ્રતિભાવો જાણવા

**સંશોધનના પ્રશ્નો** :-

- જૂન – 2018 થી અમલમાં આવેલા ધોરણ-10 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના નવા તથા જુના પાઠયક્રમમાં કુલ એકમો કેટલા હશે ?
- જૂન – 2018 થી અમલમાં આવેલા ધોરણ-10 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના નવા તથા જુના પાઠયક્રમમાં સ્વાધ્યાય પ્રશ્નો કેવા હશે ?
- જૂન – 2018 થી અમલમાં આવેલા ધોરણ-10 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના નવા તથા જુના પાઠયક્રમમાં ભૌતિક વિજ્ઞાનના પાઠ કેટલા હશે?
- જૂન – 2018 થી અમલમાં આવેલા ધોરણ-10 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના નવા તથા જુના પાઠયક્રમના વિષય વસ્તુમાં રસાયણ વિજ્ઞાનના પાઠ કેટલા હશે ?
- જૂન – 2018 થી અમલમાં આવેલા ધોરણ-10 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના નવા તથા જુના પાઠયક્રમના વિષય વસ્તુમાં જીવ વિજ્ઞાનના પાઠ કેટલા હશે ?
- જૂન – 2018 થી અમલમાં આવેલા ધોરણ–10 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના નવા પાઠ્યક્રમમાં વિષયવસ્તુ પ્રત્યે શિક્ષકોના પ્રતિભાવો કેવા હશે ?

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ** :- ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ-10 નો વિજ્ઞાન અને ટેકનોલોજીનો નવો પાઠ્યક્રમ અને જુનો પાઠ્યક્રમ (2012) ના પાઠ્યપુસ્તકો

**નમૂનો** :- સહેતુક નમુના પસંદગી પદ્ધતિ દ્વારા બનાસકાંઠા જિલ્લાના 25 શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**:- સ્વ-રચિત પ્રશ્નાવલી (શિક્ષકોના પ્રતિભાવો જાણવા) રચવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- વર્ણનાત્મક આંકડાશાસ્ત્ર પદ્ધતિ દ્વારા સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**તારણો** :-

- ધોરણ 10 ના નવા પાઠ્યક્રમમાં કુલ 16 તથા જૂનામાં કુલ 18 એકમો છે.
- નવા અને જૂના પાઠ્યક્રમમાં સમાન એકમો કુલ 15 છે.
- નવા અને જૂના પાઠ્યક્રમમાં અસમાન એકમો 03 છે.
- નવા પાઠ્યક્રમમાં પ્રયોગોની સંખ્યામાં વધારો કરાયો છે .
- નવા પાઠ્યક્રમની વિષયવસ્તુ વિજ્ઞાન અને ટેકનોલોજીના હેતુઓ સિદ્ધ કરે તેવું છે.

**ફલિતાર્થ** :-

- નવા પાઠ્યક્રમમાં સ્વાધ્યાય પ્રશ્નો તર્ક આધારિત આપવામાં આવ્યા છે.
- નવા પાઠ્યક્રમમાં ખગોળ વિજ્ઞાનનો એક પણ પાઠ મુકવામાં આવેલ નથી. તેમાં ઉમેરો કરવો જેથી વિદ્યાર્થી ખગોળ વિજ્ઞાનના જાણકાર બને.

**ઉપસંહાર** :-

આ સંશોધન અંગે જૂન 2018 થી અમલમાં આવેલા ધોરણ 10 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના નવા અને જુના પાઠ્યક્રમની તુલના અને તે અંગે શિક્ષકોના પ્રતિભાવોનો અભ્યાસ કરેલ છે. નવા પાઠ્યક્રમમાં પ્રવૃત્તિ આધારિત અને તર્ક આધારિત શિક્ષણને મહત્વ આપવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ આ વિષયને સરળતાથી સમજી શકે અને વિદ્યાર્થી પ્રવૃત્તિ આધારિત શિક્ષણ મેળવે તેમજ વિષયવસ્તુને સારી રીતે સમજી શકે તે મુજબનું નવું પાઠ્યપુસ્તક છે.

<u>**સારાંશ**</u>

પ્રસ્તુત અભ્યાસ જુન 2018 થી અમલમાં આવેલા ધોરણ 10 વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના નવા તથા જુના પાઠ્યક્રમની તુલના અને તે અંગેના શિક્ષકોના પ્રતિભાવોના અભ્યાસ પર હાથ ધર્યો હતો. જેમાં સંશોધન ક્ષેત્ર શૈક્ષણિક ટેકનોલોજી અને વિજ્ઞાન શિક્ષણ હતું. નવા તથા જુના પાઠ્યક્રમની બાહ્ય બાબતોની તુલના, આંતરિક બાબતોના આધારે તુલના, પ્રયોગોના આધારે તુલના, આંતરિક બાબતો આધારે તુલના, પાઠ્યક્રમની પ્રવૃત્તિના આધારે તુલના, પાઠ્યક્રમની સ્વાધ્યાયના પ્રશ્નોના આધારે તુલના તથા પાઠ્યક્રમ અંતર્ગત બનાવેલ પ્રશ્નાવલી અંગે શિક્ષકોના પ્રતિભાવો જાણવા અંગેની તુલના કરવામાં આવી હતી. માહિતીનું પૃથક્કરણ સાદી ટકાવારી દ્વારા કરવામાં આવ્યું હતું. ધોરણ 10 ના નવા પાઠ્યક્રમમાં 16 તથા જૂનામાં 18 એકમો છે. નવા અને જૂના પાઠ્યક્રમમાં ત્રણ અસમાન એકમો છે. નવા પાઠ્યક્રમમાં પ્રયોગોની સંખ્યામાં વધારો કરેલ છે અને નવા પાઠ્યક્રમમાં વિષયવસ્તુ વિજ્ઞાન અને ટેકનોલોજીના હેતુઓ સિદ્ધ કરે તેવું છે. નવા પાઠ્યક્રમમાં પ્રવૃત્તિ આધારિત અને તર્ક શિક્ષણને મહત્વ આપેલ છે, જેથી વિદ્યાર્થીઓ આ વિષયને સરળતાથી સમજી શકે અને વિદ્યાર્થી પ્રવૃત્તિ આધારિત શિક્ષણ મેળવે જેથી તે વિષય વસ્તુને સારી રીતે સમજી શકે.

**ચાવીરૂપ શબ્દો** :- વિજ્ઞાન અને ટેકનોલોજી, પાઠ્યપુસ્તક, પાઠ્યક્રમ, તુલના

<u>**સંશોધન સારાંશ 4**</u>

**સંશોધકનું નામ** :- ડાભી વિપુલકુમાર ધનજીભાઈ

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- વાંચનની SQ3R અને SQ4R પ્રવૃત્તિનો તુલનાત્મક અભ્યાસ

A Comperative Study of The Effectiveness Of SQ3R & SQ4R Reading Techniques

**સંશોધનનું ક્ષેત્ર** :- તુલનાત્મક શિક્ષણ અને વિજ્ઞાન શિક્ષણ

**સંશોધનના હેતુઓ :-**

- ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સૂક્ષ્મ જીવો મિત્ર અને શત્રુ એકમ પરથી એકમ કસોટીની સંરચના કરવી.
- ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સૂક્ષ્મ જીવો મિત્ર અને શત્રુ એકમ પર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં SQ3R & SQ4R પ્રયુક્તિની તુલના કરવી.
- ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સૂક્ષ્મ જીવો મિત્ર અને શત્રુ એકમ પર વિદ્યાર્થીઓની ધારણના સંદર્ભમાં SQ3R & SQ4R પ્રયુક્તિની તુલના કરવી.

**સંશોધન ઉત્કલ્પનાઓ :-**

- SQ3R પ્રયુક્તિ દ્વારા અધ્યયન પામેલા અને SQ4R પ્રયુક્તિની દ્વારા અધ્યયન પામેલા વિદ્યાર્થીઓની સૂક્ષ્મજીવો મિત્ર અને શત્રુ એકમની સિદ્ધિ પ્રપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- SQ3R પ્રયુક્તિ દ્વારા અધ્યયન પામેલા અને SQ4R પ્રયુક્તિ દ્વારા અધ્યયન પામેલા વિદ્યાર્થીઓને સૂક્ષ્મ જીવો મિત્ર અને શત્રુ એકમની ધારણ પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ :-**

- **સ્વતંત્ર ચલ** - વાંચનની પ્રવૃત્તિ
- **પરતંત્ર ચલ** - શૈક્ષણિક સિદ્ધિ ધારણા
- **અંકુશિત ચલ** - ધોરણ 8 ગુજરાતી માધ્યમ, શાળાનું વાતાવરણ, વિસ્તાર

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં વર્ષ 2021-2022 દરમિયાન ધોરણ-8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ.

**નમૂનો** :- પાલનપુર તાલુકાની મોરિયાની નવોદય વિદ્યાલયના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-8 ના વિદ્યાર્થીઓ સહેતુક નમૂના પસંદગીથી પસંદ કરાયા હતા.

**ઉપકરણ** :- એકમ કસોટીની રચના કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- સરાસરી, પ્રમાણવિચલન અને T- કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**તારણો :-**

- ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સૂક્ષ્મ જીવો મિત્ર અને શત્રુ એકમની સિદ્ધિના સંદર્ભમાં વાચનની SQ3R પ્રયુક્તિ કરતા SQ4R પ્રયુક્તિ વધુ અસરકારક હતી.
- ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજીના સૂક્ષ્મ જીવો મિત્ર અને શત્રુ એકમની ધારણાના સંદર્ભમાં વાંચનની SQ3R પ્રયુક્તિ કરતાં SQ4R પ્રયુક્તિ વધુ અસરકારક હતી.

**ફલિતાર્થ :-**

પ્રસ્તુત સંશોધનમાં હાથ ધરાયેલા પ્રયોગને અંતે મેળવેલા તારણોને આધારે કહી શકાય કે ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની સૂક્ષ્મ જીવો મિત્ર અને શત્રુ એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં SQ3R પ્રયુક્તિ કરતા SQ4R પ્રયુક્તિ વધુ અસરકારક જોવા મળી છે.

**ઉપસંહાર :-**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સૂક્ષ્મ જીવો મિત્ર અને શત્રુ એકમ પર બે જૂથ લેવામાં આવ્યા હતા, જેના એક જૂથ પર SQ3R પ્રયુક્તિ અને બીજા જૂથ માટે SQ4R પ્રયુક્તિની અજમાયશ કરવામાં આવી હતી અને તેની  વિદ્યાર્થીઓની શૈક્ષણિક SQ3R & SQ4R પરની અને ધારણ પરની અસરકારકતા પ્રાયોગિક સંશોધન પ્રયુક્તિથી જાણવામાં આવી હતી. જેમાં વાંચનની SQ3R પ્રયુક્તિ કરતા SQ4R પ્રયુક્તિ વધારે અસરકારક જોવા મળી હતી.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં વાંચનની SQ3R પ્રયુક્તિ અને SQ4R પ્રયુક્તિનો તુલનાત્મક અભ્યાસ કર્યો હતો. તે માટે ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સૂક્ષ્મ જીવો મિત્ર અને શત્રુ એકમની પસંદગી કરવામાં આવી હતી, પસંદ કરેલા એકમોનો SQ3R કાર્યક્રમ અને SQ4R કાર્યક્રમ રચવામાં

આવ્યો હતો. પ્રયોગના અમલીકરણ માટે સંશોધનમાં ધોરણ-8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના સૂક્ષ્મ જીવો મિત્ર અને શત્રુ એકમના અધ્યાપન માટે વાંચનની SQ3R અને SQ4R કાર્યક્રમની રચના કરી તેની શૈક્ષણિક SQ3R & SQ4R પરની અને ધારણ પરની અસરકારકતા ચકાસવાની હતી, જેમાં SQ3R અને SQ4R કાર્યક્રમ તૈયાર કરવા માટે સૌપ્રથમ એકમની વિષયવસ્તુને વિવિધ શૈક્ષણિક મુદ્દાઓમાં વહેંચવામાં આવી હતી, ત્યાર બાદ કાર્યક્રમની સંરચના અંગેની નિષ્ણાતો સાથે ચર્ચા કરી વિચારણા કરવામાં આવી હતી, અને ત્યારબાદ કાર્યક્રમનું માસવાર આયોજન કરવામાં આવ્યું હતું, જેનો ઉપયોગ પ્રયોગના અમલ દરમિયાન કરવામાં આવ્યો હતો.
**ચાવીરૂપ શબ્દો** :- SQ3R અને SQ4R પ્રવૃત્તિ, તુલનાત્મક અભ્યાસ, સૂક્ષ્મ જીવો

## પ્રકરણ-8: શિક્ષણનું સમાજશાસ્ત્ર

**<u>સંશોધન સારાંશ 1</u>**

**સંશોધકનું નામ** :- પરમાર જીજ્ઞાશાબેન બી.
**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર
**ગાઈડનું નામ** :- શ્રી પી. કે.પંચોલી
**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / એમ.એડ્
**સંશોધન શીર્ષક** :- મુનશી પ્રેમચંદ રચિત નિર્મલા ઉપન્યાસમાં વ્યક્ત થતા શિક્ષણનો અભ્યાસ
The Study of Education Expressed In the Novel Nirmala Written By Munshi Premchand
**સંશોધન ક્ષેત્ર** :- શિક્ષણનું સમાજશાસ્ત્ર
**સંશોધનના હેતુઓ** :-

- નિર્મલા ઉપન્યાસમાં વ્યક્ત થતા શૈક્ષણિક સંઘર્ષનો અભ્યાસ કરવો.
- નિર્મલા ઉપન્યાસમાં વ્યક્ત થતા માનસિક સંઘર્ષનો અભ્યાસ કરવો.
- નિર્મલા ઉપન્યાસમાં વ્યક્ત થતા સામાજિક સંઘર્ષનો અભ્યાસ કરવો.
- નિર્મલા ઉપન્યાસમાં વ્યક્ત થતા આર્થિક સંઘર્ષનો અભ્યાસ કરવો

**સંશોધનના પ્રશ્નો** :-

- નિર્મલા ઉપન્યાસમાં વ્યક્ત થતો શૈક્ષણિક સંઘર્ષ કેવો હશે?
- નિર્મલા ઉપન્યાસમાં વ્યક્ત થતો માનસિક સંઘર્ષ કેવો હશે?
- નિર્મલા ઉપન્યાસમાં વ્યક્ત થતો સામાજિક સંઘર્ષ કેવો હશે?
- નિર્મલા ઉપન્યાસમાં વ્યક્ત થતો આર્થિક સંઘર્ષ કેવો હશે?

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન
**સંશોધન પદ્ધતિ** :- ગુણાત્મક સંશોધન પદ્ધતિ પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
**વ્યાપવિશ્વ** :- મુનશી પ્રેમચંદ રચિત નિર્મલા ઉપન્યાસ વ્યાપવિશ્વ રાખવામાં આવ્યું હતું.
**નમૂનો** :- સહેતુક નમૂના પસંદગી પદ્ધતી દ્વારા મુનશી પ્રેમચંદ રચિત નિર્મલા ઉપન્યાસ પુસ્તક્ને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યુ હતું.
**ઉપકરણ** :- કૃતિ મુલ્યાંકન પૃથક્કરણ પત્રકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
**પૃથક્કરણની રીત** :- કૃતિ મુલ્યાંકન પૃથક્કરણ પત્રકો દ્વારા વિષયવસ્તુનું પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.
**તારણો** :-

- અભ્યાસકે પસંદ કરેલ નિર્મલા ઉપન્યાસમાં ચાર જેટલા નારી સંઘર્ષ જોવા મળે છે. માનસિક, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક.
- સંઘર્ષનો અભ્યાસ.
  1. લગ્નની ચિંતાને કારણે બાળપણની માનસિકતા
  2. બાળવિવાહ થવાના હોવાથી બાળકી ગભરાટ અનુભવે છે.
  3. બાળકીના જીવનમાં આવનારી મુશ્કેલીઓ નજીક આવી રહી છે ત્યારે બાળપણમાં અસહાયતાનો અહેસાસ વ્યક્ત થયેલ છે.

**ફલિતાર્થ :-**

સમાજમાં દરેક લોકોની આર્થિક પરિસ્થિતિ સરખી હોતી નથી. કેટલાક ઉચ્ચ તો કેટલાકની નિમ્ન પરિસ્થિતિ હોય છે. આથી, સમાજને નિમ્ન આર્થિક પરિસ્થિતિ વાળા લોકોને ધ્યાનમાં રાખીને સમાજના નીતિ નિયમો ઘડવા જોઇએ.

**ઉપસંહાર :-**

પ્રસ્તુત અભ્યાસને જોતાં ખ્યાલ આવે છે કે, એક સ્ત્રીના જીવનમાં કેટ-કેટલા સંઘર્ષો આવે છે. આ સંઘર્ષમાંથી પાર થઈને તેણે પોતાનું જીવન વ્યતિત કરવાનું હોય છે. તેથી સમાજ માટે આ અભ્યાસ ખાસ કરીને ઉપયોગી બનશે. નારીને આટલો શારીરિક કે માનસિક ત્રાસ ન આપવો જોઈએ. અભ્યાસ દ્વારા સમાજમાં પરિવર્તન આવે અને સ્ત્રી તેના પર થતાં હિંસાયુક્ત આચરણથી મુક્ત બને તે અત્યંત આવશ્યક છે.


**સારાંશ**

પ્રસ્તુત સંશોધન મુનશીપ્રેમચંદ રચિત નિર્મલા ઉપન્યાસમાં વ્યક્ત થતાં શિક્ષણનો અભ્યાસ કરવા માટે હાથ ધરવામાં આવ્યો હતો. સંશોધનનો મુખ્ય હેતુ નિર્મલા ઉપન્યાસમાં વ્યક્ત થતો શૈક્ષણિક સંઘર્ષ, સામાજિક સંઘર્ષ, માનસિક સંઘર્ષ અને આર્થિક સંઘર્ષ જાણવાનો હતો. નમૂના તરીકે નિર્મલા ઉપન્યાસની પસંદગી સહહેતુક નમૂના પદ્ધતિથી કરવામાં આવી હતી. વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસકે પસંદ કરેલ નિર્મલા ઉપન્યાસમાં, શૈક્ષણિક સંઘર્ષ, સામાજિક સંઘર્ષ, માનસિક સંઘર્ષ અને આર્થિક સંઘર્ષ, જેટલા નારી સંઘર્ષ જોવા મળે છે. લગ્નની ચિંતાને કારણે બાળપણની માનસિકતા, બાળવિવાહ થવાના હોવાથી બાળકી ગભરાટ અનુભવે છે. બાળકીના જીવનમાં આવનારી મુશ્કેલીઓ નજીક આવી રહી છે ત્યારે બાળપણમાં અસહાયતાનો અહેસાસ વ્યક્ત થયેલ છે.



**ચાવીરૂપ શબ્દો**:- સામાજિક સંઘર્ષ, માનસિક સંઘર્ષ, આર્થિક સંઘર્ષ અને શૈક્ષણિક સંઘર્ષ


**સંશોધન સારાંશ 2**


**સંશોધકનું નામ** :- ચૌહાણ શીતલબેન એમ.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ પી. બી. પટેલ


**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / એમ.એડ્

**સંશોધન શીર્ષક** :- કોવિડ –19 જાગૃતિ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

Construction and Effectiveness of Covid – 19 Awareness Programme

**સંશોધન ક્ષેત્ર** :- શિક્ષણનું સમાજશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ** :-

- ધોરણ 10 ના વિદ્યાર્થીઓ માટે કોવિડ -19 જાગૃતિ કાર્યક્રમની સંરચના કરી તેની અજમાયશ કરવી.
- કોવિડ -19 જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે ઉપકરણની રચના કરવી.
- ધોરણ 10 ના વિદ્યાર્થીઓની કોવિડ -19 જાગૃતતા સંદર્ભે રચેલ કાર્યક્રમની અસરકારકતાની ચકાસણી કરવી.
- જાતિ અને વિસ્તાર આધારિત ધોરણ 10 ના વિદ્યાર્થીઓની કોવિડ -19 અંગેની જાગૃતતા તપાસવી.

**અભ્યાસ પ્રશ્નો** :-

- ધોરણ 10 ના વિદ્યાર્થીઓ માટે કોવિડ -19 જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા ચકાસવા માટે રચેલ ઉપકરણ અસરકારક નીવડશે?
- ધોરણ 10 ના વિદ્યાર્થીઓમાં કોવિડ - 19 અંગેની જાગૃતતા હશે કે કેમ?
- ધોરણ 10 ના વિદ્યાર્થીઓમાં કોવિડ - 19 જાગૃતિ અંગે જાતિગત તફાવત જોવા મળશે કે કેમ?
- ધોરણ 10 ના વિદ્યાર્થીઓમાં કોવિડ - 19 જાગૃતિ અંગે વિસ્તાર અનુસાર તફાવત હશે કે કેમ?

**સંશોધનના ચલ** :-

- સ્વતંત્ર ચલ - કોવિડ - 19 જાગૃતિ કાર્યક્રમ
- પરતંત્ર ચલ - વિદ્યાર્થી
- પરિવર્તક ચલ - જાતિ અને વિસ્તાર

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન
**સંશોધનની પદ્ધતિ** :- પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો
**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ 10ના વિદ્યાર્થીઓ,
**નમૂનો** :- યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા 60 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.
**ઉપકરણ** :- સ્વ- રચિત કસોટીનું નિર્માણ કરવામાં આવ્યુ હતું.
**પૃથક્કરણની રીત** :- સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.
**તારણો** :-

- ધોરણ 10ના વિદ્યાર્થીઓ ઉપર કરેલ કોવિડ - 19 જાગૃતિ કાર્યક્રમ 7 (11.67 %) નિમ્ન સ્તરે 15 (25%)મધ્યમ સ્તરે અને 38 (63.33 %) ઉચ્ચ સ્તરે અસરકર્તા પુરવાર થયો.
- ગ્રામ્ય વિસ્તારમાં 15 (50 %) વિદ્યાર્થીઓ પર કોવિડ - 19જાગૃતિ કાર્યક્રમની ઉચ્ચ સ્તરે અસર થઈ હતી જ્યારે શહેરી વિસ્તારમાં 23 (76.67 5%)વિદ્યાર્થીઓ પર કોવિડ - 19 જાગૃતિ કાર્યક્રમની ઉચ્ચ સ્તરે અસર થઈ હતી.
- ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરી વિસ્તારમાં કોવિડ - 19 જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા વધુ જોવા મળી હતી.

**ફલિતાર્થ** :-

પ્રસ્તુત અભ્યાસમાં કોવિડ – 19 પ્રત્યે ધોરણ 10 ના વિદ્યાર્થીઓ પાસે પ્રારંભિક માહિતી હતી પરંતુ યોગ્ય સમજ ન હતી. વિદ્યાર્થીઓના માધ્યમ દ્વારા ભારતીય સમાજમાં કોવિડ - 19 વિશે જાગૃતિ ફેલાવી તેનાથી બચવા માટેના ઉપાય તરીકે અભ્યાસ કરવામાં આવેલ છે. જાતિ અને વિસ્તારગત તફાવતો પણ જોવા મળ્યા છે. વિસ્તાર પણ એક જવાબદાર પરિબળ છે.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસ ધોરણ 10 ના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં કોવિડ–19 અંગે વિદ્યાર્થીઓ કેટલા સજાગ છે તે જાણવા કાર્યક્રમની રચના કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સજાગ કરવા મુવી ક્લિપ, તજજ્ઞો દ્વારા વ્યાખ્યાન આયોજન અને સ્વનિર્મિત પાઠ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત સ્વનિર્મિત કસોટીનું નિર્માણ કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમ અસરકારક પણ સાબિત થયો હતો.


**<u>સારાંશ</u>**

પ્રસ્તુત અભ્યાસ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતાનો અભ્યાસ ધોરણ 10 ના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવેલ છે. આ અભ્યાસ અંગેની માહિતી અંકશાસ્ત્ર પ્રયુક્તિ અંતર્ગત સાદો ટકાવારી દ્વારા મેળવવામાં આવી છે. જેમાં ધોરણ 10ના વિદ્યાર્થીઓ આ રોગ અંગેની પ્રાથમિક માહિતીથી તેઓ જાણકાર હતા પણ તેઓને તેના વિશેની યોગ્ય સમજ ધરાવતા ન હતા. વળી આ વિદ્યાર્થીઓ સામાજિક રીતે તો તેઓ પરિપક્વ તેમજ જાગૃતતા ફેલાવી શકે તેવા પાત્રો કહેવાય. આ અભ્યાસનો હેતુ એ હતો કે ધોરણ 10 ના વિદ્યાર્થીઓ માટે કોવિડ – 19 જાગૃતિ કાર્યક્રમની સંરચના કરી તેની અજમાયશ કરવી અને તેના આધારે જાતિ અને વિસ્તાર આધારિત વિદ્યાર્થીઓમાં જાગૃતતા તપાસવાની.આ અભ્યાસ દ્વારા કેટલાંક તારણો મળ્યાં છે જેવા કે, ધોરણ 10ના વિદ્યાર્થીઓ ઉપર કરેલ કોવિડ - 19 જાગૃતિ કાર્યક્રમ 7 (11.67 %) નિમ્ન સ્તરે 15 (25 %)મધ્યમ સ્તરે અને 38 (63.33 %) ઉચ્ચ સ્તરે અસરકર્તા પુરવાર થયો. શહેરી વિસ્તારમાં કાર્યક્રમની અસરકારકતા વધુ જોવા મળી હતી. વિસ્તાર આધારિત કે જાતિને ધ્યાનમાં લઈએ તો ગ્રામ્ય વિસ્તારમાં છોકરીઓ ઉપર અને શહેરી વિસ્તારમાં છોકરાઓ ઉપર કોવિડ – 19 જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા વધારે જોવા મળી હતી.


**ચાવીરૂપ શબ્દો** :- કોવિડ – 19, જાગૃતિ કાર્યક્રમ

**<u>સંશોધન સારાંશ 3</u>**

**સંશોધકનું નામ** :- ધ્રાંગી હિના એમ.
**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર
**ગાઈડનું નામ** :- ડૉ સી. એમ. ત્રિવેદી
**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / એમ.એડ્

**સંશોધન શીર્ષક** :- દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓનો અભ્યાસ

Study of Educational Problems of Students of Danta Taluka Tribal Area

**સંશોધન ક્ષેત્ર** :- શિક્ષણનું સમાજશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ** :-

- દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થિઓની શિક્ષણ વિષયક સમસ્યાઓ જાણવા ઉપકરણની રચના કરવી.
- દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થિઓની શૈક્ષણિક, સામાજીક, આર્થિક, ભૌતિક તેમજ સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ જાણવી.

**અભ્યાસ પ્રશ્નો** :-

- દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થિઓની શૈક્ષણિક, સામાજીક, આર્થિક, ભૌતિક તેમજ સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ કેવી હશે?

**સંશોધનના પ્રકાર** :- વ્યાવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ** :- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ** :- પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં વર્ષ 2020 – 22 દરમ્યાન પ્રાથમિકથી કૉલેજ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂનો** :- સહેતુક નમૂના પસંદગીથી 10 ગામડાઓમાંથી કુલ 300 વિદ્યાર્થીઓ તથા 100 વાલીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સ્વ-રચિત પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો.

**પૃથક્કરણની રીત** :- અંકશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**તારણો** :-

- 140 વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતી સામગ્રી મળી રહે છે અને 160 વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતી સામગ્રી મળતી નથી.
- 50 વિદ્યાર્થીઓને વાંચન લેખનમાં તકલીફ પડે છે જ્યારે 250 વિદ્યાર્થીઓને વાંચન લેખનમાંતકલીફ પડતી નથી.
- 270 વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં શિક્ષકોનું માર્ગદર્શન મળી રહે છે જ્યારે 30 વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં શિક્ષકોનું માર્ગદર્શન મળતું નથી.
- વિદ્યાર્થીઓને તેમના કૌટુંબિક સમસ્યાઓના વાતાવરણની અસર તેમના અભ્યાસ પર પડે છે જ્યારે 230 વિદ્યાર્થીઓને તેમના કૌટુંબિક સમસ્યાઓ અને વાતાવરણની અસર તેમના પર પડતી નથી.

**ફલિતાર્થ** :-

- વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ માટે પૂરતી સામગ્રી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં શિક્ષકોનું માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- વિદ્યાર્થીઓનો સ્વાસ્થ્યને કારણે અભ્યાસ ન બગડે તેની વાલીઓને નોંધ લેવી જરૂરી છે.
- વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સમયસર આપવી જોઈએ.
- શિક્ષકોએ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતી સામગ્રી મળી રહે તેવી સગવડ કરવી જોઈએ.
- શિક્ષકોએ વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં માર્ગદર્શન આપવું જોઈએ.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શિક્ષણ વિષયક સમસ્યાઓનો અભ્યાસ કર્યો હતો. આ પ્રકારના અભ્યાસથી આદિવાસી વિસ્તારના બાળકોની શૈક્ષણિક સમસ્યાઓનો તાગ મેળવી તેને દુર કરવા સક્રિય પગલા લઇ શકાય છે.

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકોની શિક્ષણ વિષયક સમસ્યાઓનો અભ્યાસ કર્યો હતો. દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ

કરવામાં આવ્યો હતો. જેમાં નમૂના પસંદગી તરીકે શાળાના ૩૦૦ વિદ્યાર્થીઓ અને 100 વાલીઓ પસંદ કરવામાં આવ્યા હતા. ઉપકરણ તરીકે સ્વરચિત પ્રશ્નાવલીનો ઉપયોગ કર્યો હતો. સ્વરચિત પ્રશ્નાવલી દ્વારા મળેલ માહિતીનું આંકડાશાસ્ત્ર પદ્ધતિ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. 140 વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતી સામગ્રી મળી રહે છે અને 160 વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતી સામગ્રી મળતી નથી. 50 વિદ્યાર્થીઓને વાંચન લેખનમાં તકલીફ પડે છે જ્યારે 250 વિદ્યાર્થીઓને વાંચન લેખનમાંતકલીફ પડતી નથી. 270 વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં શિક્ષકોનું માર્ગદર્શન મળી રહે છે જ્યારે ૩૦ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં શિક્ષકોનું માર્ગદર્શન મળતું નથી. વિદ્યાર્થીઓને તેમના કૌટુંબિક સમસ્યાઓના વાતાવરણની અસર તેમના અભ્યાસ પર પડે છે જ્યારે 230 વિદ્યાર્થીઓને તેમના કૌટુંબિક સમસ્યાઓ અને વાતાવરણની અસર તેમના પર પડતી નથી.

**ચાવીરૂપ શબ્દો** :- આદિવાસી વિસ્તાર, શિક્ષણ, સમસ્યા, અભ્યાસ

**<u>સંશોધન સારાંશ 4</u>**

**સંશોધકનું નામ** :- સમોચા વિજયકુમાર એમ.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી. પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટિ/ડિગ્રી** :- 2020-22 /HNGU/ M.Ed

**સંશોધન શીર્ષક** :- બનાસકાંઠા જિલ્લા સુરક્ષા સેતુ યોજના હેઠળ ચાલતા સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમની અસરકારક્તાનો અભ્યાસ

A Study of an Effectiveness of the Student Police Cadet Programme under the Banaskantha District Security Bridge Scheme

**સંશોધનનું ક્ષેત્ર** :- શિક્ષણનું સમાજશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ** :-

- સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમની વિદ્યાર્થીઓ પર થતી સામાજિક અસરો તપાસવી.
- એસ.પી.સી કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓમાં આવતું બિનસાંપ્રદાયિક વર્તન અને નિઃસ્વાર્થ સેવા કરવાની યુવા પેઢીની ભાવનાઓનો અભ્યાસ કરવો.
- યુવાપેઢી સ્વૈછિક રીતે કાયદાનું પાલન કરતા જવાબદાર નાગરિકત્વનું જ્ઞાન, લોકતાંત્રિક વર્તન,નિઃસ્વાર્થ ભાવે સમાજની સેવા કરતાં કરતાં કુદરતી જીવન જીવે એવી રીતે ઘડતર થાય તેની અસર ચકાસવી.

**સંશોધનના પ્રશ્નો** :-

- સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમની ખાસિયત શું હશે?
- સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમ શા માટે?
- વર્તમાન સમયમાં યુવાનોની સમસ્યાઓ શું હશે? સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમ તેમને કઈ રીતે લાભદાયી બનશે?
- સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમનો ઉદ્દેશ્ય શું હશે? તે સાર્થક થયો હશે કે કેમ?
- બનાસકાંઠાની વિવિધ શાળાઓમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમનો વિકાસ કેવો હશે?
- સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમ સંદર્ભે વિદ્યાર્થીઓ શો અભિપ્રાય ધરાવતા હશે?
- સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમની સમાજ જીવન ઉપર સામાજિક, શૈક્ષણિક, આર્થિક તથા આરોગ્ય અંગે શી અસરો થઈ હશે?
- સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમ સાથે સંકળાયેલા અધિકારીઓ આ કાર્યક્રમ સંદર્ભે શું માનતા હશે?

**સંશોધનના ચલ** :-

- **સ્વતંત્ર ચલ** - સ્ટુડન્ટ પોલીસ કેડેટના તાલીમાર્થીઓ
- **પરતંત્રચલ** - સામાજિક ક્ષેત્ર
  - **અંકુશિત ચલ** - ધોરણ- 8 ના વિદ્યાર્થીઓ
    - સામાજિક વાતાવરણ
    - વિદ્યાર્થીઓની તાલીમ

- **આંતરવર્તીય ચલ -**
  - વિદ્યાર્થીઓનો વૈયક્તિક તફાવત
  - કાયદા અને નિયમોનું પાલન
  - સામાજિક દૂષણો વિરુદ્ધ જાગૃતિ

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ** :- બનાસકાંઠા જિલ્લાના જિલ્લા નોડલ અધિકારીના ફરજ હેઠળના પોલીસ સ્ટેશનોની ત્રણ શાળાઓ

**નમૂનો** :- સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ લઈ ગયેલા ધોરણ-11 ના 60 વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સ્વ-રચિત પ્રશ્નાવલિ તેમજ સ્વ-રચિત અભિપ્રાયાવલીની રચના કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**તારણો** :-

- સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમની વિદ્યાર્થીઓ પર થતી સામાજિક અસરો જોવા મળી છે.
- S.P.C. કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓમાં આવતું બિનસાંપ્રદાયિક વર્તન અને નિ:સ્વાર્થ સેવા કરવાની યુવાપેઢીની ભાવનાઓ જોવા મળી છે.
- યુવાપેઢી સ્વૈચ્છિક રીતે કાયદાનું પાલન કરતા જવાબદાર નાગરિકતાનું જ્ઞાન મેળવી લોકતાંત્રિકવર્તન, નિ:સ્વાર્થભાવે સમાજની સેવા કરતા કરતા કુદરતી જીવનજીવે એવી રીતે ઘડતર થાયું તેમ જોવા મળ્યુ છે.
- S.P.C. કાર્યક્રમ દ્વારા સરકારી કચેરી ઓની મુલાકાત, પ્રેક્ટિકલ ટ્રેનિંગ પ્રોજેક્ટ અને કેમ્પ દ્વારા યુવાનોમાં જ્ઞાનનો વધારો જોવા મળ્યો છે.
- S.P.C. કાર્યક્રમમાંની તાલીમમાં પી.ટીની તાલીમ, પરેડ, ક્રોસકન્ટ્રીદોડ, રૂટમાર્ચ, યોગ, અન આર્મ કોમ્બેટ દ્વારા યુવાનોમાં પરિવર્તન જોવા મળ્યુ છે.

**ફલિતાર્થ** :-

સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમની તાલીમ મેળવેલ વિદ્યાર્થીઓમાં સામાજિક અસરો જોવા મળી અને તેમનામાં સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા વધી અને સારા નાગરિક બનવાના ગુણોનો વિકાસ થયો હોય તેવુ લાગે છે. સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓમાં બિનસાંપ્રદાયિક વર્તન અને નિ:સ્વાર્થ સેવા કરવાની ભાવના વિકસી છે. યુવા પેઢી સ્વૈચ્છિક રીતે કાયદાનું પાલન કરતા જવાબદાર નાગરિકતાનું જ્ઞાન, લોકતાંત્રિક વર્તન, નિ:સ્વાર્થ ભાવે સમાજની સેવા કરતા કરતા કુદરતી જીવન જીવે એવું સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમની તાલીમ થકી તેમનામાં પરિવર્તન આવ્યુ છે.

**ઉપસંહાર** :-

સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યે પ્રતિબદ્ધ બનેલા જોવા મળ્યા હતા તેમજ સારા નાગરિક બનવાના ગુણોનો વિકાસ થયેલો જોવા મળે છે અને યુવાપેઢી સ્વૈચ્છિક રીતે કાયદાનું પાલન કરતા જવાબદાર નાગરિકતાનું જ્ઞાન, લોકતાંત્રિક વર્તન, નિ:સ્વાર્થભાવે સમાજની સેવા કરવાની ભાવનાનો વિકાસ થયો છે. આ તાલીમ થકી તેમના જ્ઞાનમાં વધારો થયો છે. પોતાની સામે થતા અન્યાય અને ગેરકાયદેસર કામ પ્રત્યે સજાગ બની તેમનો પ્રતિકાર કરવાની સક્ષમતા તેમનામાં આવેલી જોવા મળે છે. આમ ઉપર મુજબના ગુણોનો વિકાસ કરવામાં સ્ટુડન્ટ પોલીસ કાર્યક્રમ આસરકારક રહ્યો છે તેવું આ પ્રસ્તુત સંશોધન થકી અભ્યાસકને લાગે છે.

**<u>સારાંશ</u>**

સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેક્ટ એ શાળા આધારિત યુવા વિકાસ કાર્યક્રમ છે. જે શાળાના વિદ્યાર્થીઓને કાયદા, નાગરિક ભાવના, સમાજના નબળા વર્ગપ્રત્યેની સહાનુભૂતિ અને સામાજિક અનિષ્ટ સામે પ્રતિકાર કરીને લોકશાહી સમાજના ભાવિ નેતાઓ તરીકે વિકસિત થવાની તાલીમ આપે છે. આ પ્રોજેક્ટ તરુણોને તેમની જન્મજાત ક્ષમતાઓનું અન્વેષણ અને વિકાસ કરવામાં સક્ષમ કરે છે, જ્યાં સામાજિક અસહિષ્ણુતા,પદાર્થના દુરુપયોગ, વિકૃત વર્તન અને ધર્મસ્થાપના વિરોધી હિંસા જેવી નકારાત્મક વૃત્તિઓના વિકાસને પ્રતિકાર કરવાની શક્તિ આપે છે. સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ લીધેલ વિદ્યાર્થીઓના વાલીના અભિપ્રાયો જાણવા માટે સ્વ-રચિત અભિપ્રાવલીની પણ રચના કરવામાં આવી હતી. સ્ટુડન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓ સામાજ પ્રત્યે પ્રતિબદ્ધ બનેલા જોવા મળ્યા હતા તેમજ સારા

નાગરિક બનવાના ગુણોનો વિકાસ થયેલો જોવા મળે છે. અને યુવાપેઢી સ્વૈચ્છિક રીતે કાયદાનું પાલન કરતા જવાબદાર નાગરિકતાનું જ્ઞાન, લોકતાંત્રિકવર્તન, નિ:સ્વાર્થભાવે સમાજની સેવા કરવાની ભાવનાનો વિકાસ થયો છે.
**ચાવી રૂપ શબ્દો** :- જીલ્લા સુરક્ષા સેતુ યોજના, પ્રાથમિક શાળા, સ્ટુડન્ટ પોલીસ કેડેટ

## પ્રકરણ-૭: માધ્યમિક શિક્ષણ

**<u>સંશોધન સારાંશ 1</u>**

**સંશોધકનું નામ** :- મકવાણા ડિમ્પલ એસ.
**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર
**ગાઈડનું નામ** :- **શ્રી**. જે. વી. પટેલ
**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020/22/HNGU/M.Ed
**સંશોધન શીર્ષક**: :-વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોની વાલીઓ પાસેથી અપેક્ષાઓનો અભ્યાસ
A Study of Expectations of Secondary School Teachers from Parents in Relation with Student's Allround Development
**સંશોધન ક્ષેત્ર** :- માધ્યમિક શિક્ષણ
**સંશોધનના હેતુઓ** :-

- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના શારીરિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ.
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના નૈતિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ.
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના સામાજિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ.
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના માનસિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ.
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના શૈક્ષણિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ.

**સંશોધનનાં પ્રશ્નો** :-

- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના શારીરિક વિકાસની અપેક્ષાઓ કેવી હશે?
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના માનસિક વિકાસની અપેક્ષા કેવી હશે?
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના સામાજિક વિકાસની અપેક્ષા કેવી હશે?
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના નૈતિક વિકાસની અપેક્ષા કેવી હશે?
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના શૈક્ષણિક વિકાસની અપેક્ષાઓ કેવી હશે?

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન
**સંશોધનની પદ્ધતિ** :- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.
**વ્યાપવિશ્વ** :- બનાસકાંઠા જિલ્લાની પાલનપુર અને દાંતા તાલુકાની શાળાઓને વ્યાપવિશ્વ તરીકે લીધેલ છે.
**નમૂનો** :- પાલનપુર અને દાંતા તાલુકાની 8 શાળાઓ પૈકી કુલ 51 શિક્ષકો લીધેલ હતા.
**ઉપકરણ** :- સ્વરચિત અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી.
**પૃથક્કરણની રીત** :- કાઈ વર્ગ કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.
**તારણો** :-

- બાળકના સર્વાંગી વિકાસ માટેની તકો મહદઅંશે શાળામાં પ્રાપ્ત થતી હોય છે. શાળાના તંદુરસ્ત વાતાવરણનો આધાર આચાર્ય પર હોય છે. આચાર્ય સાથે વાલીઓ પણ કઈકને કંઈક અપેક્ષાઓ રાખીને ચર્ચા કરી શકે છે.
- બાળકો દેશ અને દુનિયાની પ્રગતિથી માહિતગાર થાય છે.
- વાલીઓ બાળકની અને પોતાની શાળા પ્રત્યેની જવાબદારી નિભાવે છે.

**ફલિતાર્થો** :-

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકે બાળકના સર્વાંગી વિકાસ માટે દરેક કાર્ય વખતે, દરેક પરિસ્થિતિમાં વાલીઓનો સંપર્ક સાધવો પડતો હોય છે. આ દરમિયાન તેઓ પોતાની અપેક્ષાઓ સમજાવી શકે તેમજ વાલીઓને જાગૃત રાખી શકે.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસક્રમની સમય અને શક્તિની વૈયક્તિક મર્યાદાઓને કારણે કેટલીક ક્ષતિઓ રહેવાની સંભાવના રહેલી છે તેમ છતાં અભ્યાસ સુધી શિક્ષણ જગતમાં લગભગ ઉપેક્ષિત એવા અભ્યાસક્રમના પાસા અંગે શિક્ષણ અને સમાજમાં જાગૃતિ લાવવામાં પ્રસ્તુત લઘુશોધ નિબંધ ફળદાયી નીવડે તે માટેના પ્રયત્નો પ્રાયોગિક સંશોધન દ્વારા કરવામાં આવ્યા છે.

**<u>સારાંશ</u>**

આ સંશોધનમાં સંશોધન ક્ષેત્ર તરીકે માધ્યમિક શિક્ષણનો સમાવેશ થાય છે. સંશોધનનો મુખ્ય હેતુ માધ્યમિક શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સંદર્ભે અભ્યાસ કરવામાં આવેલ છે. આ સંશોધનોના અભ્યાસમાં બાળકના સર્વાંગી વિકાસ અર્થે બાળકના સામાજિક માનસિક શારીરિક અને શૈક્ષણિક વિકાસના સંદર્ભમાં અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો. આ સંશોધન પદ્ધતિ વ્યવસાયિક સંશોધન સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ હતો. આ સંશોધનમાં વ્યક્તિત્વ તરીકે બનાસકાંઠા જિલ્લો લેવામાં આવ્યો હતો અને નમૂનો તરીકે પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સંશોધનના ઉપકરણ તરીકે સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કરી કાઈ વર્ગ કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. અહીં સંશોધનનો આશયના કેન્દ્રમાં બાળકનો સર્વાંગી વિકાસ છે. બાળકના સર્વાંગી વિકાસ માટેની તકો મહદંશે શાળામાં પ્રાપ્ત થતી હોય છે. શાળાના તંદુરસ્ત વાતાવરણનો આધાર આચાર્ય પર હોય છે. શિક્ષકો, આચાર્ય અને વાલીઓ પાસેથી કઈકને કંઈક અપેક્ષાઓ રાખીને ચર્ચા કરી શકે છે.

**ચાવીરૂપ શબ્દો** :- સર્વાંગી વિકાસ, માધ્યમિક શાળા, અપેક્ષા

**<u>સંશોધન સારાંશ 2</u>**

**સંશોધકનું નામ** :- પરમાર દેવ ટી.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**ગાઈડનું નામ** :- ડૉ. પી.બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 /HNGU /M.Ed

**સંશોધન શીર્ષક** :- માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ

Study of the Adjustment Problems of the Physically Handicapped Students in the Secondary School

**સંશોધન ક્ષેત્ર** :- માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની વિકલાંગતાના ઉદ્ભવ અંગે અભ્યાસ કરવો.
- પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓના પરિવાર સાથેની અનુકૂલનની સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના મિત્રો સાથે અનુકૂલનની સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની શાળા સાથેની અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની પોતાની જાત સાથેની અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ કરવો.

**સંશોધનનાં પ્રશ્નો** :-

- શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની વિકલાંગતાના ઉદ્ભવ અંગે કેવા પ્રશ્નો હશે?
- શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓના તેમના પરિવાર સાથેની અનુકૂલન સમસ્યાઓ કેવી હશે?
- શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની તેમના મિત્રો સાથેની અનુકૂલન સમસ્યાઓ કેવી હશે?
- શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓ ની શાળા સાથેની અનુકૂલન સમસ્યાઓ કેવી હશે?

- શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની શાળાઓમાં અભ્યાસ કરતાં શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની પોતાની જાત સાથેની અનુકૂલન સમસ્યાઓ કેવી હશે?

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ** :- બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓ

**નમૂનો** :- ધોરણ 12 માં અભ્યાસ કરતાં 50 વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કરાયા હતા.

**ઉપકરણ** :- સ્વરચિત પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- પ્રાપ્ત માહિતીનુસાર વિકલાંગ વિદ્યાર્થીઓની વિકલાંગતાના ઉદ્ભવ અંગેની માહિતી, પરિવાર સાથેની અનુકૂલન સમસ્યાઓ, મિત્રો સાથેના અનુકૂલનની સમસ્યાઓ અને સમસ્યાઓનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**તારણો** :-

- શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની વિકલાંગતા ઉદ્ભવતા 34% જન્મથી જ્યારે 66% જન્મ પછી વિકલાંગ બન્યા છે.
- જન્મ પછી વિકલાંગતા ધરાવતા 1 થી 5 વર્ષની ઉંમર વિશેષ જોવા મળે છે.
- શારીરિક વિકલાંગ બનવાના મુખ્ય કારણોમાં બીમારી અને જનીનની ખામી જવાબદાર છે.
- મોટાભાગના શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની વિકલાંગતા 40 ટકાથી ઓછી જોવા મળે છે.
- શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓને તેમના મિત્રો અભ્યાસમાં મદદરૂપ બને છે તથા સહાનુભૂતિપૂર્ણ પર્યાવરણ રાખવમાં મદદરૂપ થાય છે.

**ફલિતાર્થ** :-

પ્રવર્તમાન સમયમાં માનવી સિદ્ધિ પ્રાપ્તિ કરવા માંગે છે અને તે જોતાં શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓમાં પણ સરળતાથી પરિવાર, મિત્રો, શાળા, સમાજ તથા પોતાની જાત સાથે અનુકૂલન સાધી શકે તે માટે તેમણે મફત શૈક્ષણિક સાધનો પુરા પાડવા જોઈએ.

**ઉપસંહાર**:-

પ્રવર્તમાન સમયમાં માનવી સિદ્ધિ પ્રાપ્તિ કરવા માટે હરણફાળ ભરી રહ્યો છે અને તે જોતાં શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓમાં પણ સરળતાથી પરિવાર, મિત્રો, શાળા, સમાજ તથા પોતાની જાત સાથે અનુકૂલન સાધી શકે તે માટે તેમણે મફત શૈક્ષણિક સાધનો પુરા પાડવા. સંશોધન અને શિક્ષણ થકી ઈમારતમાં એક સમાન હોવાથી શિક્ષણ ક્ષેત્રે થતા અભ્યાસ દ્વારા શારીરિક વિકલાંગ વિધાર્થીઓને શિક્ષણ માટે નવી દિશા મળી શકશે.

**<u>સારાંશ</u>**

પ્રવર્તમાન સમયમાં માનવી સિદ્ધિ પ્રાપ્તિ કરવા માંગે છે અને તે જોતાં શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓમાં પણ સરળતાથી પરિવાર, મિત્રો, શાળા, સમાજ તથા પોતાની જાત સાથે અનુકૂલન સાધી શકે તે માટે તેમણે મફત શૈક્ષણિક સાધનો પુરા પાડવા જોઇયે. પ્રસ્તુત સંશોધન અનુસાર શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની વિકલાંગતા ઉદ્ભવતા 34% જન્મથી જ્યારે 66% જન્મ પછી વિકલાંગ બન્યા છે.જન્મ પછી વિકલાંગતા ધરાવતા 1 થી 5 વર્ષની ઉંમર વિશેષ જોવા મળે છે. શારીરિક વિકલાંગ બનવાના મુખ્ય કારણોમાં બીમારી અને જનીનની ખામી જવાબદાર છે. મોટાભાગના શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓની વિકલાંગતા 40 ટકાથી ઓછી જોવા મળે છે. શારીરિક વિકલાંગ વિદ્યાર્થીને મિત્રો અભ્યાસમાં મદદરૂપ બને છે તથા સહાનુભૂતિપૂર્ણ પર્યાવરણ રાખવમાં મદદરૂપ થાય છે. સંશોધન અને શિક્ષણ થકી ઈમારતમાં એક સમાનતા હોવાથી શિક્ષણ ક્ષેત્રે થતા આ પ્રકારના અભ્યાસ દ્વારા શારીરિક વિકલાંગ વિધાર્થીઓને શિક્ષણ માટે નવી દિશા મળી શકશે.

**ચાવીરૂપ શબ્દો** :- માધ્યમિક શાળા, શારીરિક વિકલાંગ વિદ્યાર્થી, અનુકૂલન

**<u>સંશોધન સારાંશ 3</u>**

**સંશોધકનું નામ** :- શ્રીમાળી રચનાબેન એન.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- **શ્રી**. જે. વી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- Covid-19 ની પરિસ્થિતિ દરમિયાન માધ્યમિક શિક્ષણમાં અધ્યયન-અધ્યાપનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ.

A Study On The Difficulties Encountered In Teaching In Secondary Education During The Situation Of "Covid-19".

**સંશોધન ક્ષેત્ર** :- માધ્યમિક શિક્ષણ અને શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- Covid-19 દરમિયાન વિદ્યાર્થીઓને અધ્યયન કાર્ય કરવામાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
- Covid 19 ની પરિસ્થિતિ દરમિયાન ધોરણ 9ના વિદ્યાર્થીઓને ઓનલાઇન શિક્ષણથી સમજવામાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
- શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે તાદાત્મયતા સાધવામાં થતી અડચણોનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો** :-

- Covid-19 ની પરિસ્થિતિ દરમિયાન શિક્ષણમાં કેવા પ્રકારના પરિવર્તનો આવ્યા હશે?
- Covid-19 ની પરિસ્થિતિ દરમિયાન વિદ્યાર્થીઓને અધ્યયન અધ્યાપનમાં કેવા પ્રકારની મુશ્કેલીઓ નડી હશે?
- Covid-19 ની પરિસ્થિતિમાં ઓનલાઇન શિક્ષણના માધ્યમથી વિદ્યાર્થીઓને યોગ્ય સમજ મળી હશે કે કેમ?

**સંશોધનના ચલ** :-

**ચલની બે કક્ષાઓ** - (1) જાતિ- કુમાર,કન્યા (2) વિસ્તાર- ગ્રામીણ, શહેરી

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં આવેલી માધ્યમિક શાળામાં ધોરણ 9માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ.

**નમૂનો** :- પાલનપુર તાલુકામાં આવેલી એક ગ્રામીણ અને એક શહેરી શાળામાં ધોરણ 9માં અભ્યાસ કરતાં કુલ 200 વિદ્યાર્થીઓ નમુના તરીકે પસંદ કરાયા હતા.

**ઉપકરણ** :- સ્વ-રચિત પ્રશ્નાવલીની રચના કરવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત** :- સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**તારણો** :-

- 51(75.5) વિદ્યાર્થીઓ જુથ કાર્યથી દુર થયા હતા. 49 (25.5%) વિદ્યાર્થીઓ જુથ કાર્યથી દૂર થયા નહોતા.
- 51 (72.86%) કિશોરીઓ અને 176 (52.5%) છોકરાઓ જુથકાર્ય થી દૂર થયા હતા જ્યારે 19 (27.5%) છોકરીઓ 30 23.8 છોકરાઓ જુથકાર્ય થી દૂર થયા ન હતા.
- 135 (67.5) % વિદ્યાર્થીઓને ઓનલાઇન ક્લાસમાં નેટવર્કની સમસ્યા નડતી હતી. 44 (62.86%) છોકરીઓ અને 91(70 %) છોકરાઓને સમસ્યા નડતી ન હતી જ્યારે 26 (37.14%) છોકરીઓ 37 (30%) છોકરાઓ ને નડતી ન હતી.

**ફલિતાર્થ** :-

Covid-19 ની પરિસ્થિતિમાં માધ્યમિક અધ્યયન અધ્યાપનમાં વિદ્યાર્થીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. અધ્યયન કાર્ય કરવામાં મુશ્કેલીઓ નડી હતી, વિદ્યાર્થીઓના વિસ્તાર સંદર્ભે છોકરાઓ કરતાં છોકરીઓને તેમજ શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને મુશ્કેલીઓ નડી હતી, નેટવર્કની સમસ્યા નડી હતી.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત સંશોધન Covid-19 ની પરિસ્થિતિ દરમિયાન માધ્યમિક શિક્ષણમાં અધ્યયન અધ્યાપનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ અંતર્ગત અભ્યાસ હાથ ધરેલ છે, સંશોધનમાં ચલમાં જાતિ કુમાર કન્યા અને વિસ્તાર ગ્રામીણ

શહેરીનો ઉપયોગ કર્યો હતો. પ્રસ્તુત સંશોધનનો પ્રકાર વ્યવહારિક હતો, સંશોધન પદ્ધતિ સર્વેક્ષણ પદ્ધતિ હતી. સંશોધનમાં ઉપકરણ સ્વરચિત પ્રશ્નાવલી છે, સાદી ટકાવારીના આધારિત વિધાનોનું અર્થઘટન કરવામાં આવ્યું હતું, તેના ઉપરથી જાણવા મળે છે કે Covid-19 ની પરિસ્થિતિમાં માધ્યમિક શિક્ષણમાં અધ્યયન અધ્યાપનમાં વિદ્યાર્થીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, અધ્યયન કાર્ય કરવામાં મુશ્કેલીઓ નડી હતી, વિસ્તાર ના સંદર્ભમાં છોકરાઓ કરતા છોકરીઓને શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારમાં સમસ્યા વધુ નડતી હતી. 51(75.5) વિદ્યાર્થીઓ જુથ કાર્યથી દૂર થયા હતા. 25.5% વિદ્યાર્થીઓ જુથ કાર્યથી દૂર થયા નહોતા. 72.86% કિશોરીઓ અને 52.5% છોકરાઓ જુથકાર્ય થી દૂર થયા હતા જ્યારે 27.5% છોકરીઓ અને 23.8% છોકરાઓ જુથકાર્ય થી દૂર થયા ન હતા. 67.5% વિદ્યાર્થીઓને ઓનલાઇન ક્લાસમાં નેટવર્કની સમસ્યા નડતી હતી. 62.86% છોકરીઓ અને 70 % છોકરાઓને સમસ્યા નડતી ન હતી જ્યારે 37.14% છોકરીઓ 30% છોકરાઓ ને નડતી ન હતી.
**ચાવીરૂપ શબ્દો** :- Covid-19, અભ્યાસ, મુશ્કેલી, અધ્યયન, અધ્યાપન

## પ્રકરણ-10: શિક્ષણનું તત્વજ્ઞાન

**<u>સંશોધન સારાંશ 1</u>**
**સંશોધકનું નામ** :- ભાટિયા પારસ પી.
**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ. પાલનપુર
**ગાઈડનું નામ** :- **શ્રી**. જે.વી પટેલ
**વર્ષ/ યુનિવર્સિટી/ ડીગ્રી** :- 2020-22 /HNGU/ M.Ed
**સંશોધન શીર્ષક** :- શૂન્ય પાલનપુરી રચિત ગઝલ સાહિત્યમાં વ્યક્ત થતું શિક્ષણ દર્શન
Education Philosophy Expressed In Ghazal Literature Composed By Shunya Palanpuri
**સંશોધન ક્ષેત્ર** :- શૈક્ષણિક તત્વજ્ઞાન
**સંશોધનના હેતુઓ** :-

- શૂન્ય પાલનપુરી રચિત ગઝલોમાંથી નિષ્પન્ન થતાં આધ્યાત્મિક શિક્ષણ અંગેના વિચારો જાણવા.
- શૂન્ય પાલનપુરી રચિત ગઝલોમાંથી નિષ્પન્ન થતાં જીવન શિક્ષણ અંગેના વિચારોનો અભ્યાસ કરવો.
- શૂન્ય પાલનપુરી રચિત ગઝલોમાંથી નિષ્પન્ન થતાં સૌંદર્ય શિક્ષણ અંગેના વિચારોનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો** :-

- શૂન્ય પાલનપુરી રચિત ગઝલમાં કયા કયા મૂલ્યોનો સમાવેશ થયો હશે?
- શૂન્ય પાલનપુરી રચિત ગઝલોમાંથી નિષ્પન્ન થતું આધ્યાત્મિક શિક્ષણ કેવું હશે?
- શૂન્ય પાલનપુરી રચિત ગઝલોમાંથી નિષ્પન્ન થતું જીવન શિક્ષણ કેવું હશે?
- શૂન્ય પાલનપુરી રચિત ગઝલોમાંથી નિષ્પન્ન થતું સૌંદર્યલક્ષી શિક્ષણ કેવું હશે?

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન
**સંશોધનની પદ્ધતિ** :- ગુણાત્મક સંશોધન પદ્ધતિ પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
**વ્યાપવિશ્વ અને નમૂનો** :- વ્યાપવિશ્વ તરીકે શૂન્ય પાલનપુરીનો ગઝલ સંગ્રહ, જેમાંથી નમૂના તરીકે શૂન્ય પાલનપુરીના પાંચ ગઝલ સંગ્રહો લેવામાં આવ્યા હતા.
**ઉપકરણ** :- કૃતિ પૃથક્કરણ પત્રકની રચના કરવામાં આવી હતી.
**પૃથક્કરણની રીત** :- કૃતિ પૃથક્કરણ પત્રક દ્વારા વિષયવસ્તુ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.
**તારણો** :-

- શૂન્ય પાલનપુરીના મતે શિક્ષણના તમામ સ્તરે માનવતાવાદી અભિગમ કેળવવો જોઈએ.
- આજના આ સંપ્રદાય યુગમાં એકતાની ભાવના માનવ સમુદાયમાં કેળવવી જોઈએ.
- પ્રવર્તમાન સમયમાં આધ્યાત્મિક મૂલ્યો કેળવવા જોઈએ.

**ફલિતાર્થ** :-

શાળા કક્ષાએ બાળકોમાં માનવતાવાદી અભિગમ કેળવાય તેવા પ્રયાસો અધ્યાપકે તથા શાળાઓએ કરવા જોઈએ.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસમાં શૂન્ય પાલનપુરી રચિત ગઝલોમાંથી નિષ્પન્ન થતાં શિક્ષણ દર્શનના વિચારોનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો અને શૂન્ય પાલનપુરીની સમગ્ર ગઝલો કવિતાઓનો ગ્રંથ શૂન્યની સૃષ્ટિને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યો હતો.

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસમાં શૂન્ય પાલનપુરી રચિત ગઝલોમાંથી નિષ્પન્ન થતા શિક્ષણ દર્શનના વિચારોનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. શૂન્ય પાલનપુરીની સમગ્ર ગઝલો, કવિતાઓની ગ્રંથસૃષ્ટિને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યા હતા. જેમાં શૂન્ય સાહેબના પાંચ ગઝલ સંગ્રહને સહેતુક નમૂના પદ્ધતિ દ્વારા પસંદ કર્યો હતા. જેમાં શૂન્ય સાહેબ રચિત ગઝલોમાંથી નિષ્પન્ન થતાં આધ્યાત્મિક શિક્ષણના, શિક્ષણ અને સૌંદર્યલક્ષી શિક્ષણને લગતા મુદ્દાઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. ઉપકરણ તરીકે કૃતિ પૃથક્કરણ પત્રકની રચના કરીને વિષયવસ્તુ વિશ્લેષણ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યૂ હતું. શૂન્ય પાલનપુરીના મતે શિક્ષણના તમામ સ્તરે માનવતાવાદી અભિગમ કેળવવો જોઈએ તેના સંધાર્ભમાં આજના આ સંપ્રદાય યુગમાં એકતાની ભાવના માનવ સમુદાયમાં કેળવવી જોઇએ. પ્રવર્તમાન સમયમાં આધ્યાત્મિક મૂલ્યો કેળવવા જોઈએ અને શાળા કક્ષાએ બાળકોમાં માનવતાવાદી અભિગમ કેળવાય તેવા પ્રયાસો અધ્યાપકે તથા  શાળાઓએ કરવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો** :- ગઝલ, શિક્ષણ દર્શન, આધ્યાત્મિક શિક્ષણ, જીવન શિક્ષણ

**સંશોધન સારાંશ 2**

**સંશોધકનું નામ** :- પટેલ જલ્પાબેન આર.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી. જે. વી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU/ M.Ed

**સંશોધન શીર્ષક** :- ઇશાવાસ્યોપનિષદમાં મૂલ્યમીમાંસા, જ્ઞાનમીમાંસા અને તત્વમીમાંસા

Axiology Epistemology and Metaphysics in Eshavasyopanishad

**સંશોધન ક્ષેત્ર** :- શૈક્ષણિક તત્વજ્ઞાન

**સંશોધનના હેતુઓ** :-

- ઈશાવાસ્યોપનિષદનો મૂલ્ય સંબંધિત અભ્યાસ કરવો.
- ઈશાવાસ્યોપનિષદનો જ્ઞાન સંબંધિત અભ્યાસ કરવો.
- ઈશાવાસ્યોપનિષદનો તત્વ સંબંધિત અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો** :-

- ઈશાવાસ્યોપનિષદમાં સમાવિષ્ટ ધાર્મિક, નૈતિક અને સૌંદર્યાત્મક મૂલ્યો કેવા હશે?
- ઈશાવાસ્યોપનિષદમાં ભક્તિસાધના અને જ્ઞાનસાધનામાંથી પ્રાપ્ત થતું જ્ઞાન કેવું હશે?
- ઈશાવાસ્યોપનિષદમાં ભક્તિમાર્ગમાંથી નિષ્પન્ન થતું તત્વ કેવું હશે?

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- ગુણાત્મક સંશોધન પદ્ધતિ  પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો** :-  ઈશાવાસ્યોપનિષદમાંના કુલ 18 મંત્રોનો તત્વમીમાંસાત્મક અભ્યાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા હતા.

**પૃથક્કરણની રીત** :- ઈશાવાસ્યોપનિષદમાં મૂલ્ય, જ્ઞાન અને તત્વમીમાંસાના આ મંત્રોને વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ દ્વારા તારવવામાં આવ્યા હતા.

**તારણો** :-

- મૂલ્યો આચાર સંહિતાના આધાર સ્તંભો છે. ઈશાવાસ્ય ઉપનિષદની વિષયવસ્તુના મંત્રોમાં ધાર્મિક મૂલ્યો જોવા મળે છે. જેમાં મનુષ્યએ કોઈના ધનની ઈચ્છા ન રાખવી, સર્વત્ર પરમાત્માની પ્રાપ્તિ તથા કર્મમાં આસક્તિ રાખ્યા વિના સતત કર્મ કરતા રહેવું તે જ સાચી જીવન જીવવાની કળા છે.

**ફલિતાર્થ** :-

- શાળામાં વિદ્યાર્થીઓને જીવનના મૂલ્યોની અગત્યતા તથા જ્ઞાનનું મહત્વ સમજાવવું.
- આજના જ્ઞાન વિસ્ફોટના યુગમાં ટકી રહેવા વિદ્યાર્થીઓને વિવિધ જ્ઞાનના સ્ત્રોતોથી માહિતગાર કરવા.

**ઉપસંહાર** :-

બાળકને ભવિષ્યનો મૂલ્યનિષ્ઠ અને જ્ઞાનસભર નાગરિક બનાવી શકાય તેવા અભ્યાસક્રમની જરૂરિયાત આજે વર્તાઈ રહી છે ત્યારે દરેક રાષ્ટ્રએ મુલ્ય, જ્ઞાન અને તત્વની જાણકારી ભાવિ નાગરિક તથા વર્તમાન નાગરિકોમાં આરોપિત થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત સંશોધનમાં મૂલ્યમીમાંસા, જ્ઞાનમીમાંસા અને તત્વમીમાંસાનો મૂલ્ય સંબંધિત, વિજ્ઞાન સંબંધિત અને તત્વ સંબંધિત અભ્યાસ કરી તેમાં સમાવિષ્ટ ધાર્મિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો તથા ભક્તિ સાધના અને જ્ઞાન સાધના કેવા હશે તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. ઈશાવાસ્યોપનિષદમાંથી કુલ 18 મંત્રોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ વિષયવસ્તુના 9 મંત્રોમાં ધાર્મિક મૂલ્ય જોવા મળ્યા હતા. અભ્યાસમાં શાળાના વિદ્યાર્થીઓને જીવનના મૂલ્યોની અગત્યતા, જ્ઞાનનું મહત્વ અને આજના જ્ઞાન વિસ્ફોટના યુગમાં ટકી રહેવા વિદ્યાર્થીએ વિવિધ જ્ઞાનના સ્ત્રોતોથી માહિતગાર કરવા ઉપરાંત ભવિષ્યનો મૂલ્યનિષ્ઠ અને જ્ઞાની નાગરિક બનાવી શકાય તેવા અભ્યાસક્રમની જરૂરિયાત માટે પ્રયત્નો હાથ ધરવા જોઈએ. આમ, વિદ્યાર્થીઓને મૂલ્ય શિક્ષણથી અવગત કરી શકાય તે માટે આ સંશોધન મદદરૂપ થઇ શકશે. મૂલ્યો આચાર સંહિતાના આધાર સ્તંભો છે. ઈશાવાસ્ય ઉપનિષદની વિષયવસ્તુના મંત્રોમાં ધાર્મિક મૂલ્યો જોવા મળે છે. જેમાં મનુષ્યએ કોઈના ધનની ઈચ્છા ન રાખવી, સર્વત્ર પરમાત્માની પ્રાપ્તિ તથા કર્મમાં આસક્તિ રાખ્યા વિના સતત કર્મ કરતા રહેવું તે જ સાચી જીવન જીવવાની કળા છે.

**ચાવીરૂપ શબ્દો** :- ઇશાવાસ્યોપનિષદ, મૂલ્યમીમાંસા, જ્ઞાનમીમાંસા, તત્વમીમાંસા

## પ્રકરણ-11: ઉચ્ચ શિક્ષણ

**<u>સંશોધન સારાંશ 1</u>**

**સંશોધકનું નામ** :- પંચાસરા ઉર્મિલાબેન આર.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- ડો. જે.એલ.બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 /HNGU / M.ED.

**સંશોધન શીર્ષક**:-જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓના સંદર્ભમાં તર્કશક્તિ વિકાસ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા Construction And Effectiveness Of Reasoning Ability Development Program With Reference To Public competative Examination

**સંશોધન ક્ષેત્ર** :- ઉચ્ચ શિક્ષણ, માર્ગદર્શન અને સલાહ દર્શન અને શિક્ષણ-પ્રશિક્ષણ

**સંશોધનના હેતુઓ** :-

- વિદ્યાર્થીઓ માટે તર્કશક્તિ વિકાસ કાર્યક્રમની સંરચના કરવી.
- વિદ્યાર્થીઓની તર્કશક્તિ ચકાસવા પૂર્વ તર્કશક્તિ કસોટીની સંરચના કરવી.
- વિદ્યાર્થીઓની તર્કશક્તિ ચકાસવા ઉત્તર શક્તિ કસોટીની સંરચના કરવી.
- વિદ્યાર્થીઓ માટે તર્કશક્તિ વિકાસ કાર્યક્રમની અસરકારકતાનો તુલનાત્મક અભ્યાસ

**સંશોધન ઉત્કલ્પનાઓ** :-

- નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને પૂર્વ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને ઉત્તર કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- નિયંત્રિત જૂથ વિદ્યાર્થીઓને પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનો કોઈ સાર્થક તફાવત નહીં હોય.

- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**વ્યાપવિશ્વ** :- પાલનપુર તાલુકાની 8 બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ

**નમૂનો**:- ઉમિયા એજ્યુકેશન બી.એડ્. કોલેજ ગણેશપુરાના પ્રથમ વર્ષ બી.એડ્.ના 70 વિધાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**પૃથક્કરણની રીત** :- T-કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યુ હતું.

**તારણો** :-

- નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક તફાવત નથી એટલે કે બંને કસોટીના પ્રાપ્તાંકો લગભગ સમાન છે.
- નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની ઉત્તર કસોટીના પ્રાપ્ત કરીને તુલનામાં પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરેરાસમાં ઘણાં વધારો જોવા મળે છે.
- નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને તર્કશક્તિ વિકાસ કાર્યક્રમમાંથી પસાર કરવામાં ન આવ્યા હોવા છતાં તેમની તર્કશક્તિમાં સામાન્ય વધારો જણાયો.

**ફલિતાર્થ** :-

તર્કશક્તિ વિકાસ કાર્યક્રમનો અમલ કરવાથી વિદ્યાર્થીઓની શક્તિમાં વધારો થાય છે. આથી કહી શકાય કે શિક્ષકોએ વિદ્યાર્થીઓને તર્કશક્તિ વિકાસ માટે શાળાઓમાં વિવિધ પ્રકારની કસોટીનો વારંવાર ઉપયોગ કરી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરવા જોઈએ.

**ઉપસંહાર** :-

પ્રસ્તુત સંશોધનમાં બી.એડ્.ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓના બે સમાન જૂથ નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથ બંનેને પૂર્વ કસોટી આપવામાં આવી ત્યારબાદ પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને થોડા દિવસો માટે તર્કશક્તિ વિકાસ કાર્યક્રમ અમલ કરવામાં આવ્યો. કાર્યક્રમના અમલીકરણ બાદ કાર્યક્રમની અસરકારકતા તપાસવા બંને જૂથને ઉત્તર કસોટી આપવામાં આવી. પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને તર્કશક્તિ વિકાસ કાર્યક્રમમાંથી પસાર કરવામાં આવ્યા તેથી તેમની તર્ક શક્તિમાં ઘણા સુધારો જોવા મળે છે.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત અભ્યાસ બી.એડ્.ના તાલીમાર્થીઓની તર્કશક્તિ સિદ્ધિ તપાસવાનો હતો. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે નમૂના તરીકે પાલનપુર તાલુકાની 8 બી.એડ્. કોલેજમાંથી આકસ્મિક ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા શ્રી ઉમિયા એજ્યુકેશન બી.એડ્. કોલેજની પસંદગી કરી હતી. સંશોધકે ઉપકરણ તરીકે સ્વનિર્મિત પૂર્વ કસોટી, ઉત્તર કસોટીની રચના કરી હતી. સૌ પ્રથમ સંશોધન દ્વારા તાલીમાર્થીઓના ગુણના સરેરાસ પરથી ઉતરતા ક્રમમાં ગોઠવી ચિઠ્ઠી દ્વારા આકસ્મિક પદ્ધતિ દ્વારા નિયંત્રિત જૂથ (35 તાલીમાર્થીઓ), પ્રાયોગિક જૂથ (35 તાલીમાર્થીઓ) એમ બે સમાન જૂથની રચના કરવામાં આવી. આ બંને જૂથના તાલીમાર્થીઓને તર્કશક્તિ તપાસવા તેમને પૂર્વ કસોટી આપવામાં આવી. ત્યારબાદ પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને થોડા દિવસ માટે તથા શક્તિ વિકાસ કાર્યક્રમ અમલ કરવામાં આવ્યો. કાર્યક્રમના અમલીકરણ બાદ કાર્યક્રમની અસરકારકતા જાણવાના હેતુથી બંને જૂથને ઉત્તર કસોટી આપવામાં આવી હતી. નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરેરાશમાં ઘણો વધારો જોવા મળ્યો. નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક તફાવત નથી એટલે કે બંને કસોટીના પ્રાપ્તાંકો લગભગ સમાન છે. નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની ઉત્તર કસોટીના પ્રાપ્ત કરીને તુલનામાં પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરેરાસમાં ઘણાં વધારો જોવા મળે છે. નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને તર્કશક્તિ વિકાસ કાર્યક્રમમાંથી પસાર કરવામાં ન આવ્યા હોવા છતાં તેમની તર્કશક્તિમાં સામાન્ય વધારો જણાયો. આથી કહી શકાય કે તર્કશક્તિ વિકાસ કાર્યક્રમ એ તર્કશક્તિ સિદ્ધિ પર અસર કરનાર પરિબળ છે.

**ચાવીરૂપ શબ્દો**:- તર્કશક્તિ, તર્કશક્તિ વિકાસ કાર્યક્રમ, સ્પર્ધાત્મક પરીક્ષા

**<u>સંશોધન સારાંશ 2</u>**

**સંશોધકનું નામ** :- મોદી દિવ્યા એચ.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી જે. વી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 / HNGU / M.ED.

**સંશોધન શીર્ષક** :- GSET પરીક્ષાના પ્રશ્નપત્ર-1 ના અભ્યાસક્રમમાં શિક્ષણ અભિયોગ્યતા અને સંશોધન અભિયોગ્યતા એકમ આધારિત પ્રશ્નબેંકની રચના અને અજમાયશ.

Construction and Tryout of Question Bank Based on Teaching and Research Aptitude Unit of Syllabus of Question Paper 1 of Gset Exam

**સંશોધનનું ક્ષેત્ર** :- ઉચ્ચ શિક્ષણ અને શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ** :-

- GSET પરીક્ષાના પ્રશ્નપત્ર-1 ના શિક્ષણ અભિયોગ્યતા અને સંશોધન અભિયોગ્યતા એકમ પર બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોની રચના કરવી.
- GSET પરીક્ષાના પ્રશ્નપત્ર-1 ના શિક્ષણ અભિયોગ્યતા અને સંશોધન અભિયોગ્યતા એકમ પર રચવામાં આવેલ પ્રશ્નબેંકની અજમાયશ કરવી.
- રચાયેલ પ્રશ્નબેંકની અજમાયશ કરી કલમ પૃથક્કરણ દ્વારા પ્રશ્નોની યોગ્યતા તપાસવી.

**સંશોધનના પ્રશ્નો** :-

- GSET પરીક્ષાના પ્રશ્નપત્ર-1 ના શિક્ષણ અભિયોગ્યતા અને સંશોધન અભિયોગ્યતા એકમ પર રચાયેલ બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોનું સરળતામૂલ્ય કેવું હશે?
- GSET પરીક્ષાના પ્રશ્નપત્ર-1 ના શિક્ષણ અભિયોગ્યતા અને સંશોધન અભિયોગ્યતા એકમ પર રચાયેલ બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોનું તારવણીમૂલ્ય કેવું હશે?
- રચાયેલા પ્રશ્નો પૈકી કેટલા પ્રશ્નો પ્રશ્નબેંકમાં સમાવેશ કરવા યોગ્ય હશે?

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- વર્ણનાત્મક સંશોધન પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ** :- H.N.G.U Patan સંલગ્ન 21 એમ.એડ્. કોલેજોમાં વર્ષ 2020-22 માં અભ્યાસ કરતા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમુનો** :- H.N.G.U Patan સંલગ્ન 21 એમ.એડ્. કોલેજો પૈકી 7 કોલેજના 200 તાલીમાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** :- સ્વ-રચિત પ્રશ્નસંચયિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પૃથક્કરણની રીત** :- વિગત વિશ્લેષણ પ્રયુક્તિદ્વારા વિષયવસ્તુ પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું.

**તારણો** :-

- અજમાયશ કરેલી કલમનું સરળતા મુલ્ય 0.68 થી 0.22 વચ્ચે મળ્યું જેથી નિર્મિત કરેલ પ્રશ્નબેંકના પ્રશ્નો સર્વથા આગામી GSET પરીક્ષા માટે યોગ્ય છે.
- અજમાયશ કરેલી કલમોનું તારવણી મૂલ્ય 0.50 થી 0.03 ની વચ્ચે મળ્યું જેથી પ્રશ્નબેંકના કઠિનતા મૂલ્યોવાળી કલમો દૂર કરવામાં આવી જેથી યોગ્ય પ્રશ્નબેંક બની શકે.
- અજમાયશ કરેલ 500 કલમો પૈકી સરળતા મૂલ્યના આધારે 481 કલમો યોગ્ય રહી હતી. જેનો પ્રશ્નબેંકમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.
- અજમાયશ કરેલ 500 કલમો પૈકી તારવણી મૂલ્યના આધારે 19 કલમો અયોગ્ય રહી હતી. જેનો પ્રશ્નબેંકમાં સમાવેશ કરવામાં આવેલ નથી.

**ફલિતાર્થ** :-

- GSET પરીક્ષાની તૈયારી કરનાર અભ્યાસકોને પોતાના અભ્યાસકાર્યને વધુ ઊંડાણપૂર્વકના અભ્યાસ માટે આ પ્રશ્નબેંક ઉપયોગી બનશે.
- પ્રશ્નપત્રો તૈયાર કરનાર પ્રાશ્નિકોને યોગ્ય પ્રશ્નો સીધા જ પ્રશ્નપત્રમાં મૂકવામાં ઉપયોગી બનશે.
- એમ.એડના તાલીમાર્થીઓને NET, GSETની તૈયારીમાં ઉપયોગી બનશે

**ઉપસંહાર** :-

પ્રસ્તુત અભ્યાસ GSET ની તૈયારી કરતા અથવા અધ્યાપક બનવા ઇચ્છતા પરીક્ષાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુસર અને આગામી GSET ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે આ પ્રશ્નબેંક ઉપયોગી બની રહેશે અને તેમના માટે આશીર્વાદરૂપ બની રહે તે હેતુસર ગુજરાત શિક્ષણ સેવા વર્ગની GSET પરિક્ષાના એકમ 1 અને 2 માટે પ્રશ્નબેંકની રચના કરવામાં આવેલ છે.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત અભ્યાસ એ સહાયક અધ્યાપક તરીકે કારકિર્દી બનાવવા ઇચ્છુક તાલીમાર્થીઓને GSETની તૈયારી માટે પથદર્શક બની રહેશે. તે હેતુસર સંલગ્ન 21 એમ.એડ કોલેજમાંથી 7 એમ.એડ કોલેજના 200 તાલીમાર્થીઓ પર આ પ્રશ્નબેંકની અજમાયશ કરવામાં આવી હતી. જેમાં GSET પરીક્ષાના પ્રશ્નપત્ર 1 ના શિક્ષણ અભિયોગ્યતા અને સંશોધન અભિયોગ્યતા એકમ પર પ્રશ્નબેંકની રચના અને અજમાયશ કરવામાં આવી. જેમાં રચાયેલા બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોનું સરળતા મૂલ્ય અને તારવણી મૂલ્ય શોધવામાં આવ્યું. તે આધારિત રચાયેલા પ્રશ્નોનો પ્રશ્નબેંકમાં સમાવેશ કરવામાં આવ્યો અને કઠિનતા મૂલ્યોવાળી કલમો રદ કરવામાં આવી.જે NET,GSET ની તૈયારી કરનાર તાલીમાર્થીઓને ઉપયોગી બની રહેશે. નિર્મિત પ્રશ્નબેંકના પ્રશ્નો સર્વથા આગામી GSET ની પરીક્ષા માટે યોગ્ય છે.આ અભ્યાસ પ્રશ્નપત્ર તૈયાર કરનાર પ્રાશ્નિકોને યોગ્ય પ્રશ્નો સીધા જ પ્રશ્નપત્રમાં મૂકવામાં ઉપયોગી રહેશે. આ પ્રશ્નબેંક સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરનાર પરિક્ષાર્થી, શિક્ષકો વગેરે માટે આશીર્વાદરૂપ બની રહેશે.

**ચાવીરૂપ શબ્દો** :- GSET, પ્રશ્નબેંક, રચના, અજમાયશ

## પ્રકરણ-12: શિક્ષણ નીતિ અને વ્યવસ્થાપન ક્ષેત્રોનું સર્વગ્રાહી શિક્ષણ શાસ્ત્ર

**<u>સંશોધન સારાંશ 1</u>**

**સંશોધકનું નામ** :- ચૌધરી મનીષા કે.

**કોલેજનું નામ** :- શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**ગાઈડનું નામ** :- શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** :- 2020-22 /HNGU /એમ.એડ્

**સંશોધન શીર્ષક** :- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નો સમીક્ષાત્મક અભ્યાસ

A Comprehensive Review Of The New National Educational Policy 2020

**સંશોધનનું ક્ષેત્ર** :- શિક્ષણ નીતિ અને વ્યવસ્થાપન

**સંશોધનના હેતુઓ** :-

- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના દસ્તાવેજનો સમીક્ષાત્મક અભ્યાસ કરવો.
- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના માળખાનો અભ્યાસ કરવો.
- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ની ભલામણોનો શિક્ષણના સ્તર મુજબ સમીક્ષાત્મક અભ્યાસ કરવો.
- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ની વિશિષ્ટ રીતે શિક્ષક પ્રશિક્ષણ માટેની ભલામણોનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો** :-

- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નું માળખું કેવું હશે?
- શિક્ષણના સ્તર મુજબની ભલામણો કેવી હશે?
- શિક્ષક પ્રશિક્ષણ માટેની ભલામણો કેવી હશે?
- નવી શિક્ષણ નીતિ દ્વારા નિર્ધારિત મૂલ્યો વિકસાવવા માટે શું કરવું જોઈએ?

**સંશોધનનો પ્રકાર** :- વ્યવહારિક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** :- વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમુનો** :- ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા ગાંધીનગર દ્વારા પ્રકાશિત નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નું ગુજરાતી સંસ્કરણ (દસ્તાવેજ એજ વ્યાપવિશ્વ અને નમુનો છે.)

**ઉપકરણ** :- કૃતિ મુલ્યાંકન પૃથક્કરણ પત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો

**તારણો** :-

- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એ માત્ર વિદ્યાર્થીલક્ષી બાબતો જ નહીં પરંતુ શિક્ષક હિતોને પણ ધ્યાનમાં લે છે. તેમાં શિક્ષકોને આપણા સમાજના સૌથી સન્માનનીય સભ્ય તરીકે પુનઃ સ્થાપિત કરવાના પ્રયત્નો થયા છે. સાથે-સાથે તેમને આજના આધુનિક યુગ અનુસાર પ્રશિક્ષિત તેમજ કટિબદ્ધ કરવા પર પણ વિશેષ ભાર અપાયો છે.

**ફલિતાર્થ** :-

પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળ્યું હતું કે 1986 અને 1992 ની શિક્ષણ નીતિ બાદ એટલે કે અંદાજે 34 વર્ષના લાંબા અંતરાલ પછી અસ્તિત્વમાં આવેલી આ શિક્ષણ નીતિ એ શિક્ષણ જગતમાં ધરમૂળથી ફેરફાર લાવવા પ્રયાસો કરેલ છે. તેમાં માત્ર ને માત્ર વિદ્યાર્થી વિકાસ જ નહીં પરંતુ શિક્ષક સમાજ અને રાષ્ટ્ર વિકાસ પણ સ્પષ્ટપણે નજરે પડે છે.

**ઉપસંહાર** :-

34 વર્ષના લાંબા સમયગાળા દરમ્યાન ટેકનોલોજી ક્ષેત્રે અને આધુનિકીકરણમાં ભારતીય સંસ્કૃતિમાં થયેલા ધરખમ ફેરફારોને પરિણામે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ને અસ્તિત્વમાં લાવવી પડી. જેમાં વિદ્યાર્થી અને શિક્ષક બંને માટે ઓનલાઇન તેમજ ડિજિટલ શિક્ષણ માટેની તાલીમ આપી તેમને ટેકનોલોજી બાબતે આત્મનિર્ભર બનાવવામાં અને ભારતને વિશ્વ ગુરુ બનાવવાના પ્રયાસ રૂપે બાળકના પાયામાં જ વૈશ્વિક સ્તરે શિક્ષણ પૂરું પાડી ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ બનાવવા માટેના પ્રયત્નો આ શિક્ષણ નીતિમાં થયેલા છે.

**<u>સારાંશ</u>**

પ્રસ્તુત અભ્યાસ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નો સમીક્ષાત્મક અભ્યાસ આધરિત છે. પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શિક્ષણ નીતિ અને વ્યવસ્થાપન ક્ષેત્રોનું સર્વગ્રાહી શિક્ષણ શાસ્ત્ર છે. પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના દસ્તાવેજનો સમીક્ષાત્મક અભ્યાસ કરવાનો હતો. પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું સંશોધન હતું. જેના માટે સંશોધન પદ્ધતિ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ હતી. પ્રસ્તુત સંશોધન માટે વ્યાપવિશ્વ અને નમૂના તરીકે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા ગાંધીનગર દ્વારા પ્રકાશિત નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નું ગુજરાતી સંસ્કરણ પુસ્તક હતું. ઉપકરણ તરીકે કૃતિ મુલ્યાંકન પૃથક્કરણ પત્રકની રચના કરવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળ્યું હતું કે 1986 અને 1992 ની શિક્ષણ નીતિ બાદ એટલે કે અંદાજે 34 વર્ષના લાંબા અંતરાલ પછી અસ્તિત્વમાં આવેલી આ શિક્ષણ નીતિ એ શિક્ષણ જગતમાં ધરમૂળથી ફેરફાર લાવવા પ્રયાસો કરેલ છે. તેમાં માત્ર ને માત્ર વિદ્યાર્થી વિકાસ જ નહીં પરંતુ શિક્ષક સમાજ અને રાષ્ટ્ર વિકાસ પણ સ્પષ્ટપણે નજરે પડે છે.

**ચાવીરૂપ શબ્દો** :- શિક્ષણ નીતિ, દસ્તાવેજ, સમીક્ષા

# EDUCATIONAL RESEARCH MONOGRAPH

(2020-22)

Chief Editor:

Dr. Pinakshiben B. Patel (Prof. & Head)

Sub Editors:

Shri. Piyushkumar K. Pancholi (Asst. Prof)

Shri Jayantibhai V. Patel (Asst. Prof)

Dr. Jyotsanaben L. Barad (Asst. Prof)

Smt. Tanushree S. Bhargava (Asst. Prof)

SMT. R.K.D. KHANUSHIYA M.ED. COLLEGE, PALANPUR

AFFILIATED WITH

HEMCHANDRA ACHARYA NORTH GUJARAT

UNIVERSITY, PATAN

MANAGED BY

SHRI BANASKANTHA KADVA PATIDAR SANSKAR

MANDAL, PALANPUR

## સંપાદક મંડળ

## માર્ગદર્શક અધ્યાપકશ્રીઓ



ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ



શ્રી પિયુષકુમાર કે. પંચોલી



શ્રી જયંતિભાઈ વી. પટેલ



ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ



શ્રીમતી તનુશ્રી એસ. ભાર્ગવા

## એમ.એડ્ પ્રશિક્ષણાર્થી



હર્ષવર્ધન કે. રાવલ



આસ્થા એસ. દવે



દિવ્યા એચ.મોદી



શીતલ સી. મેવાડા

**Publisher:**
Shri BKKPSM TRUST, Karnavat School Campus, Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)
**Edition: First (October, 2022), ISBN NO: 978-93-5701-179-2**